પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૩૯ ॥

नमो अरिहंताणं नमो सिद्धाणं नमो आयरियाणं
नमो उवज्झायाणं नमो लोए सव्व साहूणं
एसो पंच नमुक्कारो सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન


પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# ઘાપિટકાઓમાં લલનાચક્ર પ્રબંધ




બત્તીસ દલે લલણાચક્કે, બત્તીસ સુરવઇ સમિદ્ધા ।
હ-રહિઅવંજણાસિદ્ધા, સરસ્સઇ મહ સુહં દેઉ ॥

અર્થ: લલનાચક્ર જેનાં 32 પત્રો છે,
તે 32 ઇંદ્રોથી સમૃદ્ધ અને 'હ' રહિત - 'ક' થી 'સ' પર્યંતના
32 વ્યંજનો તેમ જ તે 'સરસ્વત્યૈ નમઃ' મંત્રથી સિદ્ધ થતી
સરસ્વતી દેવી મને સુખ આપો.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૩૯॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## ☐ VOLUME - 36

October 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# ચિન્મય, આનંદમય નિત્ય, સ્વાધીન અને સર્વાધિક છે આત્મતત્ત્વ



અમારા ગુરૂ મહારાજ કહેતા કેઃ પૂજ્યપાદ્ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય સાહેબજીને ‘અમૃતવેલની સજઝાય’ અત્યંત અત્યંત પ્રિય હતી. તેમાં પણ ‘દેહ-મન-વચન-પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે. અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે...!’ આ પંક્તિના ભાવો આત્માની શુદ્ધ દશાને વ્યક્ત કરે છે, તે તેઓએ ખરે જ હૃદયસ્થ કરેલ. આત્મદ્રવ્ય અંગેના તે ભાવોની સાહેબજીએ નવકાર સાથેની અત્યંત ઉપયોગી અનુપ્રેક્ષા કરીને અદ્ભૂત સંકલના કરી છે, જે ઠેર ઠેર તેઓની ડાયરીમાં જોવા મળે છે, જેમાંથી બે નાના પાના હમણાં જ હાથમાં આવ્યા, જે આજે અગાધ ચિંતન કરાવી જાય છે. અનુભવીએ તે ચિંતનની ધારાનેઃ

‘‘શ્રી નવકાર વડે જાણવાની વસ્તુ આત્મા છે અને જાણનાર પણ આત્મા જ છે, તેથી શ્રી નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે. ચૌદ પૂર્વ પણ આત્માને જણાવે છે તથા શ્રી નવકાર પણ આત્માને જણાવે છે. જે ફળ ચૌદ પૂર્વના અધ્યયન વડે પમાય છે, તે જ ફળ શ્રી નવકારના અધ્યયન વડે પણ પમાય છે. તે ફળનું બીજું નામ ચિત્તવિશુદ્ધિ છે, તેને ભાવવિશુદ્ધિ પણ કહે છે. ભાવવિશુદ્ધિનું મૂળ નિર્મળ સ્નેહપરિણામ છે અને તેનું પણ મૂળ આત્મદ્રવ્યનું અચિન્ત્ય મહાત્મ્ય અને જ્ઞાન છે. આત્મદ્રવ્ય જ એવું મહિમાવંતુ છે કે તેના પ્રત્યે કરેલો સ્નેહ અનંત લાભનું કારણ બને છે, અનંત અવ્યાબાધ સુખનું કારણ પણ આત્મસ્નેહ જ છે. આત્મા જ ઉપાદેય છે, જ્ઞેય છે અને ધ્યેય છે. જાણવાલાયક પણ આત્મા છે અને આદર આપવાલાયક પણ એક આત્મતત્ત્વ જ છે, જે ચિન્મય અને આનંદમય છે, નિત્ય છે, સ્વાધીન છે અને સર્વાધિક છે.

આવા મહામહિમાશાળી આત્મદ્રવ્યને ઓળખાવનાર શ્રી તીર્થંકર પરમાત્મા છે, તેથી તેમના પ્રત્યે ભક્તિ જાગે છે. એ ભક્તિ ક્રિયા તરફ આદર જગાડે છે અને એ આદર પ્રયત્નમાં પરિણામ પામે છે. વળી 'મંગલાણં ચ સવ્વેસિં' તે શુદ્ધ આત્મદ્રવ્ય છે માટે પરમાત્માના શરણાગતને કોઈ અમંગલ નડતું નથી, અમંગલકારી પરિબળો પણ મંગલકારી નીવડે છે. સરવાળે સઘળો મહિમા આત્મદ્રવ્યનો છે.''

આવા અભૂતપૂર્વ આત્મચિંતનોમાં સતત મગ્ન એવા સાહેબજીએ તે ભાવો ટપકાવીને ડાયરીઓના હજારો પાનાઓ જાણે આપણા જેવા અધ્યાત્મપિપાસુ આત્માઓ માટે જ આલેખ્યા. તેનો એક એક અક્ષર સીધા આત્મામાં કોતરાઈ જાય તેવો માર્મિક છે.

હાં... એક સરસ મજાનુ ચિંતન આવ્યું કેઃ પ્રભુની વીતરાગતા, સર્વજ્ઞતા અને દયામય કરૂણતાને જ્યારે આગળ કરીને ધ્યાન-ચિંતન કરવામાં આવે છે, ત્યારે ચિત્તની એકાગ્રતા સાધવામાં ઘણી સહાય મળે છે. વીતરાગતા દ્રવ્યરૂપે, સર્વજ્ઞતા ગુણરૂપે અને કારૂણ્ય પર્યાયરૂપે જેમને પ્રગટ થયેલી છે, તેમનું ધ્યાન ધ્યાતાની અંદર અપ્રગટરૂપે રહેલ ગુણપર્યાયને પ્રગટ કરવામાં આલંબનરૂપ થાય છે. વીતરાગતા યાને શુદ્ધાત્મદ્રવ્ય, સર્વજ્ઞતા યાને શુદ્ધ આત્મગુણ અને કારૂણ્ય યાને શુદ્ધ આત્મપર્યાય.

ધન્ય છે આ આતમને! આવા ચિંતનોની ધારામાં પ્રવાહિત થવાનો આપણા સૌના જીવનમાં આ અપૂર્વ અવસર આપનારા સાહેબજીના ભાવોથી પૂર્ણપણે ભાવિત એવા અમરેલીના **ચીમનભાઈ કે. મહેતા**ની આર્થિક અનર્ગળ ઉદારતા જોઈને સર્વ સાધકોનું શિર ઝૂકી પડે છે. વળી અમારા રાજકોટના શ્રાવકરત્ન શશીકાંતભાઈના સુપુત્રવધૂ નિર્મળ ભાવસંપન્ના સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ના અથાગ સુપ્રયત્નો સાથે તેમના ૩૦ જેટલાં પુણ્યાત્માઓનાં જૂથના કારણે દર મહિને એક મહામૂલો વૉલ્યુમ આપણા સૌના હાથમાં આવી જાય છે. અધ્યાત્મજિજ્ઞાસુ એવા કેટલાયે પુણ્યાત્માઓ માટે તો આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથ દિવસના ચોવીસે કલાક થઈ શકે તેવા સ્વાધ્યાયનો ખજાનો બની ગયો છે, તેનો પરમ આનંદ છે.

ઑક્ટોબર, ૨૦૨૦

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









શુભ્ર કરી શ્વેતામ્બરી, મનઃપર્યવ પ્રકાશ ।
મન શક્તિ સામર્થ્ય સે, સૃજન કરે આકાશ ॥
શુભદા કેવલજ્ઞાન સે, કરે જગત કલ્યાણ ।
સૃજન કરે ગતિ પંચમી, પાએ પદ નિર્વાણ ॥

## આત્મકલ્યાણ અર્થે થોડા પ્રશ્નોત્તર

ધર્મનું સ્વરૂપ શું ? મોહ - ક્ષોભરહિત આત્મપરિણામ.

ધર્મનું સાધન શું ? ધારણા - ધ્યાનનો અભ્યાસ.

ધર્મનું ઉત્કૃષ્ટ સ્વરૂપ શું ? વસ્તુ સ્વભાવ.

ધર્મની પ્રાપ્તિનો ઉપાય શું ? સમ્યગ્જ્ઞાન - ક્રિયા.

સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું ?

વ્યવહારથી આત્મા જુદો છે અને નિશ્ચયથી અભેદ છે, તેમ જાણવું, સમજવું અને અનુભવવું તે.

સમ્યગ્જ્ઞાનને જાણવા - સમજવાનો ઉપાય શું ?

શ્રવણ - મનન, શાસ્ત્ર - ગુરુનું પરિશીલન.

સમ્યગ્જ્ઞાનને અનુભવવાનો ઉપાય શું ?

નિદિધ્યાસન - ધ્યાન - એકાગ્ર ચિન્તન.

(1) ૪૮ મિનીટ સિદ્ધાસને બેસવું.
(2) ૨૦ મિનીટ ૐકારનો જાપ કરવો.
(3) ૫ મિનીટ મનને નિર્વિચાર કરવું.
(4) ૨ મિનીટ પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વને જોવું.
(5) ૨ કલાક રોજ મૌન પાળવું.
(6) હંમેશા માટે ચર્ચા અને વિવાદનો ત્યાગ કરવો.
(7) સર્વદા માધ્યસ્થભાવ કેળવવો.

ધ્યાન એટલે અક્રિયા. ધ્યાન શ્રમપૂર્ણ ચેષ્ટા નહિ, પણ
શાન્ત અને શિથિલ વિશ્રામપૂર્ણ બોધમાત્ર છે.
આત્માનું સ્વરૂપ પ્રકાશ, જ્યોતિ, સૂક્ષ્મ સદેશ છે.
આત્મા બ્રહ્મ છે, બ્રહ્મ આત્મા છે.
तरति शोकमात्मवित् । ब्रह्मविद् ब्रह्मैव भवति ।
Intellection = બુદ્ધિવ્યાપાર અથવા
જ્ઞાન, સમ્યગ્ જ્ઞાન, જાગ્રત વિવેક.
વિચાર, તર્ક કે વિજ્ઞાન પરનું, અન્યનું, બાહ્યનું હોઈ શકે,
પરંતુ 'સ્વ'નું નહિ.
વિચાર માટે બેની જરૂર છે, ધ્યાનમાં બેની જરૂર નહિ.
વિચાર અને ધ્યાન બેની દિશા એક નહિ.
V. Imp. એક બહિર્મુખી છે, એક અંતર્મુખી છે.
બીજાને જાણવાનો માર્ગ વિચાર છે,
પોતાને જાણવાનો માર્ગ ધ્યાન છે.
ધ્યાનમાં 'ક્રિયાનો ધુમાડો' નહિ,
કિન્તુ 'સત્તાની અગ્નિશિખા' છે.
ધર્મ વિશ્વાસ ઉપર નહિ પણ V.V. Imp.
આત્મજ્ઞાન તથા આત્માનુભૂતિ ઉપર આધાર રાખે છે.

°

Not knowledge but awareness!

અજપાજપમાં મન શાંત થવાથી રૂપાતીતમાં જઈ શકાય છે.
રૂપાતીત ધ્યાન મન અને અંતઃકરણ ચતુષ્ટયથી પર છે.
તે મનોન્મની, તુર્યાતીત, મનસાતીતાદિ શબ્દોથી ઓળખાય છે.
રૂપાતીત પછી શુક્લધ્યાનના પહેલાં બે પાયા આવે,
જેમાં ગુણપર્યાય યુક્ત અને ગુણપર્યાય મુક્ત
કેવળ શુદ્ધ આત્માનું ધ્યાન મુખ્ય છે.
માનસજાપ સુધી મનની ક્રિયા છે,
ત્યારબાદ અજપામાં મન શાંત થઈ જાય છે
અને માત્ર સાંભળવાની ક્રિયા રહે છે.
આત્મહિતની ચિંતા તે નિશ્ચય મૈત્રી છે.
આત્માના જ્ઞાનાદિ ગુણોનો પ્રમોદ, આત્માના દ્રવ્ય-ભાવ,
બાહ્ય-આંતર, શારીરિક-માનસિક, દુઃખોની કરુણા અને
આત્માના દુષ્કર્મો અને તેના વિપાક પ્રત્યે ઉપેક્ષા
તે નૈશ્ચયિક પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય છે.
નિશ્ચય એટલે સ્વ અને વ્યવહાર એટલે પર.
સ્વ-પર ઉભય પ્રત્યે તુલ્યતા તે સમત્વ.
સમત્વ તે સામાયિક અને તે જ મોક્ષનો ઉપાય.
મોક્ષનું અનંતર કારણ સમતા તથા
પરંપર કારણ સમતાની સિદ્ધિના ઉપાયો છે.

શ્રી

મનને જાણવું છે, તે નિકટ હોવા છતાં અજ્ઞાત છે.

મનને બદલવું છે, તે હઠી હોવા છતાં
પરિવર્તન માટે પણ તૈયાર છે.

મનને મુક્ત કરવું છે, તે બંધનમાં તો છે,
પરંતુ અહીં જ અને અત્યારે જ મુક્ત થઈ શકે છે.

મનની શૂન્યતા એ પવિત્રતાનો જ પર્યાય છે. સાચી
આસ્તિકતા પરિધિની નહિ પણ કેન્દ્રની શ્રદ્ધામાં છે.

પરિધિની પ્રતિક્રિયાઓથી શૂન્ય થવું અને
કેન્દ્રમાં સ્થિર રહેવું, તે સાધના છે.

તત્ત્વજ્ઞાન માટે શૂન્યતા અને
ચિત્તની નિસ્તરંગ મૌનાવસ્થા અપરિહાર્ય છે.

સમાધાન બુદ્ધિ નહિ પણ શૂન્યથી છે.

જ્યારે ચિત્તમાં કોઈ ધ્વનિ ઉઠતી નથી,
ત્યારે આત્માનો ધ્વનિ સંભળાય છે.

જે શૂન્યમાં કૂદે છે, તે પ્રભુને મેળવે છે.

<u>ચિત્ત ઉપરનો આધાર જે છોડી દે છે,</u>
<u>તે પ્રભુનો આધાર પ્રાપ્ત કરે છે.</u>

<u>નિસ્પંદતા અને શૂન્યતામાં નિવિષ્ટ રહેવું,</u>
<u>તે પ્રભુ સાથે રહેવું છે.</u>

પ્રભુ મંદિરમાં નહિ, પણ મનમાં પ્રાપ્ત કરવાના છે.
જેમને મનરૂપી મંદિર નથી,
તેને બાહ્ય મંદિર નિરૂપયોગી છે.
મનની અંદર જેમણે પ્રભુને પ્રાપ્ત કર્યા નહિ,
તે બહાર કેવી રીતે પ્રાપ્ત કરી શકશે ?
મનમંદિર આકાશમાં નહિ, આત્મામાં છે.
ધર્મ એ વિચાર નહિ, ઉપચાર છે,
બોધ નહિ કિન્તુ ચિકિત્સા છે.
વિચાર અને તર્કથી પ્રકાશને જાણવો અશક્ય છે.
જન્મ એ જીવનનો આરંભ નથી,
મૃત્યુ એ જીવનનો અંત નથી,
જીવન એ જન્મ અને મૃત્યુની વચ્ચે પણ છે
અને બહાર પણ છે.
આવરણ જ્ઞાનથી નષ્ટ થાય છે, ક્રિયાથી નહિ.
મન અને હૃદયને શુદ્ધ કરવાનો ઉપાય ધ્યાન છે.
ધ્યાનનો અર્થ વિશ્રામ યા વિરામ.
માનસિક વિચારોને રોકવા અને એકાંતમાં જવું,
જ્યાં પરમાત્માની ફળપ્રદ નીરવતામાં
આપણો આત્મા લીન થઈ જાય છે.

વિચાર સત્ય નહિ, અનુભૂતિ સત્ય છે.
સંસારથી મિત્રતા તે પ્રભુથી દુશ્મનાવટ છે.
જે કોઈ સંસારનો મિત્ર બનવા ચાહે છે,
તે પ્રભુનો વેરી બને છે.
સંસારથી ભાગવાનું નહિ પણ આત્માથી જાગવાનું છે.
ભાગવામાં ભય છે અને જાગવામાં અભય છે.
ભગવાન કોઈ વ્યક્તિ નહિ પણ શક્તિ છે.
ભગવાન નહિ પણ ભગવત્તા, અર્હં નહિ પણ અર્હંત્વ.
અહંથી વિયોગ તે અર્હંનો સંયોગ છે.
અર્હંત્વ એ શક્તિ છે અને ચૈતન્યનો સર્વવ્યાપી
અનંત, અસીમ, અનિર્વચનીય મહાસાગર છે.
સત્યને માટે આવશ્યક
'સ્મૃતિપ્રશિક્ષણ' નહિ પણ 'સ્વપરિવર્તન' છે.
ધર્મનો અર્થ આત્મબોધ, આત્મલાભ છે.
ધર્મ, ગ્રંથ કે શાસ્ત્ર - સર્વ બહારની વસ્તુ નહિ પણ
'સ્વ', 'સ્વયં', 'આત્મા' પોતે છે.
ચિત્ત શૂન્ય બને, ત્યારે આત્માની પૂર્ણજ્યોતિ પ્રગટે છે.

°

Incantations = મંત્રપાઠ.
Carnal mind is enemy of God.

ॐ

૨૦૨ રત્નકણિકાઓ ॐ Dt. 7-7-69

(૧) આત્મસાક્ષાત્કારની સાધનસંપત્તિ

આત્મ-અનાત્માનો વિવેક અને અનાત્માનો વૈરાગ્ય
આત્માની ભક્તિ કરી શમ-દમાદિ વિકસાવે, અનાત્માની
માન્યતામાંથી ઉભા થએલાં દ્વંદ્વરૂપી બંધનથી મુક્તિ
મેળવવાની ઇચ્છા કરે, બ્રહ્મવિદ્ પાસેથી આત્મજ્ઞાનના
ઉપદેશનું શ્રવણ કરે, એ ઉપદેશનું પોતાની શુદ્ધ બુદ્ધિથી
મનન કરે. એમ નિદિધ્યાસન કરીને અભેદ અનુભવે.
આ છે આત્મસાક્ષાત્કારની ખરી સાધનસંપત્તિ.

(૨) અમૂલ્ય માનવ શરીરનો લાભ મળ્યો છે, તો પછી
આત્મજ્ઞાનનો અલૌકિક લાભ લેવામાં વિલંબ શા માટે?
એમ સમજી પ્રયત્ન કરે કે
આત્મજ્ઞાન એ એક જ પરમધર્મ છે, પરમકર્તવ્ય છે,
પરમ જીવન માર્ગ છે અને પરમ જીવન લક્ષ્ય છે.

(3) તેને નરજાતિનો શબ્દ 'આત્મા' કહો, નારીજાતિનો શબ્દ
'ચિતિ' કહો કે નપુંસક જાતિનો શબ્દ 'ચૈતન્ય' કે 'બ્રહ્મ' કહો,
પણ એ જ એક પરમ ચૈતન્ય સર્વત્ર વિલસી રહ્યું છે.
એજ પોતાની અગાધ, અનિર્વચનીય અને
અલૌકિક શક્તિ-સામર્થ્ય વડે સર્વત્ર પ્રતીત થાય છે.

(૪) જેવું મન તેવો સંસાર, જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ,
જેવી ભાવના તેવું જગત.

કહેવા કરતાં રહેવા અઘરાં છે નક્કી
વાણી કરતાં વર્તન સત્તરગણું મહત્ત્વવાન છે.

(૫) માનવીય જીવન આત્મલક્ષી છે.

વિશ્વસુધારણાનો પ્રશ્ન આવે, ત્યારે પણ વિશ્વસુધારકની આવશ્યકતા ઊભી થાય છે. વિશ્વસુધારક પોતે સુધારણાનો સર્વાંગી વિકાસ સાધી ચૂકેલો છે કે કેમ એનો નિશ્ચય કરવો પડે છે. વ્યાધિથી રીબાતો, પીડાતો, હાલવા-ચાલવાની અશક્તિવાળો, પથારીમાં પડેલો રોગી કોઈ બીજા રોગીની સેવા કરી શકે એ જેમ અશક્ય અને અસંભવિત છે, તેવી રીતે વિકારોથી ભરેલો, પ્રપંચમાં ઓતપ્રોત અને સ્વાર્થમાં રચ્યોપચ્યો રહેનાર કોઈને સુધારી શકે, એમ માનવું એ નરી મૂર્ખતા છે.

આથી જ ધર્મશાસ્ત્રનો ઉપદેશ નિરંતર આત્મલક્ષી છે.
આત્મસુધારણા મુખ્ય છે, લોકસુધારણા ગૌણ છે.
આત્મસુધારણામાં લોકસુધારણાનો સમાવેશ થઈ જાય છે.
પાંડિત્ય અને પરોપદેશ કરતાં સ્વધર્મ અને
સ્વકર્તવ્ય વધારે ઉપયોગી છે.

श्री

(૬) સત્પુરુષોમાં ગુણગ્રાહકપણું કુદરતી રીતે જ રહેલું હોય છે.
કસ્તુરી સ્વાભાવિક રીતે જ સુગંધી હોય છે.
રસ પીવાથી જેમ ભ્રમર તૃપ્ત થાય છે,
તેમ ગુણ ગ્રહણ કરીને ઉત્તમ આત્માઓ સંતુષ્ટ થાય છે.

(૭) અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક આત્માનું જ્ઞાન કરાવનારું જ્ઞાન સવિકલ્પક હોય છે. બાળકને હંમેશા નિર્વિકલ્પક અવસ્થા હોય છે પણ તે અજ્ઞાનની નિવૃત્તિ કરાવવામાં અસમર્થ હોય છે. ચંચળ ચિતિશક્તિ તે મન અને નિશ્ચલ ચિતિ શક્તિ એટલે આત્મા. સદ્‌વિચારરૂપી જળથી દ્વૈતભાવમળ ધોવાય નહીં, ત્યાં સુધી કોઈ બ્રહ્મા, વિષ્ણુ, શંકર કે મૂર્તિમંત વિદ્યાદેવીથી પણ સંસારનાશ શક્ય નથી. નિર્વિકલ્પ અવસ્થામાં મન જ્યારે સ્થિર થાય છે, ત્યારે તે આત્મમાત્ર બની રહે છે, તેનું દ્વૈતપણું રહેતું નથી. અન્યની અપેક્ષા વગર કેવળ સ્વયમેવ જ ભાસે છે
અને એવું જે નથી, તે અસત્ય.

(૮) ઈશ્વરની કૃપા વડે દોષદૃષ્ટિ સિદ્ધ થાય છે. તે કૃપા ભક્તિલભ્ય છે. ભક્તિનું મૂળ સત્સંગ છે. જગતને ઉત્પન્ન કરે તે પરમેશ્વર, પરમેશ્વરમાં મન લગાવું તે ભક્તિ. સંતપુરુષો તે છે કે જેઓ શાંત અને દયાળુ હોય.

મનની બે અવસ્થા છે: પ્રકાશ અને વિમર્શ.
મનની સંકલ્પ - વિકલ્પ રહિતતા તે પ્રકાશાવસ્થા છે.
સંકલ્પો ચાલુ થાય છે, તે વિમર્શાવસ્થા છે.
પ્રકાશ નિર્વિકલ્પ છે, વિમર્શ સવિકલ્પ છે.
વિમર્શના બે પ્રકાર: અભિનવ આભાસ અને સ્મૃતિરૂપ.
નવા - નવા અનુભવ એ અભિનવ આભાસ.
પૂર્વ અનુસંધાન તે સ્મૃતિરૂપ છે.

દોષોની વિષમતા થવામાં ભોજન, ખોરાક, વાહન, દર્શન, સ્પર્શન, દેશ, કાળ અને કર્મ કારણરૂપ બને છે. ભોગમાં રોગભય રહેલો છે. આ દેહમાં રહેલ ત્રણ ધાતુ વાત, પિત્ત, કફ - ત્રણમાં વિષમતા થવાથી વ્યાધિ થાય છે, (૯) શ્રદ્ધા, ભક્તિ અને ધ્યાન વડે ચિત્તનું પરિશોધન ન થાય, ત્યાં સુધી અધ્યાત્મ રહસ્ય સમજવું અઘરું છે. વૈદકશાસ્ત્ર કે વ્યાયામવિદ્યા કેવળ સ્થૂળ શરીરની કેળવણી સાથે સંબંધ રાખે છે, તેવી રીતે કર્મ, ભક્તિ કે જ્ઞાનની વિદ્યા મનુષ્યના સૂક્ષ્મ શરીર સાથે સંબંધ રાખે છે, તેથી તેમાં કેવળ મનોવૃત્તિના શોધન - સાધન તથા ધ્યેય, ધ્યાન અને ધારણાદિ આંતરિક વિધાનો જ મહત્વ છે.
અંતઃકરણની શુદ્ધિ એનું પરમ લક્ષ્ય છે.

(૨૦) સિરિવાલકહા, સવૃત્તિક - ગુરુગુણષટ્ત્રિંશિકા, ગુહસ્થાનક્રમારોહ, વિધિ સમાસ વગેરે ગ્રન્થોના રચયિતા શ્રી રત્નશેખરસૂરિ ૧૫મી સદીના અંતભાગમાં વિદ્યમાન હતા. તેઓ બૃહદ્ગચ્છીય હતા, જ્યારે શ્રાદ્ધવિધિ, આચારપ્રદીપ, લઘુસ્તોત્ર, અર્થદીપિકા આદિના કર્તા તપાગચ્છીય હતા.

તે પણ પંદરમી સદીના અંતભાગમાં થયા છે.

અર્થદીપિકા ટીકા સં. ૧૪૯૬માં લખી છે.

(૨૧) સાવયઘરંમિ વરં હુજ્જ ચેડઓ નાણદંસણસમેઓ।
મિચ્છત્તમોહિઅમઈ મા રાયા ચક્કવટ્ટી વિ ॥

: અર્થ :

શ્રાવકના ઘરમાં જ્ઞાન - દર્શનયુક્ત દાસ થઉં તે સારું, પરન્તુ મિથ્યાત્વથી મોહિત થએલ મતિયુક્ત ચક્રવર્તી રાજા થવું મને ઇષ્ટ નથી... - અર્થદીપિકા, ગા. ૪૭

o

(૨૨) Humility, love and sympathy for all alike.

Highest virtue is humility which denies evil affirms good and is always resigned to the Will of the highest.

(૨૩) શ્રાદ્ધ પ્રતિક્રમણ વૃત્તિના કર્તા શ્રી રત્નશેખરસૂરિજી
જન્મ ૧૪૫૭ મતાંતરે ૧૪૫૨, દીક્ષા ૧૪૬૩,
પંડિતપદ ૧૪૮૩, વાચકપદ ૧૪૯૩, સૂરિપદ ૧૫૦૨,
શ્રાદ્ધ પ્ર - વૃ - ૧૪૯૬, શ્રાદ્ધવિધિવૃત્તિ ૧૫૦૬,
આચારપ્રદીપ ૧૫૧૬, સ્વર્ગવાસ પોષ વદી ૬, ૧૫૧૭,
દીક્ષાગુરુ શ્રી ગુણરત્નસૂરિજી,
પટ્ટપ્રભાવક શ્રી મુનિસુંદરસૂરિના પટ્ટ ઉપર,
શિષ્યગણ સત્યહંસ મુનીશ્વરાદિ.

(૨૪) અયમાત્મા પરાનન્દઃ, પરમપ્રેમાસ્પદં યતઃ । - પંચદશી
અર્થઃ આ આત્મા પરમ આનંદસ્વરૂપ છે,
કેમકે તે પરમ પ્રેમનું સ્થાન છે.

શ્લોકસ્ય સમસ્યા પૂરણાદ્ ક્રીડાર્થં વાદાર્થં ચ ।
અર્થઃ શ્લોકની સમસ્યા બે કારણે પૂરાય છેઃ
(1) રમત માટે (2) વાત માટે.

સંગીતકલા નાદાત્મક છે.

માતૃકાની વિશદ કલ્પના તંત્રશાસ્ત્રોમાં ઘણા વિસ્તૃતરૂપે છે.
આટં એ 'અ' થી માંડી 'ટ' સુધીના લાળનું પ્રત્યક્ષ છે.
જેટલી અનુભૂતિઓ આને લાભ છે, તે સર્વ આટંનું
અધિતિ આત્માનું છે. વર્ણમાલા એ ચિત્રલિપિ છે.

એ દૃષ્ટિએ ચિત્રકલા અને વાઙ્મય ભિન્ન વસ્તુ નથી. કવિતા પણ સંગીતની અંતર્ગત છે. નાદમય સંગીતનો સંબંધ મનથી અને વ્યાયામનો સંબંધ શરીરથી છે. કલા ઉપર ધર્મશાસ્ત્ર તથા તેની ઉપર દર્શનશાસ્ત્ર છે. 'ઋષયો મન્ત્રદ્રષ્ટારઃ।' ઋષિ કવિનો પર્યાય શબ્દ છે.

આત્માને મનોમય, પ્રાણમય, વાઙ્મય માન્યો છે.

અયમાત્મા વાઙ્મયઃ, મનોમયઃ, પ્રાણમયઃ। – બૃહદારણ્યક

પ્રાણ ઉપવિરામ છે, વાણી વિરામ છે અને મન વિશ્રામસ્થ છે. કવિત્વ એ આત્માની અનુભૂતિ છે. મનન શક્તિ અને મનનથી ઉત્પન્ન થયેલ અને ગ્રહણ કરેલી નિર્વચનશક્તિ તે વાક્શક્તિ અને તેના સામંજસ્યને સ્થિર કરવાવાળી સજ્જતા યાને અવિરામ પ્રાણશક્તિ – એ ત્રણે આત્માની મૌલિક ક્રિયાઓ છે.

(૨૫)મન સંકલ્પ-વિકલ્પાત્મક છે. વિકલ્પ વિચારની પરીક્ષા કરે છે, કાવ્ય આત્માની સંકલ્પાત્મક અનુભૂતિ છે. તેનો સંબંધ વિશ્લેષણ, વિકલ્પ યા વિજ્ઞાનથી નથી, કિન્તુ તે એક શ્રેયોમયી પ્રેય રચનાત્મક ભાવધારા છે.

(૨૬)વિશ્લેષણાત્મક તર્કથી અને વિકલ્પના આરોપથી રહિત હોવાના કારણે આત્માની જે મનન ક્રિયા

વાઙ્મયરૂપમાં અભિવ્યક્ત થાય છે, તે નિઃસંદેહ બ્રહ્મમયી અને સત્યના ઉભય લક્ષણ પ્રેમ અને ક્ષેમ ઉભયથી પરિપૂર્ણ હોય છે. સત્ય કે ક્ષેમ ભાન કોઈ વ્યક્તિગત સત્તા હોતી નથી પરન્તુ એક શાશ્વત ચેતનતા છે, ચિન્મયી ભાનધારા છે, જે વ્યક્તિગત સ્થાનીય કેન્દ્રોના નષ્ટ થઈ જવા બાદ જ નિર્વિશેષરૂપથી વિદ્યમાન રહે છે.

શિલ્પશાસ્ત્ર = વાસ્તુ નિર્માણ, મૂર્તિ અને ચિત્રકળા.

(૨૭) પરાવાણી = નાદરૂપા શુદ્ધ અહં પરામર્શમયી શક્તિ.

પશ્યન્તી = વાચ્ય-વાચકની અસ્ફુટ વિભાગવાળી શક્તિ. ચૈતન્યપ્રધાન અને ઈચ્છારૂપવાળી શક્તિ શાસ્ત્રોમાં કહી છે.

મધ્યમામાં વાચ્ય-વાચકનો વિભાગ છે તો પણ બુદ્ધિપ્રધાન દર્શનસ્વરૂપ દ્રષ્ટા અને દૃશ્યના અંતરાલમાં રહે છે.

વૈખરી સ્થાનકરણ અને પ્રયત્નના બળથી સ્પષ્ટ હોઈને વર્ણોની ઉચ્ચારણશૈલીને ગ્રહણ કરવાવાળી દૃશ્યપ્રધાન છે.

ઋક્ = પદ્યાત્મક, યજુર = ગદ્યાત્મક, સામ = સંગીતાત્મક.

રામચંદ્રમાં ભક્તરક્ષણ સમર્થ દયાળુતા છે
અને ન્યાયપૂર્ણ દક્ષતા છે.

અનુભૂતિ વ્યાપક છે, અભિવ્યક્તિ વ્યાપ્ય છે.
આત્માની સંકલ્પાત્મક મૂલ અનુભૂતિ વ્યાપક છે.

(૨૮) નાદ = અવ્યક્ત ધ્વનિ = અનાહત = સુસૂક્ષ્મ ધ્વનિ.
નાદનું અધિષ્ઠાન સુષુમ્ણા છે. મૂલાધારમાં રહેલ
શક્તિ સાથે એ નાદ ત્યાંથી ઉત્થિત થાય છે.
ઉત્થિત થઈને, પ્રબોધ પામીને
બ્રહ્માત્મક ઉર્ધ્વશક્તિ વડે તે નાભિકંદ આદિ
ગ્રન્થિઓને ભેદતો પ્રાંતે બ્રહ્મરન્ધ્રમાં વિશ્રાન્ત થાય છે.
સતત ઉદિત અને કદી અસ્ત ન પામનારૂં
એવું જે સ્ફુરણ, તે જ નાદનું મૂળસ્વરૂપ છે.
કમલદલ ધ્યાને અર્હતિ સંભેદપ્રણિધાનથી ઉપશમ શ્રેણિ,
સ્વરૂપધ્યાન અર્હતિ અભેદપ્રણિધાનથી ક્ષપકશ્રેણિ પામે.
રાગની તીવ્રતાથી ઉપશમ શ્રેણિ અને
વીર્યધારામાં વૃદ્ધિ થવાથી ક્ષપકશ્રેણિમાં ચઢે છે.
હ્રસ્વમાત્રાના ધ્યાનથી વચનસિદ્ધિ,
દીર્ઘમાત્રાના ધ્યાનથી કાર્યસિદ્ધિ અને
પ્લુતમાત્રાથી દારિદ્ર્યનો નાશ થાય છે.
પંચમીતત્ત્વ એટલે બ્રહ્મમય નાદશક્તિનો આવિર્ભાવ.
(૨૯) અર્હંના પાંચ અંશો = અ + ર્ + હ + બિંદુ + નાદ.
નાદ અંશમાં અર્ધચંદ્ર, નિરોધિકા, નાદ, નાદાંત,
શક્તિ, વ્યાપિની, સમના અને ઉન્મના અવાંતર અંશો છે.

બિંદુ, નાદ અને કલા - એ ત્રણ વિભાગોમાં
બિંદુમાં બિંદુ, અર્ધચંદ્ર અને રોધિનીનો સમાવેશ થાય છે.
નાદમાં નાદ અને નાદાંતનો સમાવેશ થાય છે.
કલામાં શક્તિ, વ્યાપિની, સમના, ઉન્મના સમાવિષ્ટ છે.
બિંદુથી સમના પર્યંતનો કાળ અર્ધમાત્રાનો છે,
તેથી તે અવસ્થાને 'અર્ધમાત્ર અવસ્થા' કહેવામાં આવે છે.
ઉન્મનામાં મન, માત્રા, દેશ, કાળ વગેરે કશું જ નથી.
ઉન્મના એ પરમાનંદની ભૂમિ છે.
નાદાન્તના ભેદન પછી દેહાત્મભાવ, દેહાધ્યાસ નાશ પામે,
તેથી જ નાદાનુસંધાનનું અવલંબન મહત્ત્વનું છે.
તે પછી શક્તિસ્થાન આવે છે. અહીં દેહાત્મભાવ
બિલકુલ ન હોવાથી આત્માની શક્તિઓનો અનુભવ થાય છે.
(૨૦) અર્ધચંદ્રનો ઉચ્ચાર કેવળ ધ્વનિરૂપ છે.
તેનો ઉચ્ચારણ કાળ ૧/૪ માત્રા છે.
નિરોધિનીનો ઉચ્ચારણ કાળ ૧/૮ માત્રા છે.
તેનો ઉચ્ચાર લલાટના અંતભાગમાં છે.
તે પછી નાદ ૧/૧૬ માત્રા છે, તેનો ઉચ્ચાર મૂર્ધાંત સુધી છે.
નાદના જ પલ્લવરૂપ નાદાંત છે, તેની માત્રા ૧/32 છે.
મૂર્ધાંત સુધી તેનો ઉચ્ચાર નાદની સાથે જ થઈ જાય છે.

શક્તિનો ઉચ્ચાર ૧/૬૪ છે.
હવે અહીં ધ્વનિરૂપ ઉચ્ચાર નહિ પણ
સ્પર્શમાત્રાનુભવ રૂપ ઉચ્ચાર છે.

નાદાંતમાં લય થયા પછી કેટલાક કંપનો રહે છે.
એ કંપનોનો ફક્ત સ્પર્શાત્મક - આનંદાત્મક અનુભવ થાય છે.
એને 'સુસૂક્ષ્મતમ ધ્વનિ' કહેવાય છે.

વ્યાપિનીનું સ્થાન ત્વક્ દેશ, સમનાનું સ્થાન કેશ દેશ છે.
ઉચ્ચારણ કાળ અનુક્રમે ૧/૧૨૮ અને ૧/૨૫૬ માત્રા છે.
ઉન્મના અને તે પછીની અવસ્થામાં કાળનો સ્પર્શ નહિ.
હૃદયથી શરૂ કરીને ઉન્મના સુધીના સૌ સ્થાનોને ભેદવામાં
સુસૂક્ષ્મ ધ્વનિ સહિત અર્હં અક્ષરમંત્ર 'વજ્રશૂલ' સમાન છે,
તેથી તેને 'મંત્રશૂલ' પણ કહે છે.

વ્યાપિનીને ભેદ્યા પછી સમનામાં મનનો ત્યાગ થાય છે.
તે પછી આત્મા નિર્વિકલ્પ અવસ્થાને પ્રાપ્ત થાય છે.

(૨૧)મંત્રસિદ્ધિમાં આમ્નાય અને વિશ્વાસભાજનત્વ એ બે સહકારી કારણો છે, ત્રીજું મહાન સહકારી કારણ ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પ્રાણોનું ઐક્ય ભાવન છે, તેથી આત્મલાભ થાય છે. આ ઐક્યભાવનાને 'તાત્ત્વિક વિમર્શ' કહેવામાં આવે છે, તેથી મંત્રચૈતન્ય પ્રગટે છે.

મંત્ર મોક્ષદાયક ત્યારે થાય છે કે:
જ્યારે તે દીપ્ત, પ્રબુદ્ધ અને સુનિર્મલ થાય છે.

(1) કલા-બિંદુ વગેરે મંત્રના ઉદ્દીપક કહ્યાં છે,
તેથી મંત્ર 'દીપ્ત' બને છે.

(2) મૂલાધારથી ઊર્ધ્વગતિ કરવું તે 'પ્રબુદ્ધ' કહેવાય છે.

(3) ધ્યાન વડે કર્મમલનો નાશ થવાથી 'નિર્મલ' બને છે.

ઉચ્ચારણ વિધિ મુજબ મંત્રનું આલંબન કરવાથી
મંત્ર દીપ્ત, બુદ્ધ, સુનિર્મલ થાય છે.
મૂલાધારથી દ્વાદશાંત સુધી ઉચ્ચારણ વિધિ છે.

(૨૨) अनादिनिधनं उत्पादविनाशाऽभावात् ।
अक्षरं चाकाराद्यक्षरस्य निमित्तत्वात् ।
अनेन वाचकरूपता ।
अर्थभावेनेत्यनेन तु वाच्यरूपतासूचिता ।
प्रक्रियेति भेदाः । शब्दब्रह्मेति नाम संकीर्त्तनम् ।
- स्याद्वादरत्नाकरे (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

(23) नाशोत्पादासमालीढं ब्रह्मशब्दमयं परं ।
यत् तस्य परिणामोऽयं भावग्रामः प्रतीयते ॥ - शांतरक्षित

અર્થાત્: નાશ તથા ઉત્પત્તિરહિત, પરંબ્રહ્મ શબ્દસ્વરૂપ,
સદા જે તેનો પરિણામ છે, તે ભાવ ઇંદ્રિય (મન) અનુભવે છે.

शब्दाक्षरं परं ब्रह्म तस्मिन्क्षीणे यदक्षरम् ।
तद्विद्वानक्षरं ध्यायेत् यदीच्छेच्छान्तिमात्मनः ॥१॥
द्वे विद्ये वेदितव्ये तु शब्दब्रह्म परं च यत् ।
शब्दब्रह्मणि निष्णातः परंब्रह्माऽधिगच्छति ॥२॥

શબ્દબ્રહ્મ સગુણ છે, પરબ્રહ્મ નિર્ગુણ છે. ઉભયવિધ બ્રહ્મને પ્રતિપાદન કરનારી વિદ્યા બે પ્રકારની છે:

શબ્દબ્રહ્મ ઉપાયભૂત 'આલંબન' છે,
પરબ્રહ્મ ઉપેયભૂત 'ધ્યેય' છે.

ઉપાયભૂત સવિશેષબ્રહ્મમાં નિષ્ણાત મુનિ મંત્રથી વાચ્ય જે બ્રહ્મ, તેના અનુસંધાનથી નિર્વિશેષ બ્રહ્મભાવને પામે છે.

તેના પરિણામે મુનિ પરબ્રહ્મરૂપ થાય છે.

આ રીતે શબ્દબ્રહ્મને માધ્યમથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. અરિહંતો ધ્યાન વડે સર્વજ્ઞતારૂપ અને સર્વજ્ઞતામાં સર્વજ્ઞ હોવાથી તદ્વાચક અર્હં અક્ષર પણ પરબ્રહ્મ છે.

અર્હં એ વિશ્વવ્યાપી અને વિશ્વરૂપ પણ છે.

(૨૪) 'काम और क्रोध न छोडा, रामलखन क्यों छोड दिया?' એક રામાનંદ મહારાજને પણ નિરાદર પસંદ નહિ, તો પછી સર્વશક્તિમાન પ્રભુ આપણો નિરાદર કે અહંકાર કેમ રીતે સહન કરશે? શ્રદ્ધા અને આદરમાં નામનો જ ફેર છે.

ગ્રેજીભાષામાં જે 'આદર' છે, તેને સાધક 'શ્રદ્ધા' કહે છે.
કોઈપણ વસ્તુ તરફ શ્રદ્ધા, નિષ્ઠા કે આદરભાવ ત્યારે
જ કરી શકાય કે જ્યારે તેનું સ્મરણ કાયમ રહ્યા કરે.
સંસારના સામાન્ય કાર્ય પણ નિષ્ઠા વિના નહિ થઈ શકતા,
તો જેનાથી વધારે કોઈ શક્તિમાન, જ્ઞાનવાન, સૌંદર્યવાન
કે ધનવાન બીજું કોઈ નહિ, તેની પ્રાપ્તિ નિષ્ઠા વિના,
શ્રદ્ધા અને આદરભાવ વિના કેવી રીતે થઈ શકે?

જે વૈરાગ્યવાન નહિ, ચારિત્ર્યવાન નહિ,
તેને પ્રકાશસ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકતી નહિ.
સહુ સત્કર્મોનો પ્રાણ છે નામસ્મરણ.

(૨૫) જેમ મનુષ્ય ઉંમરમાં વધે છે,
તેમ જીવનની ઘડીઓ ઘટે છે.
આપણાં જીવનનાં પારણાં મોત તરફ હીંચોળે છે.
આપણો જન્મ તે મૃત્યુનો આરંભ જ છે.

કોઈપણ સમયે મોત માટે તૈયારી ન કરી રાખવી, તે તો
જાણે શહેરને ઘેરી ઘાલ્યો હોય, તે વખતે પહેરો ભરતાં
ઊંઘતાં ઝલાવા બરાબર છે પણ વૃદ્ધાવસ્થામાં મોતને માટે
તૈયારી કરવામાં ગફલત રાખવી, તે તો આપણા જ શહેર
પર દુશ્મનોનો હુમલો થાય, ત્યારે ઊંઘી જવા સમાન છે.

(૨૬) સાધુનું શરણું એ મંગલત્વનું શરણું છે.
સિદ્ધનું શરણું સંતોષ - સમતા - વીતરાગત્વનું શરણું છે.
અરિહંતોનું શરણું તે પ્રમોદત્વનું શરણું છે.
ધર્મનું શરણું તે કરુણાત્વનું શરણું છે.
પ્રમોદત્વનું ફળ આર્હંત્ય છે (પૂજાતિશય).
માધ્યસ્થત્વનું ફળ સિદ્ધત્વ છે (જ્ઞાનાતિશય).
મંગલત્વનું ફળ સાધુત્વ છે અપાયાપગમાતિશય.
કરુણાત્વનું ફળ ધર્મિત્વ છે (વચનાતિશય).
(૨૭) સ્થૂલ શરીરના દોષો વાત - પિત્તાદિ અને
સૂક્ષ્મ શરીરના દોષો કામ - ક્રોધાદિ છે.
કમળાના રોગવાળાને સઘળું પીળું દેખાય છે. દૂરથી મોટી
વસ્તુ નાની અને દુર્બિનથી દૂરની વસ્તુ નજીક દેખાય છે,
વાદળાં દોડવાથી તેમાં રહેલ ચંદ્ર દોડતો દેખાય છે,
ચક્કર મારનારને સ્થિર વસ્તુ અસ્થિર દેખાય છે.
પાણીમાં વૃક્ષો ઊંધા અને રેલ્વેમાં વૃક્ષો દોડતાં દેખાય છે.
રજ્જુમાં સર્પની અને છીપમાં ચાંદીની ભ્રાંતિ થાય છે.
ઉંબાડીયું ગોળ દેખાય છે અને
જળમાં કાચ અને કાચમાં જળ દેખાય છે,
દેહમાં આત્માની અને આત્મામાં જડની ભ્રાંતિ થાય છે.

(૨૮) સર્વસત્તા સહજ ઉપચરિત - આત્મસત્તા નિરૂપચરિત છે.

આત્માથી ભિન્ન ભાવોને પણ વ્યતિરેક વડે
આત્માને જાણવાની જ ક્રિયા છે.

નિજ સ્વરૂપને વિષે દૃષ્ટિ દેવાથી
સમસ્ત સૃષ્ટિ સહેજે પ્રતિબિંબિત થાય છે.

પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ, તે પરમ સત્ય નિર્વિકલ્પ,
નિસ્તરંગ, શુદ્ધ, બુદ્ધ, અચિન્ત્ય અને અગાધ છે.
તેનો પર્યાય શબ્દ 'વીતરાગ' છે.

વીતરાગ એટલે નિસ્તરંગ, નિર્વિકલ્પ, શુદ્ધ, બુદ્ધ,
અતર્ક્ય, અગાધ, અચિન્ત્ય એવું આત્મસ્વરૂપ.
તેના ધ્યાન - ભક્તિ - ઉપાસના વિના મુક્તિ અશક્ય છે.
તે અનુભવગોચર છે.

'અનુભવ' એટલે અપ્રમત્ત ધારાએ અવિસ્મરણ છે,
તેને સ્વરૂપજાગરણ, Self awareness or
consciousness of the Self પણ કહેવાય.

જો મુક્તિની ઇચ્છા હોય તો સંકલ્પ - વિકલ્પ અને
રાગ-દ્વેષને મૂકી અને નિર્વિકલ્પ - નિસ્તરંગ નિજસ્વરૂપ
નિજાત્માને ભજો, સેવો, ઉપાસો, ધ્યાવો, સમરસ પામો,
એકરસ બનો. તે જ લોકમાં મંગળ, ઉત્તમ અને શરણ છે.

(૨૯) આત્માનું સ્થૂળ સ્વરૂપ દેહ છે,
સૂક્ષ્મ સ્વરૂપ પ્રભુ છે, શુદ્ધ સ્વરૂપ આત્મા પોતે છે.
પોતે પોતાનું આલંબન લઈ શકે તે માટે
અરિહંતાદિનું આલંબન લેય, ઈષ્ટ, આદર્શ, ઉપાદેય છે.
શુદ્ધ સ્વરૂપનું આલંબન લેવાનો અભ્યાસ જ અનુક્રમે
ભક્તિ, વૈરાગ્ય તથા જ્ઞાનને પમાડી પરમપદને અપાવે છે.
(૩૦) પ્રભુ, મન અને બુદ્ધિનું અધિષ્ઠાન હૃદય છે.
હૃદયના ભાવો સાથે પ્રભુ, મન, બુદ્ધિના ધર્મો જોડવા એ
મૈત્રી આદિ ભાવનાઓના અભ્યાસથી જ શક્ય બને છે.
એથી મન, પ્રભુ અને બુદ્ધિની એકતા સધાય છે.
મૈત્રીમાં ક્ષમા માગવાની છે, દયા આપવાની છે,
પ્રમોદમાં અનુગ્રહ માંગવાનો છે, કૃતજ્ઞતા આપવાની છે,
કરુણા અને માધ્યસ્થ્યમાં
ભેદભાવ ભાંગવાનો છે, અભેદભાવ સાધવાનો છે.
(૩૧) જગત એ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટીરૂપ છે.
દાર્શનિક દ્રષ્ટિએ એક જ જ્ઞાન
સમવાય સંબંધથી જ્ઞાતામાં,
વિષયતા સંબંધથી જ્ઞેયમાં
તથા તાદાત્મ્ય સંબંધથી જ્ઞાનમાં રહે છે.

જગતના પદાર્થો એ રીતે નાળથી જોડાયેલા હોવાથી
સજાતીય છે, તેથી 'કુલ' કહેવાય છે.
કૌલ મતે જગત નાળાદ્વૈતરૂપ છે.
વળી સૃષ્ટિ બે પ્રકારે છે : નાદરૂપ અને બિંદુરૂપ.
નાદરૂપ સૃષ્ટિ ગુરુ પરંપરાથી પ્રાપ્ત છે,
વંશપરક અર્થ = બિંદુરૂપ સૃષ્ટિ જન્મ પરંપરાથી પ્રાપ્ત છે.
રહસ્યપરક અર્થ = ઉપાસ્ય અને ઉપાસક સજાતીય છે.
બંને સયોનિ હોવાથી એક જ કુલનાં છે.
યોગપરક અર્થ = કુ = પૃથ્વી, લ = લીનતા.
પૃથ્વી તત્ત્વ મૂલાધાર ચક્રમાં લીન રહે છે, એટલે મૂલાધાર
ચક્ર તે કુલ છે. આ મૂલાધાર સાથે સુષુમ્ણા જોડાયેલી છે.
લક્ષણાથી સુષુમ્ણા જ કુલ છે.
કુલ એટલે મૂલાધાર, સુષુમ્ણા અથવા કુંડલિની.
શિવતત્ત્વમાં સચ્ચિદાનંદ ત્રણે અનાવૃત છે.
વિદ્યાતત્ત્વમાં સત અને ચિત બન્ને અનાવૃત છે.
આત્મતત્ત્વમાં માત્ર સત અંશ જ પ્રકટ છે.
શિવતત્ત્વ શિવ - શક્તિરૂપ છે.
વિદ્યાતત્ત્વ સદાશિવ, ઈશ્વર અને શુદ્ધ વિદ્યારૂપ છે.
બાકીના ૩૧ તત્ત્વ તે માયા, અવિદ્યા, કલા, કાલ, નિયતિ

અને રાગ, પ્રકૃતિ, અંતઃકરણ ચતુષ્ટય, પાંચ જ્ઞાનેન્દ્રિય,
પાંચ કર્મેન્દ્રિય, પાંચ તન્માત્રા, પાંચ ભૂત = કુલ 3૬.

(32) જ્ઞાન, ધ્યાન, યોગ, વિદ્યા અને વંશનો અભેદ

જ્ઞાન દ્વારા અભેદ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો,
ચૈતન્ય દ્વારા અભેદ ઉપાસક - ઉપાસ્યનો,
યોગ દ્વારા અભેદ મૂલાધાર અને સહસ્રારનો,
નાદ દ્વારા અભેદ વિદ્યાનો અને
બિંદુ દ્વારા અભેદ વંશનો, એ સાધનાનો સાર છે.

(33) શૈવમાર્ગમાં જીવને પાંચ બંધન છે:

(1) અનાત્મમાં આત્મબુદ્ધિ (2) આત્મામાં અનાત્મબુદ્ધિ
(3) જીવોમાં પરસ્પર ભેદનું જ્ઞાન
(4) ઉપાસ્ય - ઉપાસકમાં ભેદબુદ્ધિ
(5) પરબ્રહ્મ આત્માને જુદો સમજવાની બુદ્ધિ.

અંદરથી શાક્ત, બહારથી શૈવ અને
લોકમાં વૈષ્ણવ બનીને રહેવું એ તેનો આચાર છે અને
'આત્મજ્ઞાનથી જ મોક્ષ છે' એમ માનવું તે તેનો સિદ્ધાંત છે.

शरीर - संकुचितः शिवो जीवो निष्कंचुको शिवः ।
શરીરમાં સંકોચ પામેલો પરમાત્મા છે, તે જીવ છે
અને સંકોચ વિનાના પરમાત્મા છે, તે શિવ છે.

(૩૪) આપણે પાપી થઈએ, તે પ્રમાણમાં દુ:ખ આવેલું છે.
આપણે ધર્મી થઈએ, તે પ્રમાણમાં સુખ આવેલ છે.
રાજસવૃત્તિમાં ચાંચલ્ય - તામસવૃત્તિમાં માલિન્ય રહેલું છે,
તેથી એમાં આત્માનું સ્પષ્ટ પ્રતિબિંબ પડતું નથી.
સાત્ત્વિક વૃત્તિમાં મન નિર્મળ અને નિશ્ચલ થાય છે, ત્યાં રાગ-દ્વેષ હોતાં નથી તેથી આનંદનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. બધા વિષયોમાં સૌથી વધુ પ્રિય વિષય આત્મા છે, કેમકે તે આનંદનો પીંડ છે. ધન કરતાં પુત્ર, પુત્ર, કરતાં દેહ, દેહ કરતાં પ્રાણ અને પ્રાણ કરતાં પણ વધુ પ્રિય હોય તો તે આત્મા છે. બુદ્ધિ રક્ષણ કરવું તેના કરતાં બુદ્ધિનું રક્ષણ કરવું તે વધુ જરૂરી છે. નામ સ્મરણ એ બુદ્ધિનું રક્ષણ કરનાર એક અમોઘ કવચ છે.

(૩૫) નવતત્ત્વ નવપદ - નવકારને તાત્ત્વિક રીતે સમજો.
દેવ, ગુરુ અને ધર્મ એ નવતત્ત્વનો જ સંક્ષેપ છે.
અંતિમ સંક્ષેપ આત્મા અથવા સામાયિક છે.
આત્મા એ સામાયિક અને સામાયિક એ આત્મા.
શુક્લધ્યાનનો પ્રથમ પાયો એટલે
એક જ દ્રવ્યમાં અનેક પર્યાયનો વિચાર.
બીજો પાયો = અનેક પર્યાયોમાં એક જ ભાવ, તેનો વિચાર.

ॐ

(35) પાંચે પરમેષ્ઠિઓમાં આર્હંત્ય વ્યાપ્ત છે.
આર્હંત્ય એટલે અરિહંતોની શક્તિ. તે શક્તિ સામ્યરૂપ છે.
તે જ અરિહંતોનું ઐશ્વર્ય - આર્હન્ત્ય છે. અરિહંતોની
આશા આસ્રવોના ત્યાગની અને સંવરોના સેવનની છે.
હિંસાદિ અને ક્રોધાદિ આસ્રવો છે,
અહિંસાદિ અને ક્ષમાદિ સંવર છે, તેથી અરિહંતોની
આશા ભેદભાવનો નાશ કરી અભેદભાવ પ્રકટાવવાની છે.
એ જ સાચો સામ્યભાવ છે અને એજ આર્હંત્ય છે.
એ સામ્યભાવ જગત ભરમાં ઉપર પ્રભુત્વ ધરાવે છે,
લોકોત્તમનું નિવાસસ્થાન છે, અરિહંતોનું પ્રતિષ્ઠાન છે.
વ્યવસ્થિત લોકસ્થિતિ ઉપર સામ્યભાવનું સ્વામિત્વ છે.
આર્હંત્ય વિશ્વવત્સલ છે.
એ જ આર્હંત્ય સાધુમાં સહાયરૂપે પ્રગટ થાય છે.
ઉપાધ્યાયમાં વાચનાદાનરૂપે, આચાર્યમાં આચારપ્રદાનરૂપે,
સિદ્ધોમાં ફૂલરૂપે અને અરિહંતોમાં મૂળરૂપે રહેલું છે.
(36) મન એ જ્ઞાનગુણનું અધિષ્ઠાન છે,
વચન એ દર્શનગુણનું અને
કાયા એ ચારિત્રગુણનું અધિષ્ઠાન છે.
મન - વચન - કાયાની એકતા તે રત્નત્રયીની એકતા છે.

(૩૮) પોતાનો વાંસો આપણે વાંક કરી દેખાય નહિ.
તે દેખવા માટે દર્પણ જોઈએ: એક કાચનું – બીજું આપણું.
(૩૯) અકાર વિષ્ણુસ્વરૂપ સર્વવ્યાપી છે, તેને હકાર વડે
માયાધીન બની સર્વવ્યાપકતાને ઢાંકી નાંખે છે, તે 'અહં' છે.
માયાને ઢાંકીને જે સર્વવ્યાપક બને છે, તે 'અર્હં' છે.

અ + હ + મ = અ + ર + હ + મ

માનવની સત્તાનું મૂળ 'અહમ્' છે, ર રેફ અગ્નિબીજ છે.
અગ્નિબીજનો લાક્ષણિક અર્થ તે જ્ઞાનાગ્નિ છે કે જે 'અ'
તથા 'હમ્'ની મધ્યમાં આવીને 'અહમ્'ને 'અર્હં' બનાવી દે છે.
આ ભૌતિક જગતના ભિન્ન પણ આધ્યાત્મિક જગતના
શત્રુસમૂહ – ષડ્રિપુને અગ્નિબીજ વડે બાળીને 'અહં'
દૂરાવર કરી 'અહં' અભિધાનને ધારણ કરી શકતો નથી.
મન જ્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્યથી મુક્ત
બને છે, ત્યારે બહિર્વિષયથી 'ન + મન' નમન બની
જાય છે, મન મટીને બાળું કાંઈ બની જાય છે. 'નમન'
શબ્દ એ જ કારણે ઝુકવું, નમવું આદિનો પર્યાય બની
જાય છે. આ નમનની અસર 'અહં' તત્વના મહારાજ્યની
સત્તા, સૂક્ષ્મ ઉદ્દેશ્ય અંધકારની જેમ વિલીન થઈ જાય છે.
જ્યારે એ ગુરુતત્ત્વ (ગુ = અંધકાર, રૂ = છેદવું)ની અસર

મનસ્તત્ત્વ ગમન કરે છે, ત્યારે અસ્તાનાંધકારરૂપી
અરિનું હનન થઈ જાય છે અને માનવાય
અહંતત્ત્વ ઈશ્વર અહં (અર્હં)માં પરિણત થઈ જાય છે.
શ્રુતજ્ઞાનાદિ કેવળજ્ઞાન સુધાની પ્રાપ્તિ કરવાવાળો 'અહં'
કૈવલ્ય અવસ્થામાં 'અર્હં' બની જાય છે.
'અ' કારરૂપ વાસુદેવ, 'ર' કારરૂપ શૂન્ય અને
'હ' કારરૂપી માયાદિ મોહિત થઈને 'અહં' તત્ત્વમાં પરિણત
થયેલો હતો તે કૈવલ્યની ઉપલબ્ધિ કરીને 'અર્હં' પામે છે,
તે જ સચ્ચિદાનંદ પરબ્રહ્મ અને પરશિવ છે.
'અર્હતે યોગિનાથાય' કહીને કલિકાલસર્વજ્ઞે જે ભગવાન
મહાવીરની સ્તુતિ કરી છે, તે આ જ અર્થને સૂચવે છે.
જે 'અહં' ચિત્તની વૃત્તિઓ રૂપ શત્રુને હણી નાંખે છે,
તે 'અર્હં' પદ વાચ્ય બને છે.- Kallaji, Jodhpur
(૪૦)આત્મજ્ઞાન થવાની સાથે એક બાજુ જેમ ઉપર
મગજનો પ્રભાવ ઘટવાનો આરંભ થાય અને બીજી બાજુ
મગજ ઉપર આત્માનું દબાણ થવું શરૂ થાય છે,
એનું જ નામ આત્માનો આધ્યાત્મિક વિકાસ ગણાય છે.

o

M.Tarachand: ભૌતિક સુખો છૂપાં દુઃખોથી ભર્યાં છે.
your joy is your sorrow unmasked.

(૪૧)વિંશતિ સ્થાનકોનાં નામના ૨૦ પદોમાં પાંચ પરમેષ્ઠિ, નવપદો અને જૈનશાસનની સર્વ આરાધના સંગૃહિત છે.

સર્વ તીર્થંકરો વીસે વીસ અથવા
તેમાંથી એક, બે, ત્રણ, ચાર આદિ પદોનું
આરાધન કરીને તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે.

(૪૨) સિદ્ધચક્ર = સિદ્ધ થયેલા માતૃકાનો સમુદાય.

ૐ નમ: સિદ્ધં = સિદ્ધ થયેલ માતૃકાને હું નમું છું.

આત્મભાવમાં પરિણમવું તે
દ્વાદશાંગનો અર્થ છે અને તે જ નમસ્કારનો પણ અર્થ છે. અહીં અર્થ એટલે પ્રયોજન. સમગ્ર દ્વાદશાંગનું પ્રયોજન
જીવને શિવભાવમાં પરિણમાવવો તે છે.

(૪૩) સર્વત્ર દેખાતી ચેતનસત્તા એક જ આત્માની છે,
તેથી સત્તાથી, ગુણથી, જાતિથી આત્મા એક જ છે.

પરમાર્થ આત્મા શાસ્ત્ર કે મૂર્તિમાં નહિ પણ સત્પુરુષમાં રહેલો છે. સત્પુરુષો પંચ પરમેષ્ઠિ સ્વરૂપ છે, તેથી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું સ્મરણ એ શુદ્ધ આત્માનું સ્મરણ કરાવી મોહક્ષય અને કર્મક્ષયમાં અસાધારણ નિમિત્ત બને છે. સન્મંત્ર વડે સત્સંગ-સત્પુરુષોનો સંગ-શુદ્ધાત્માઓનો સંગ અને તે દ્વારા પોતાના શુદ્ધ આત્માનો સંગ કરાવનાર હોવાથી પરમોપકારી - મહોપકારી છે.

(૪૪) 'તત્ત્વાર્થ સર્વાર્થસિદ્ધિ'ની ટીકા રચનારા
પૂજ્યપાદ સ્વામીએ સમાધિ શતક, સિદ્ધભક્તિ, ઇષ્ટોપદેશ
વગેરે અધ્યાત્મના ગ્રંથો લખ્યા છે.
દેવો તેમને પૂજતા, માટે પૂજ્યપાદની પદવીને પામ્યા હતા.

શરીર અને વસ્ત્રને જેવો સંબંધ છે,
તેવો જ આત્મા અને શરીરને છે.
જેમ વસ્ત્ર જાડું, પાતળું, ફાટેલું - તૂટેલું,
રાતું કે કાળું હોવાથી શરીર તેવું બનતું નથી,
તેમ શરીર પણ જાડું-પાતળું, ઉંચું-ઠીંગણું, રાતું કે કાળું,
ધોળું કે પીળું હોવાથી આત્મા તેવો બનતો નથી.
દેહ તો માટી કે કચરારૂપ છે,
આત્મા તેથી જુદો શુદ્ધ જ્ઞાન-ચૈતન્યમય છે.
શરીર અનિત્ય છે, આત્મા નિત્ય છે.
શરીર પર છે, આત્મા સ્વ છે.
શરીર ઐન્દ્રિયક છે, આત્મા અતીન્દ્રિય છે.

o

The Lord is in holy temple
(your mind and body).
Let all the earth (outward distraction)
Keep silence before him. - Silent Unity

(૪૫) આસક્તિ નહિ કરવાલાયક વસ્તુમાં આસક્તિને કરવાથી રાગદોષ થાય છે. દ્વેષ ન કરવાલાયક વસ્તુમાં દ્વેષ - માત્સર્ય કરવાથી દ્વેષદોષ થાય છે. સમ્યક્ત્વાદિ ગુણોને જાણનાર ઉપયોગ તે મતિની અજાણપણું છે.

હેયોપાદેય પદાર્થોના

જ્ઞાનનો પ્રતિબંધ અથવા ઊંધાપણું થવાથી મોહદોષ થાય છે. જેમ વાતાદિ દોષોથી રસાદિ ધાતુઓમાં વૈષમ્ય ઉત્પન્ન થતાં જીવો યથાસ્થિત સુખ અનુભવ કરી શકતા નથી, તેમ રાગ આદિ દોષોની ઉત્પત્તિમાં સમ્યગ્દર્શનાદિ

આત્માના ગુણરૂપી ધાતુઓમાં વૈષમ્ય થવાથી

જીવોને પારમાર્થિક સુખનો અનુભવ થતો નથી.

(૪૬) રાગાદિ દોષો નાશ પામતાં ભાવ સન્નિપાતથી થયેલું દુઃખ રહેતું નથી, કારણ કે નિમિત્તનો નાશ થયો છે. ફરી ઉત્પન્ન ન થાય એ રીતે રાગાદિ ભાવરોગોનો નાશ થતાં કેવલજ્ઞાનાદિ રૂપ ઐશ્વર્યની પ્રાપ્તિ થવાથી પરમ સુખનો લાભ થાય છે, જે કેવલજ્ઞાનાદિ પરમૈશ્વર્ય રૂપ છે.

મોક્ષમાં ભાવ સંનિપાતરૂપ રોગનો ક્ષય થવાથી

ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય છે.

રાગ-દ્વેષ અને મોહ - ત્રણ દોષો એ ભાવસંનિપાત છે,

કેમકે તે આસક્તિ આદિ દ્વારા આત્માને દૂષિત કરે છે.
(૪૭) આર્હંત્ય સામ્યસ્વરૂપ - સામ્ય આત્મૌપમ્યરૂપ છે.
આત્મૌપમ્ય ન્યાયબુદ્ધિરૂપ - ન્યાયબુદ્ધિ વિવેકસ્વરૂપ છે.
એ વિવેક સદ્વિચારનું ફળ છે.
સદ્વિચાર સત્સંગ - સત્શાસ્ત્રના પરિશીલનથી પ્રાપ્ત થાય.
૦ પરિચય પાતિક ઘાતિક સાધુશું, અકુશલ અપચય ચેત;
ગ્રન્થ અધ્યાતમ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત.
સંભવદેવ તે ધુર સેવો સવે. - આનંદઘનજી

°

(૪૮) Different opinions on account of everyone's character, education, hereditary, environment karma.
5 roots of evil are regret, hatred, fondness, love and being loved.
purification insted of restraint.
o There is no religion that has no prayer. Prayer is the beginning of religious life as well as the end. Praying figure shows communion of God and also the human soul.

(૪૯) 'છ જ કાય છે' અથવા 'છ કાય જ છે'
એવી શ્રદ્ધા કરતો ભાવ સમ્યગ્દૃષ્ટિ નહિ.

જિનવચન રુચિ રોચકી

છ કાયની શ્રદ્ધાવાળો દ્રવ્ય સમ્યગ્દૃષ્ટિ સંભવે છે.
જેમ ભાવસમ્યગ્દૃષ્ટિ છ જીવનિકાય માને છે, તેમ
પર્યાયની ગૌણતાએ અને દ્રવ્યની મુખ્યતાએ
ચૈતન્ય સ્વરૂપે એકતા પણ માને છે.

આમ અનેકાન્તની શ્રદ્ધાવાળો જીવ ભાવસમ્યગ્દૃષ્ટિ છે. જો જીવને કેવલ પર્યાયરૂપે અનિત્ય માનવામાં આવે, તો અપ્રમત્તમુનિને જીવઘાત થવાથી હિંસાનો દોષ લાગે. 'પર્યાય નાશ પામવા છતાં દ્રવ્યથી નાશ નહિ' એમ માનનારને જ અપ્રમત્તદશામાં હિંસાદિ અધર્મ ન થાય. તેવી રીતે નિકાયનો અર્થ સમૂહ અથવા તો અનેકત્વ કરવા છતાં પણ પુદ્ગલદ્રવ્યરૂપે એકત્વ રહેલું છે. જીવ-પુદ્ગલની ક્ષીર-નીર ન્યાયે એકતા થવા છતાં પ્રત્યેકની પ્રધાનતા રહેલી છે, અન્યથા જીવમાં અજીવત્વ અને અજીવમાં જીવત્વ બુદ્ધિ થવાનો સંભવ રહે છે.

મન, વચન અને કાયાની એકતા થવી,
તે જ સાચી રત્નત્રયીની એકતા છે.

(૫૦) અવાજમાં આપણે અર્થ ઉમેરીએ છીએ,
ત્યારે શબ્દ એ વાણી બને છે.
સંગીતની પરિભાષામાં અવાજ ત્રણ પ્રકારના છે:
નાભિનો અવાજ તે મંદ, છાતીનો તે મધ્ય
અને મસ્તિષ્કનો તે તાર.
સામાન્ય રીતે આપણે મંદ, મધ્ય કે તાર સ્વરના
અવાજથી બોલીએ અગર ગાઈએ છીએ.
સંગીતને 'સાધના' કહેવાનું કારણ એ છે કે
સ્વર - અવાજના વિવેકપૂર્ણ નિયમનથી
જીવાત્માની સાથે અંતરની એકતા સાધી શકાય છે.
અવાજ ગળામાંથી નીકળે છે, પરંતુ
તેમાં પ્રમાણસર લય ભળે છે, ત્યારે માતાનું હાલરડું
જેમ પારણાના બાળકને નિદ્રામાં પોઢાડે છે, તેમ આપણા
જીવનમાં પણ સંગીતથી અપાર શાંતિ મેળવી શકાય છે.
વળી, અવાજને મર્યાદિત રાખવાથી મૌનની
અંતરશક્તિ કેળવાય છે, જેમાંથી પણ શાંતિ મળે છે.
જીવનમાં અવાજ આવશ્યક છે,
છતાં છેવટે શાંતિ રાખવાનો, શાંતિ રાખતા શીખવાનો જ
ઈશારો દુનિયાભરના બધા જ ધર્મગ્રંથોમાં મળે છે.

શ્લોકો, ઋચાઓ, આયાતો વગેરેને અંતે
શાંતિઃ, આમીન વગેરે કહે છે, તેમ આપણે અર્થપૂર્ણ
અવગાહીને જે શાંતિ મેળવવાની કળા હસ્તગત કરીને
ભાવિ પ્રજાને તેનો વારસો પહોંચાડી શકીશું.

– પુરાતન બુચ, મુંબઈ

(૫૧) નામનિક્ષેપે આત્મા અનાહત સ્વરૂપ છે,
સ્થાપનાનિક્ષેપે આત્મા અનન્ત સ્વરૂપ છે,
દ્રવ્યનિક્ષેપે આત્મા વર્તમાનમાં દલરૂપ છે અને
ભાવનિક્ષેપે આત્મા ઉપયોગ સ્વરૂપ છે.
જિનેશ્વરો તીર્થંકર નામકર્મ નિકાચીને
સ્વર્ગમાં અસંખ્યાતા દ્રવ્યરૂપે છે અને મોક્ષમાં
અનંતા ભૂતકાળે ભાવજિનેશ્વર પદ ભોગવીને ગયેલા છે.

કહ્યું છે કે:

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન,
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિનભાણ. ...(૧)
જેહ ધ્યાન અરિહંત કો, સોહિ જ આતમધ્યાન,
ફેર કછુ ઈણ મેં નહીં, સોહિ જ પરમનિધાન. ...(૨)
અરિહંત - અરિહંત સૌ કહે, દિલસેં કહે ન કોઈ,
એક વાર દિલ સેં કહે, આવાગમન ન હોઈ. ...(3)

(૫૨) ચારે નિક્ષેપે અરિહંત વિશ્વનું કલ્યાણ કરી રહ્યા છે.
દ્રવ્ય - ગુણ - પર્યાયથી શુદ્ધ આત્મસ્વરૂપનું દાન કરી
રહ્યા છે, તેમના એ ઉપકારને જેઓ ગ્રહણ કરી શકે છે
અર્થાત્ જેઓ કૃતજ્ઞ બની શકે છે,
તેઓને આજે જ તેઓ સ્વસ્વરૂપ બનાવી શકે છે.

(૫૩) આત્માના સર્વ ભાવોમાં શ્રેષ્ઠ નમસ્કારભાવ છે.
બાકી બધા શુભભાવો નમસ્કારભાવ જગાડવા માટે છે.
કેવળજ્ઞાન અને મોક્ષનું અનંતર કારણ નમસ્કારભાવ છે,
પરંપર કારણ અન્ય ભાવો છે.
છદ્મસ્થપણામાં આત્માની શુદ્ધિ વધુ કિંમતી પુંજી હોય, તો
તે નમસ્કારભાવ છે, તેના રક્ષા શુદ્ધિ વધુ કરવી જોઈએ.
નમઃ મંત્ર શાંતિકર, તુષ્ટિકર, પુષ્ટિકર, શુદ્ધિકર અને સર્વ
પ્રકારના કર્મ તથા ક્લેશથી જીવને છોડાવનાર મુક્તિકર છે.
મુક્તિનું, શુદ્ધિનું, પુષ્ટિનું, તુષ્ટિનું અને શાંતિનું
પરમ બીજ તે નમસ્કારભાવ છે.

(૫૪) ભક્તિ વિના નર પશુસમાન છે.
ભક્તિ જ માનવદેહના કલ્યાણનું ભાથું બને છે.
શબ્દાદિ વિષયોના ભોગકાળે ઉત્પન્ન થતા સંસ્કારરૂપ તે
વિષયવાસના તથા વિષયો પ્રતિ કામનાકાળે ઉત્પન્ન થતા
સંસ્કારરૂપ તે માનસવાસના છે.

બાહ્ય રીતે લોકવાસના અને દેહવાસના એ વિષયવાસના
અને દંભ, દર્પ આદિ માનસવાસના છે.
એક વિષયરૂપ છે, બાહ્ય કષાયરૂપ છે.
વિષયવાસના સ્થૂલ યા બાહ્ય છે,
માનસવાસના સૂક્ષ્મ યા આંતરિક છે.
ચિન્માત્રવાસના તે વિવેકવિચારરૂપ જ્ઞાનાત્મક વ્યાપાર છે.
તે વડે કર્તવ્યાકર્તવ્ય અને ઔચિત્યાનૌચિત્યનો
વિવેક - વિભાગ સમજાય છે અને તેથી
અંધપ્રેરણા, અંધાવેશ મટી બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ થાય છે.
અંધ પ્રેરણા એ *blind instinct* રૂપ છે.
અંધ આવેશ એ *blind impulses* રૂપ છે.
એક વિષયરાગ રૂપ છે, બાહ્ય કષાયાંધતા રૂપ છે.
તેનો પ્રતિભાવ ચિન્માત્રવાસના વિવેકજ્ઞાન વડે થાય.
વિવેકજ્ઞાન તે *Rational insight* રૂપ છે.
નિર્મળવાસના રૂપ મૈત્ર્યાદિના ગ્રહણ વડે એક બાજુ
વિષય - કષાયવાસના જે બાહ્યાંતર મલિનવાસનાનો ત્યાગ
અને બીજી બાજુ ચિન્માત્રવાસનાની પુષ્ટિ થવા વડે
પર - અપર વિવેકજ્ઞાન પેદા થાય છે.
અપર વિવેક તે કર્તવ્યાકર્તવ્યની બુદ્ધિરૂપ છે.
પર વિવેક તે આત્મસાક્ષાત્કાર સ્વરૂપ છે.

આત્મા સમ અને જ્ઞાનરૂપ છે, તેનું અપરોક્ષજ્ઞાન થાય છે.

(૫૫) દેહલી - દીપક ન્યાયે મૈત્ર્યાદિ નિત્યભાવના
એક તરફ વૈરાગ્યને મધુર બનાવે છે અને
બીજી બાજુ આત્મજ્ઞાનને સુલભ કરે છે.

વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્ય એ સ્થૂલ વૈરાગ્ય છે,
રાગ-દ્વેષમાં દોષદર્શન એ સૂક્ષ્મ વૈરાગ્ય છે.
મૈત્ર્યાદિ ભાવનાઓ વડે સ્થૂલ - સૂક્ષ્મ ઉભય વૈરાગ્ય
પુષ્ટ થાય છે અને આત્માના જ્ઞાનાદિ ગુણ અને તે
ગુણોના આધારરૂપ આત્મદ્રવ્ય પ્રત્યે અભિરુચિ કેળવાય છે,
પરિણામે પરોક્ષ - અપરોક્ષ આત્મસાક્ષાત્કાર આવે છે.
એ રીતે મૈત્ર્યાદિ ભાવનાઓ અનાત્મભાવો પ્રત્યે
વિરક્તિ ઉત્પન્ન કરી આત્મદ્રવ્ય, તેના જ્ઞાનાદિ ગુણ
અને તેના સ્વભાવમાં પરિણમનરૂપ પર્યાય પ્રત્યે
અભિરુચિ, અભિલાષા અને આકર્ષણ પેદા કરે છે,
દેહલીદીપક ન્યાયે દોષ-ગુણ ઉભય પર પ્રકાશ પાડે છે.
દોષને ત્યાજ્યરૂપે અને ગુણને ઉપાદેયરૂપે સમજાવે છે.
રાગ-દ્વેષનું કારણ સુખ - દુઃખ છે અને
સુખ - દુઃખનું કારણ પુણ્ય - પાપ છે.
સુખ ઉપરનો તીવ્ર રાગ પરહિતચિન્તનાદિ કરાવે છે.

દુઃખ પરનો તીવ્ર દ્વેષ પરદુઃખવિનાશિની કરુણા વડે ટળે છે. પુણ્યવાન પ્રત્યે પ્રમોદભાવ ધર્મમાં ઉત્સાહબુદ્ધિ તથા પાપી પ્રત્યે ઉપેક્ષાભાવ અધર્મમાં ખેદબુદ્ધિ પ્રકટ કરે છે.

સુખ - દુઃખ, પુણ્ય - પાપ અને રાગ - દ્વેષને
યોગ્ય સ્થાન મળવાથી આત્મા કર્મમુક્ત બને છે.

(૫૬) શાસ્ત્રોમાં મૈત્ર્યાદિ ભાવનાઓને ચિત્તવૃત્તિઓનો વિકાસ - વિસ્તાર તથા વિશુદ્ધિ-ઉર્ધ્વીકરણ માટે ધર્મધ્યાનના રસાયણતુલ્ય કહી છે. જીવમાત્રને કોઈના પણ ઉપદેશ વિના સ્વાભાવિકપણે પોતાની હિતચિંતા, પોતાના દુઃખનો અભાવ, પોતાના સુખની અભિલાષા અને સ્વદોષ પ્રત્યે ઉપેક્ષા હોય છે,
તે સંકુચિતવૃત્તિ છે.

પરહિતચિંતાદિ ભાવનાઓ વડે તે વૃત્તિઓનો વિકાસ અને વિસ્તાર થાય છે, તે જ રીતે સ્વના સુખલાભ માટે પુણ્ય પ્રત્યે આદરબુદ્ધિ અને પોતાના દુઃખનાશ માટે પાપ પ્રત્યે જીવોને અનાદર બુદ્ધિ હોતી નથી. મુદિતાદિ ભાવના વડે તે મલિનવાસના વિશુદ્ધ બને છે તથા પાપ કરવાની સ્વાભાવિક રુચિરૂપ સર્પ અધોગામી
વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ થાય છે.

વળી સુખનો રાગ પુણ્યના રાગમાં પલટાય છે અને
દુઃખનો દ્વેષ પાપના દ્વેષમાં પરિણમે છે.
સુખની અભિલાષા જ્યારે પોતા પૂરતી રહેતી નહિ પણ
સર્વ પ્રત્યે જાગે છે તથા દુઃખનો દ્વેષ માત્ર પોતાના
દુઃખ ઉપર ન રહેતાં દુઃખી પ્રાણીમાત્રના દુઃખ ઉપર
વિસ્તરે છે, ત્યારે તેનો અનંતાનુબંધી ક્લેશ ટળી જાય છે
અને સુખપાલનના ઉપાયરૂપ ધર્મ માટે અને દુઃખ ટાળવાના
ઉપાયરૂપ અધર્મ માટે પણ સર્વવિષયકવૃત્તિ વિકસાવે,
ત્યારે તે આત્મા સાચો સમ્યગ્દૃષ્ટિ બનીને
અલ્પકાળમાં જ ભવનો અંત કરે છે.

(૫૭)નમસ્કાર મહામંત્રનો ફલાદેશ - વિનિયોગ બે પ્રકારનો છે:
(1) સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામનો વિકાસ.
(2) આત્માનું શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયથી યથાર્થ જ્ઞાન.

(૫૮) અર્હત્ એ અનુશાસન શક્તિરૂપ છે.
એ શક્તિ સામ્યને વિશ્વમાં, સ્વજન - પરિચિતોમાં
પ્રસારવાની ભાવના અર્હત્‌ને ક્રિયાત્મક બનાવે છે.
સામ્ય અને કરુણા એકરૂપ છે.
કરુણાશક્તિ અસ્તિત્વરૂપે સર્વત્ર રહેલી છે,
વ્યક્તરૂપે તેને યોગ્ય આત્માઓમાં પ્રકટે છે.

અનન્તરૂપ આર્હન્ત્ય ત્રિભુવન ઉપર પ્રભુત્વ ધરાવે છે.
તેની આજ્ઞા નીચે સમગ્ર વિશ્વ રહેલું છે.
તે આજ્ઞા ષડ્જીવનિકાયના હિતરૂપ છે.
તેને એક શબ્દમાં 'અહિંસા ધર્મ' કહેવાય છે.
અર્હં, અર્હ, અહિંસા - એ ત્રણે શબ્દોમાં 'અ' થી 'હ' પર્યંત
વર્ણમાળાનો સંગ્રહ છે, તે સર્વને સ્પર્શે છે.
સંયમ અને તપ અહિંસાની સિદ્ધિ માટેનાં સાધન છે,
તેથી તે પણ અહિંસાના અંગ હોવાથી અહિંસારૂપ જ છે.
(૫૯)અહિંસા પ્રચારની ભાવના 'અર્હં'ને 'અર્હ' બનાવે
અને અહિંસાપાલનની ભાવના આર્હન્ત્યની આજ્ઞાના
આરાધનરૂપ હોવાથી સિદ્ધત્વને અર્પે છે.
પરોપકારમાં 'ઉપકાર' શબ્દ છે,
તે જીવોને સમીપ લાવવાની ક્રિયા છે.
પરાપકારમાં 'અપકાર' શબ્દ છે,
તે પરથી અપકૃષ્ટ - દૂર થવાની ક્રિયા છે.
બુદ્ધિમાં ભેદભાવનો નાશ પરોપકારથી થાય છે.
પરાપકાર ભેદભાવને વિકસાવે છે, તેથી
પરોપકાર અહિંસાસ્વરૂપ અને પરાપકાર હિંસારૂપ છે.
અહિંસા તે નકારાત્મક નથી, કિન્તુ હિંસાજન્ય
ભેદભાવનો નાશ કરનાર હોવાથી વિધેયાત્મક પણ છે.

અહિંસા એક શક્તિ છે અને તે સામ્યસ્વરૂપ છે.
તે સામ્ય સ્વયં પાળવાથી સિદ્ધભાવ અને
બીજાને પળાવવાથી આર્હન્ત્યભાવ ઉત્પન્ન થાય છે.
એ રીતે સામ્ય, અહિંસા, કરુણા, આત્મૌપમ્ય ભાવ,
ન્યાયબુદ્ધિ આદિ પર્યાય રૂપ બનીને
વિશ્વના સંચાલનમાં મુખ્ય ભાગ ભજવે છે.
સમગ્ર દેશમાં અહિંસાનો પ્રચાર કરવાની ભાવના અને
ક્રિયાથી રાજા કુમારપાળે ગણધરપદયોગ્ય પુણ્ય ઉપાર્જ્યું.
સમગ્ર વિશ્વને અહિંસક બનાવવાની
ભાવના તથા ક્રિયાથી તીર્થંકર નામકર્મનું સર્જન થાય છે.
બીજામાં અહિંસાનું આરોપણ
ભાવનાથી અને ક્રિયાથી - એમ બે રીતે થાય છે.
તેનું ક્રિયાત્મક સ્વરૂપ વિશિષ્ટ જીવોમાં આવે છે,
ભાવનાત્મક સ્વરૂપ સર્વ મુક્તિગામી જીવોમાં હોય છે.
પરાપકારની બુદ્ધિ સહજમલના દોષથી થાય છે, તેથી
પરદ્રવ્ય કર્મનો સંબંધ થાય છે.
પરોપકારની બુદ્ધિ ભવ્યત્વ ગુણથી થાય છે, તેથી
પરદ્રવ્યના સંબંધથી જીવ મુક્ત થાય છે,
કર્મ એ પરદ્રવ્ય છે. તેનું કર્તૃત્વ જીવમાં છે, તેથી

જીવ એ કર્મનો સ્વકૃત કર્મબન્ધ સંસારનો સર્જક છે
અને મોક્ષનો પણ સર્જક છે.
સંસાર અને મોક્ષ એ જીવનું જ સ્વરૂપ છે.
<u>પરાપકારની બુદ્ધિ હિંસા છે, તેથી તે સંસારની સર્જક છે,</u>
<u>પરોપકારની બુદ્ધિ અહિંસા છે, તેથી તે મોક્ષની સર્જક છે.</u>

(૫૦) માનવ મન એ એક મહાન મૂડી છે.
તે વડે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યાદિ ભાવો વિકસાવી શકાય. એ ભાવો એ મૂડીનો શ્રેષ્ઠ ઉપયોગ છે.
ક્ષુદ્ર અને કૃપણ આત્માઓ
એ મૂડીનો એ રીતે ઉપયોગ કરી શકતા નથી, તેથી ભવાભિનંદી જીવોના લક્ષણોમાં પહેલું ક્ષુદ્રતાને કહ્યું છે.
ક્ષુદ્રતા એ કૃપણતા અને અનુદારતાનો સૂચક છે.
ધર્મના પ્રથમ પગથિયે ચઢનારમાં પ્રથમ ગુણ અક્ષુદ્રતા કહ્યો છે.
માનવમન રૂપી અમૂલ્ય મૂડીને જ્યાં સુધી અન્યના હિત ચિંતનમાં, અન્યના ગુણની ઉપબૃંહણામાં, દુઃખની કરુણામાં કે પાપના માધ્યસ્થ્યમાં ઉપયોગ કરવાની વૃત્તિ ન થાય,
ત્યાં સુધી અહીં સમજવું જોઈએ કે
હૃદયમાં ઠાંસી - ઠાંસીને ક્ષુદ્રતા ભરેલી છે.
અન્ય વસ્તુને ભોગ માટે વાપરવામાં જે લાભ છે,

તેના કરતાં મનને વાપરવામાં પાપકૃત્ય - પુણ્યોપાર્જન
અને સુસંસ્કારસિંચનનો અનંતગુણો લાભ છે.

(૬૪) સૂત્રોનું એમ અધિક ચર્વણ કરવામાં આવે છે,
તેમ તેમાંથી સૂક્ષ્મ રસાસ્વાદ પ્રગટે છે.

એક વાત સ્પષ્ટ છે કે અનુપ્રેક્ષાથી ઉત્પન્ન થતો લાભ
રગે આચરણમાં - ચરિત્રમાં ઓતપ્રોત થવો જોઈએ.

વાચનાનો સંબંધ સમ્યગ્દર્શન સાથે છે,
પૃચ્છનાનો સંબંધ સમ્યગ્જ્ઞાન સાથે છે અને
પરાવર્તનાનો સંબંધ સમ્યક્ચારિત્ર સાથે છે.

પરાવર્તના એટલે Reflect કરવું, Depthમાં જવું
અર્થાત્ મનમાં અને જીવનમાં ઉતારવું, conscious
દ્વારા subconsciousમાં એકમેક કરવું.

પરાવર્તના અર્થાત્ creative movement.

આવા પરાવર્તના પછી superconsciousમાંથી જે
flash આવે, તેનું જ નામ 'અનુપ્રેક્ષા'.
આવા flash જ્યારે જ્યારે આવે,
ત્યારે પારાવાર વિસ્મય, પુલક, પ્રમોદ અનુભવાય છે.

o

I have no desire for material things.
I want to establish peace within myself.

(૬૨) વિરાગ = વિષયનો વિજય, મૌન = કષાયનો વિજય.
જિનભક્તિ = વસ્તુતઃ વિષય-કષાયના વિજયની ભક્તિ.
વીતરાગની ભક્તિ એટલે...
વિરાગ અને મૌન પ્રત્યેનો આદર અને બહુમાન.
ભવનિર્વેદ = ભગવદ્ બહુમાન.
ભવનિર્વેદમાં ભગવાનનું બહુમાન છે અને
ભગવાનના બહુમાનમાં ભવનિર્વેદ છુપાયેલો છે.
જિનભક્તિ, જ્ઞાનમૌન, વિષયવૈરાગ્ય, કષાયત્યાગ એ
સર્વ પરસ્પર એવા સંબંધવાળા છે કે:
તેમને એકબીજાથી જુદા પાડી શકાય નહિ.
ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન
એ ત્રણેય એકબીજાથી વહેંચાતી અવસ્થા છે પણ
એકબીજામાં એકબીજા અનુસ્યૂત છે.
જ્ઞાન અને વૈરાગ્યની ભક્તિમાં
જ્ઞાન અને વૈરાગ્ય આદર્શ રૂપે રહેલા છે.
વૈરાગ્ય અને જ્ઞાનમાં ભક્તિ છુપાયેલી છે.
જ્ઞાન અને ભક્તિમાં વૈરાગ્ય છુપાયેલો છે.
જ્ઞાનમાં વૈરાગ્ય અને વૈરાગ્યમાં જ્ઞાન ગર્ભિત છે.
આત્માનું જ્ઞાન, વિષયોનો વૈરાગ્ય અને તે બંને જયાં

રહેલ છે, ત્યાં ભક્તિનો ભાવ પરસ્પર ઓતપ્રોત છે.
પ્રારંભ ભક્તિથી છે, તેથી વૈરાગ્ય વિકસે છે અને
અંતે આત્મલાભ એટલે કે
આત્મામાં રહેલ અનંતાનંત ગુણની અનુભૂતિ થાય છે.

(૬૩) શરૂઆતમાં જ્યારે આત્મા અભ્યાસ કરે છે, ત્યારે
પહેલો અનુભવ 'પોતે બધાથી જુદો છે' એવો થાય છે
અને તે અનુભવ ઘણો જરૂરી પણ છે, કિન્તુ
પછી અભ્યાસ વધતા 'પોતે કોઈનાથી યે જુદો નથી'
'પોતે અને પરમાત્મા એક જ - One છે' એવો
અનુભવ થાય છે અને તેથી અહીં અનુભવાય છે કે:
પરમાત્માનું ધ્યાન એ પોતાના જ પરમ આત્માનું ધ્યાન
છે, આત્મા અને અરિહંતમાં કાંઈ જ ફેર નથી.
આખરે તો Oneness reigns. કહ્યું છે કે:

જો ધ્યાન અરિહંત કી, તેહી જ આતમ ધ્યાન;
ફેર કછુ ઈણમેં નહીં, એહિ જ પરમનિધાન. ...(૧)

(૬૪) શ્રી નમસ્કાર મહામંત્રના મંગલ વડે
હૃદય વિશુદ્ધ, કોમળ, સાત્ત્વિક અને
દયાળુ બની જાય છે, તેથી કોઈપણ
દુઃખી જીવને સહાય કરવા, સેવા કરવા પ્રેરાય છે.

Mehsana, D. 15-7-69

(૬૫) શિલા પડો ઉસ સુખ પર, જો સાંઈ દિયા ભુલાય
બલિહારી વા દુઃખ કી જો પલ-પલ યાદ દિલાય. - કબીર

સદુક્તિ : તે સુખ ઉપર શિલા - પથ્થર પડો કે જે ભગવાનને ભુલાવી દે અને તે દુઃખની બલિહારી છે કે જે ભગવાનને ક્ષણે-ક્ષણે યાદ કરાવે છે. ...(૨)

येन केनाऽपि उपायेन यस्य कस्याऽपि देहिनः ।
संतोषं जनयेद् राम! ह्येतदीश्वरपूजनम् ॥ - योगवासिष्ठ

સદુક્તિ: જે કોઈ ઉપાયથી ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ, વસ્ત્રહીનને વસ્ત્ર, સ્થાનહીનને સ્થાન, માનહીનને માન, દરિદ્રને ધન, વ્યાધિગ્રસ્તને ઔષધ, દુઃખીને આશ્વાસન, શાંતિ, ધૈર્ય, સહાયતા કરે છે, એ જ સાચું ઈશ્વરપૂજન છે.

o

: The Mother says:

Material things ought not to be the cause of happiness or unhappiness. To be one with the soul is the only way of being constantly happy: all the rest is of little importance.

(૫૫) જ્યાં અહિંસા છે, ત્યાં અભય છે અને
જ્યાં અર્હં છે, ત્યાં અહિંસા છે.
અર્હં અને અભયનો સંબંધ છે.
ભય ભેદમાંથી ઊભો થાય છે.
અર્હંમાં ભેદનો છેદ છે, અભેદની સત્તા - અસ્તિત્વ છે.
સર્વના હિતવિચારથી ધર્મનો આરંભ અને
એકના ધર્મ આચરણથી સર્વને અભયનો લાભ.
સમકિતથી ધર્મનો આરંભ થાય છે અને
ક્રમિક યથાખ્યાતચારિત્રમાં ધર્મની પૂર્ણાહુતિ થાય છે.
સર્વના હિતચિંતનનો લાભ એ ધર્મની શરૂઆત કરાવે છે
તથા એનો અંત સર્વના હિતરક્ષામાં આવે છે અર્થાત્
યથાખ્યાતચારિત્રમાં આવે, જે જગતજીવોને અભય આપે,
તેથી એકનો ધર્મ સર્વને લાભદાયી બને છે.
એ દૃષ્ટિએ એ નિયમ અટલ બને છે કે:
સર્વના વિચારથી ધર્મનો પ્રારંભ અને
એકના ધર્મથી સર્વને લાભ થાય છે.

°

: Ogomisama says :

Dont strive to become a great person
but strive to become a useful person.

(૫૭) 'ૐ નમઃ સવ્વ પાવપ્પણાસણો |' એ એકાદશ-
૧૧ અક્ષરનો મંત્ર ૭ ચોવિહારા ઉપવાસ કરી વિધિપૂર્વક
આરાધન કરવાથી સર્વ અંતરાય કર્મોનો નાશ થાય છે.

વિધિમાં નિરાશંસભાવ અને શીલવ્રતાદિનું પાલન,
જિનપૂજા, કષાયનિગ્રહ આદિ ગ્રહણ કરવાના છે.

નવકારના પ્રથમ પાંચ પદ 'ૐ નમઃ'માં આવી જાય છે
તથા ચૂલિકાના ચાર પદ
'સવ્વ પાવપ્પણાસણો |'થી ગ્રહણ થઈ જાય છે.
પંચ પરમેષ્ઠિનો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે.

(૫૮) અર્હં એ સકલ અરિહંતોમાં રહેનારું છે,
તે કલ્યાણલક્ષ્મીનું અધિક કલ્યાણ, શુભ, શ્રેય, સુખ,
હર્ષ, આનંદાદિ શિવતત્ત્વનું અધિષ્ઠાન છે,
ઉર્ધ્વ, અધો અને મધ્ય - એમ ત્રિલોકનું ઈશાન છે,
અર્હં એ ઉર્ધ્વરહસ્યાત્મ છે ઉપરાંત
અધઃપાતને અટકાવનારું તથા ઉર્ધ્વગમન કરાવનારું છે.
ત્રણ લોકમાં રહેલ શિષ્ટતત્ત્વનું રક્ષણ કરનારું અને અશિષ્ટ
તત્ત્વનો નિગ્રહ કરનારું છે, તેથી તે અક્ષર છે, બ્રહ્મ છે,
પરમેષ્ઠિવાચક છે, સિદ્ધચક્રનું ત્રિકાલાબાધ્ય જ્ઞાન છે,
સિદ્ધ એવા વર્ણમાળા માતૃકાનું મૂળ છે,

અ-ક્ષર = કદી નાશ ન પામનાર, બ્રહ્મ = સર્વવ્યાપી છે,
શબ્દાત્મક બ્રહ્મ એવા અર્હંનું પ્રણિધાન અર્થાત્
હૃદયમાં સ્થાપન, નિઃશેષેણ, પ્રકર્ષેણ ધ્યાન,
સંભેદ અને અભેદ પ્રણિધાન
તે સર્વ અનિષ્ટનું ચૂરક અને સર્વ ઇષ્ટનું પૂરક છે.

(૯)તર્ક ભરેલા ગ્રન્થોમાં જ તર્ક માટે અભિપ્રાય છે કે:
ઉપાસનામાં તર્ક ન હોય.
તત્ત્વનિર્ણયશૂન્ય, પરસ્પર બાધિત અને અભિમાનના
જ સારવાળી તર્કકુહાડીઓ વડે આપે શરમાઈએ છીએ.

(૧૦) आलौकिकेनोपलम्भेन मुनित्वेन च साधितः।
रत्नत्रयमयो ध्येयः प्रणवः सर्वसिद्धये ॥१॥
वा ॐ इत्यन्तरा प्राणशब्दो यः स्यात् तदुद्भवम्।
शब्दब्रह्मेत्यसौ उक्तो वाचकः परमेष्ठिनाम् ॥२॥
(પરિશિષ્ટ-૨)

(૧૧) ધર્મ એ માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયામાં નહિ,
કિન્તુ હૃદયની ભીનાશમાં છે, જે
જ્ઞાનથી પ્રગટે છે અને ક્રિયાથી અભિવ્યક્ત થાય છે.
ભીનાશ પ્રગટાવનાર જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન છે.
તેને ક્રિયામાં મૂકાવનાર પણ જ્ઞાન અને દર્શન છે.

(૯૨) पुराणमित्येव न साधु सर्वं
न चाऽपि काव्यं नवमित्यवद्यं ।
संतः परीक्ष्याऽन्यतरत् भजंते
मूढः पर प्रत्ययनेय बुद्धिः ॥१॥

સદુક્તિ: જુનું છે માટે બધું સાચું છે, એમ નથી.
નવું છે માટે તે ખોટું છે, એમ પણ નથી.
સત્પુરુષો પરીક્ષા કરીને જે સાચું હોય, તેને ગ્રહણ કરે છે.
મૂઢપુરુષો બીજાના વિશ્વાસે જ દોરાનારી બુદ્ધિવાળો હોય
અથવા માત્ર બીજાના વિશ્વાસે દોરાનારો પુરુષ મૂઢ છે,
તેની બુદ્ધિ મોહાચ્છાદિત છે.

(૯૩) મૌનથી મમકાર જાય, ભક્તિથી અહંકાર જાય
અને વિરતિથી કુસંસ્કાર જાય છે.

(૯૪) વાક્યાર્થથી શબ્દજ્ઞાનનો બોધ, લક્ષ્યાર્થથી વસ્તુતત્ત્વનો
બોધ અને ઐદંપર્યાર્થથી આત્મતત્ત્વનો બોધ થાય છે.
'સર્વ શાસ્ત્રો આત્મતત્ત્વનો બોધ કરાવીને પૂર્ણ થાય છે.'
તેનો બીજો અર્થ: શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પ્રાપ્ત
કરે છે. શબ્દબ્રહ્મથી જ વાણી અને અર્થરૂપમાં સમસ્ત
જગતની સૃષ્ટિ થાય છે. તેને અક્ષર અને શબ્દ દ્વારા
પ્રકટ કરાય છે, તેથી સમસ્ત વિશ્વ શબ્દરૂપ કહેવાય છે.

(૭૫) દર્શનો તે સત્યનો વિષય નહિ પણ
સત્યના અંશો છે, તેથી ભાવનાના વિષય છે.
અદ્વૈત તે સત્ય નહિ પણ અદ્વૈતભાવના સત્ય છે.
જ્ઞેયરૂપે અદ્વૈત અસત્ય છે, પરંતુ ભાવનારૂપે તે સત્ય છે.

(૭૬) શબ્દમાત્રમાં, તેમાં સમાયેલા ભાવ પ્રમાણે
માનવજીવન ઉપર અસર કરવાની શક્તિ છે.
સમદૃષ્ટિ તથા સમ્યગ્દર્શન એકાર્થક છે.
સમદૃષ્ટિથી જ્ઞાન સમ્યગ્ બને છે અને
સમ્યગ્જ્ઞાનનું ફળ વિરતિ છે.
વિરતિ એટલે કે સર્વ સાવદ્ય વ્યાપારોનો ત્યાગ છે.

(૭૭) God asks us to do two things:
Love and Trust.
Love Him & His creatures & trust
Him for the result of loving.
o Look on every event in life
as a heavenly messanger,
sent direct to us to show us the
way to go or what to do
to realize our heart's desires.

(૭૮) વિશ્વમાં દુષ્કૃત છે, દુઃખ છે.
વિશ્વમાં સુકૃત છે, સુખ છે.
વિશ્વમાં સુકૃત - દુષ્કૃતાદિ પર એવા
પરમોચ્ચ પદને પામેલા પરમેષ્ઠિ છે, પરમાત્મા છે.
સમ્યગ્દૃષ્ટિ જીવને વિશ્વનું આ સ્વરૂપ
સંવર, નિર્જરા અને મોક્ષના હેતુભૂત છે.
મિથ્યાદૃષ્ટિ જીવને એ જ વસ્તુ જ
આશ્રવ, બંધ અને સંસારનો હેતુ બને છે.
(૭૯) સમ્યગ્દૃષ્ટિ જીવ સુકૃતમાત્રની અનુમોદના કરે છે,
દુષ્કૃતમાત્રની ગર્હા કરે છે તથા
અરિહંતાદિ ચારેનું સદા શરણ અંગીકાર કરે છે.
શરણાગમનાદિ ભવ્યત્વનો પરિપાક થાય છે,
દુષ્કૃતગર્હાદિ પાપ અને તેના પરિણામે દુઃખ ટળે છે.
સુકૃતાનુમોદનાદિ ધર્મ અને પરિણામે સુખ પ્રાપ્ત થાય છે.
દુષ્કૃતગર્હાદિ પાપ જાય, સુકૃતાનુમોદનાદિ ધર્મ આવે,
શરણાગમનાદિ આત્મલાભ થાય છે.
(૮૦) 'શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે.'
એનો અર્થ છે: શાસ્ત્ર વડે શ્રવણ થયેલા પદાર્થનું
તર્ક વડે મનન અને ધ્યાન વડે ચિન્તન થાય છે,
તેના પરિણામે આત્મલાભ - પરબ્રહ્મનો લાભ થાય છે.

જ્ઞાનની ત્રણ ભૂમિકા છે: શ્રુત, ચિન્તા અને ભાવના.

શ્રુત વડે આત્માનો નિર્ણય થાય છે,

ચિન્તન વડે જ્ઞેયનો નિર્ણય થાય છે અને

ભાવના વડે જ્ઞાતાનો નિર્ણય - સાક્ષાત્કાર થાય છે.

શ્રુત વડે ચિન્તા અને ચિન્તા વડે ભાવના -

એમ ત્રણે ભૂમિકામાં શ્રુતનો અન્વય રહેલો છે.

શ્રુતજ્ઞાન તે જ શબ્દબ્રહ્મ છે.

ચિન્તા તથા ભાવનાની અભિવ્યક્તિ પણ શ્રુત વડે જ છે. ધ્યાન માટે ચિન્તન અને ચિન્તન માટે શાસ્ત્ર વચન, તેનો આધાર લેવો પડે છે અને તો જ યથાર્થ જ્ઞાન-સમ્યગ્જ્ઞાન, સંશય-વિપર્યયરહિત જ્ઞાન ઉત્પન્ન થાય છે.

(૯) દુષ્કૃતગર્હા એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે.

સુકૃતાનુમોદના એ સમ્યગ્દર્શનનું ફળ છે.

શરણાગમન એ સમ્યક્ચારિત્રનું ફળ છે.

વિરતિ = વિરામ. To release and to relax.

જે પરબ્રહ્મ તરફ ગતિ કરે, તે જ શબ્દબ્રહ્મમાં નિષ્ણાત છે.

શબ્દબ્રહ્મને જાણવાથી પરબ્રહ્મ પ્રત્યે રુચિ પેદા થાય છે.

'પગ નીચે સોનાનો ચરુ છે'

એમ સાંભળ્યા પછી કોદાળી - પાવડો કોણ ન લે?

શાસ્ત્રદૃષ્ટિથી સમસ્ત શબ્દબ્રહ્મને જાણનાર
સ્વપ્રકાશરૂપ પરબ્રહ્મને અનુભવ વડે જાણે છે.
શાસ્ત્રદૃષ્ટિ તે શ્રુતજ્ઞાન, અનુભવદૃષ્ટિ તે ભાવનાજ્ઞાન છે.
શાસ્ત્ર ઉપરથી અનુભવ તરફ જવા માટે
તર્ક - મનન - ચિન્તન સહાયક છે.
શાસ્ત્રદૃષ્ટિ વડે રૂચિ પેદા થાય છે,
તર્ક વડે ચિન્તન - મનનથી બોધ થાય છે
અને ભાવના વડે અનુભવ થાય છે.

(૮૨) મા મંસ્થાઃ ક્ષીયતે વિત્તં દીયમાનં કદાચન ।
કૂપારામગવાદીનાં દદતામેવ સંપદઃ ॥ અર્થાત્ઃ
'દાન આપવાથી ક્ષય પામે' એવું ક્યારેય ન માનતો,
કારણકે કૂપ, બગીચો અને ગાય વગેરે
પાણી, ફળ અને દૂધ જેમ - જેમ આપે છે, તેમ - તેમ
તેઓને તે સંપત્તિઓ ઉત્તરોત્તર અધિક મળે છે.

(૮3) શુદ્ધનય પરિણમન એ ચૌદ પૂર્વનો સાર છે.
નમસ્કાર વડે તે સિદ્ધ થાય છે, માટે તે દ્વાદશાંગીનું
પરમ રહસ્ય ગણાય છે અને ૧૪ પૂર્વનો સાર મનાય છે.

°

We talk to God.
God talks to us. We talk for God.

ॐ

Jodhpur, Sardarmalji, Dt. 21-7-69

(४) साचुं ध्यान

मननी एकाग्रता नहि, त्यां सुधी विचार-विकल्प छे,
ते छूटी गया पछी ज्यारे साक्षीभाव आवे छे,
त्यारे ध्याननी वास्तविक शरूआत थाय छे.
साक्षीभावमां मननी क्रियाथी अलग बनीने
ते शुं छे, तेने जोवानो - समजवानो मात्र प्रयत्न छे,
तेमां तणावानुं होतुं नथी.
रागने रागरूपे, द्वेषने द्वेषरूपे, व्यग्रताने व्यग्रतारूपे
तथा पीडाने पीडारूपे मात्र जोवुं, ते ज साचुं ध्यान छे.
तेमांथी अद्वैतभाव - आत्मभाव उत्पन्न थाय छे.
आत्मभाव प्रेमभावमां परिणमे छे.
प्रेमभाव ते वीतरागभावनुं ज विधेयात्मकरूप छे.
अहिंसा, क्षमा, संतोष आदि पण
प्रेमभावनुं ज विधेयात्मकरूप छे.
ज्यां पूर्ण प्रेमभाव प्रगटे, त्यां राग-द्वेष-मोह आदिनी
सत्ता रहेती नथी. मंत्र, मूर्ति वगेरे ध्याननां साधन छे,
जेनुं साध्य साक्षीभाव छे. साक्षीभावनो अभ्यास स्थिर
थवाथी अद्वैतभाव - सर्वात्मभाव प्रगटे छे, ते साचो छे.

તે પરેજીનો વિચારાત્મક અને બુદ્ધ્યાત્મક
અદ્વૈતભાવ - સમત્વભાવ - એકાત્મભાવ વગેરે
મનનો ધર્મ છે, તે સત્વભાવરૂપ છે.
સાક્ષીભાવ પછીનો અદ્વૈતભાવ ગુણાતીતરૂપ છે.

(૫) 'प्रमादो वै मृत्युः ।' 'प्रमोदो वाऽमृतम् ॥'
'प्रमादो वै मृत्युः ।' 'अप्रमादो वाऽमृतम् ॥'

(૬) યજ્ઞ = આત્મબલિદાન યા સ્વાર્થત્યાગ.
યજ્ = To worship or યજ્ to Sacrifice.
પરાર્થ માટે સ્વાર્થત્યાગ એ જ સાચો યજ્ઞ છે.
વિશ્વહિત યા પરાર્થ માટે જે કોઈ સત્કર્મ થાય, તે યજ્ઞ છે.
સ્વાર્થ ત્યજ્યા વિના પરાર્થ થઈ શકતો નથી. પરહિતમાં
સ્વહિત આપોઆપ થઈ જાય છે. - ડૉ. ભગવાનદાસ

(૭) अकालमृत्युहरणं सर्वव्याधिविनाशनम् ।
देवपादोदकं तीर्थं शिरसा धारयाम्यहम् ॥ અર્થાત્:
અકાળ મૃત્યુ તથા સર્વ રોગોનો નાશ કરનાર, પવિત્ર
એવા પ્રભુના અભિષેક જળને હું મસ્તકે ધારણ કરું છું.

જેને તું હણવા માંગે છે, તે તું જ છે.
જેને તું તાબે કરવા માંગે છે, તે તું જ છે.
જેને તું પરિતાપ ઉપજાવવા માંગે છે, તે પણ તું જ છે,

જેને તું દબાવવા માંગે છે, તે પણ તું જ છે.
જેને તું મારી નાંખવા માંગે છે, તે પણ તું જ છે,
આમ જાણી સજ્જન અને પ્રબુદ્ધ મનુષ્ય
કોઈને હણતો નથી કે હણાવતો નથી. - શ્રી આચારાંગ સૂત્ર

સર્વ જીવો સુખપ્રિયત્વ, દુઃખદ્વિષ્ટત્વના
લાગણી વડે એક છે અને નિશ્ચયથી પણ
શુદ્ધ સ્વભાવવાળા હોવાથી એક જ છે.
સ્વરૂપથી એક અને લાગણીથી સમાન.
૪ થી ૧૨ ગુણસ્થાનકો સુધી સર્વ જીવો ગુણથી એક છે.

(૮) વિહિત અનુષ્ઠાનમાં પ્રણિધાન માત્રરૂપ
સંયમ વડે બધી વસ્તુ એની સાથે સધાય છે.
સત્માં પ્રવૃત્તિ તે સુકૃતાનુમોદન સ્વરૂપ છે.
અસત્થી નિવૃત્તિ તે દુષ્કૃતગર્હારૂપ છે.
વળી તે વિહિત હોવાથી સર્વ પરમાત્માને
હૃદયમાં સ્થાપન કરે છે, તે શરણાગતિ સ્વરૂપ છે.
સુકૃતાનુમોદનનું ફળ વિહિતમાં પ્રવૃત્તિ (સત્માં પ્રવર્તન)
દુષ્કૃતગર્હાનું ફળ નિષિદ્ધમાં અપ્રવૃત્તિ (અસત્થી નિવર્તન)
શરણાગમનનું ફળ પરમાત્મસ્મરણ
(સત્ - અસત્થી પરનું હૃદયમાં સ્થાપન) છે.

(૮૯)અતીતને ભૂલી જવું અને વિચાર કરવાની ટેવમાંથી
મુક્ત થવું, તે વસ્તુતઃ એક કઠિન કાર્ય છે.
તે એક સજાગ તપસ્યાની અપેક્ષા રાખે છે.
તો પણ જેને ભગવાનની કૃપા ઉપર વિશ્વાસ છે
અને જે સંપૂર્ણ હૃદયથી પ્રભુજીને વિનંતિ કરે છે,
તે ઘણા સહેલાઈથી સફળતા પ્રાપ્ત કરી શકે છે.

°

*To forget the past and be free from the habits of over-thinking is a great difficult task for those who do not believe in God.*

(૯૦)મૌન એક બાજુ આનંદનો અનુભવ કરાવે છે અને
બીજી બાજુ ભાવનાઓને બદલાવવાની પ્રવૃત્તિથી રોકે છે.

(૯૧) એક જ બિંદુ ચતુર્દલ મૂલાધાર ચક્રમાં
મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપ છે.
ષટ્દલ સ્વાધિષ્ઠાનમાં તે બિન્દુ ષટ્ચક્રરૂપથી છ પ્રકારે:
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ માયાદિ છે.
તેમાં ૧૨ દલ અનાહતના તથા ૪ દલ મૂલાધારના -
અર્થ જો ઉમેરાને વિશુદ્ધ ચક્રના ૧૬ બને છે.

મૂલાધાર અને સ્વાધિષ્ઠાન બંને ચક્રો પ્રાકૃતિક દૈહિક
આધારચક્ર દ્વિદલરૂપ છે.
મણિપૂર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા - એ ચારે ચક્ર
મૂલાધાર અને સ્વાધિષ્ઠાનથી ઉદ્ભૂત થવાના કારણે
બે દલમાં અંતર્ભૂત છે.
મૂલાધાર અને સ્વાધિષ્ઠાનના ૧૦ બિંદુ સંસારના કારણ છે,
સહસ્રારમાં બિંદુભેદ થવાના કારણે
સર્વ ચક્રોનું ઐક્ય થઈ જાય છે.
એક જ બિંદુ ૧૦ પ્રકારનું થઈને
સહસ્રારમાં સર્વમય બની જાય છે.
અધિકારી ભેદથી અભેદભાવના ત્રણ પ્રકારની છે:
નિષ્કલ, સકલ - નિષ્કલ અને સકલ.
પહેલામાં નિર્વિષયક ચિત્સ્વરૂપ કામકલાની ભાવના છે.
બીજા મધ્યમ અધિકારી માટે બિંદુનવકની ઐક્યભાવના છે.
તૃતીયમાં શરીરચક્રોની ઐક્યભાવના છે.
ચિત્સ્વરૂપ, બિંદુનવક અને ષટ્ચક્રનું ઐક્યભાવન -
એ મંત્ર સિદ્ધાંતનો સાર છે.

It is not what happens to us but
what our reaction is that counts.

ૐ

(૯૨) વાક્યો બે પ્રકારનાં છે:

અવાંતરવાક્ય કે નયવાક્ય સ્વરૂપદર્શક છે.

સ્વરૂપદર્શક વાક્ય પ્રવૃત્તિ - નિવૃત્તિમાં ઉપયોગી છે.

સંબંધદર્શક વાક્ય તે પ્રમાણવાક્ય છે.

સંબંધદર્શક વાક્ય પરિણતિમાં ઉપયોગી છે.

મધ્યસ્થ પરિણતિ સ્યાદ્વાદબોધથી થાય છે.

રાગ-દ્વેષનું નિવર્તન તે માધ્યસ્થ્ય પરિણતિ છે.

જ્યાં સંબંધનો વિચાર છે, તે સ્યાદ્વાદ છે - સાપેક્ષવાદ છે.

સર્વથી નિરપેક્ષપણું અર્થાત્ સંબંધનો અભાવ.

સાપેક્ષ સત્યં । નિરપેક્ષમસત્યં ।

સાપેક્ષ તે સત્ય છે અને નિરપેક્ષ તે અસત્ય છે.

અનેકાન્તમાં સર્વની અપેક્ષા - એકાંતમાં સર્વની ઉપેક્ષા છે.

ઉપેક્ષાથી ભય, દ્વેષ, ખેદ - અપેક્ષાથી અભય, અદ્વેષ, અખેદ.

સ્યાદ્વાદ = સાપેક્ષવાક્ય, એકાંતવાદ = નિરપેક્ષવાક્ય.

જેમાં સંબંધનું ભાન નથી - સ્વરૂપભાન છે, તે દુર્નય છે,

સ્વરૂપભાન સાથે સંબંધનું પણ ભાન છે, તે સુનય છે.

સંબંધનું ભાન એ જ સાપેક્ષભાન હોવાથી અને

સાપેક્ષભાન એ જ સત્ય હોવાથી

'સ્યાદ્વાદ વિના સિદ્ધિ નથી' એ ત્રિકાલાબાધ્ય સત્ય છે.

(૯૩) સર્વથી નિરપેક્ષપણું એટલે સંબંધનો અભાવ. જ્યાં સંબંધનો - સાપેક્ષતાનો વિચાર નથી, ત્યાં સ્યાદ્વાદ નથી. સ્યાદ્વાદના અભાવમાં સ્વરૂપનો પણ પૂર્ણ વિચાર નથી. અપૂર્ણમાં પૂર્ણનો બોધ અને પૂર્ણનો અભિનિવેશ તે એકાંત અને તે મિથ્યાત્વ અથવા પાપનું સ્થાન છે.

(૯૪) સ્વાર્થભાવ પોતાના દોષોને દેખવા દેતો નથી, દેખાય તો સહન કરી લે છે અને બીજાના અભાવ તો પ્રગટ થવા દેતો જ નથી. નિર્મળભાવ તેથી વિરુદ્ધ છે, તે પરના દોષો દેખતો નથી, દેખાય તો સહી લે છે અને બીજાના અભાવ તો કદી પણ પ્રગટ થવા દેતો નથી, તેથી તે પ્રેમ અને વાત્સલ્યથી ભરપુર કરુણાવંત છે. પોતા પ્રત્યે મૈત્રી, પ્રેમ અને વાત્સલ્ય તેવા જ બીજા પ્રત્યે પ્રગટે, ત્યારે તે રાગ સમ્યગ્ બને, એકાંત મટી અનેકાંતમાં પરિણમે છે, રાગ-દ્વેષાદિ છોડાવી વીતરાગભાવ તરફ લઈ જાય છે.

(૯૫) સર્વના હિતની ભાવનાનું બીજું નામ ઈશ્વરેચ્છા છે.

'સર્વં ખલ્વિદં બ્રહ્મ, તજ્જલાન્ ઇતિ શાન્ત ઉપાસીત।'

સકલ જગત બ્રહ્મસ્વરૂપ છે,
બ્રહ્મ એ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યસ્વરૂપ છે,
તેથી તેની શાંતવૃત્તિએ ઉપાસના કરવી.

(૯૬) વૈરાગ્ય એટલે પ્રવૃત્તિ માટે ફાંસાની સજા.
તેથી તે વૈરાગ્ય કોઈને ગમતો નથી, પરન્તુ તે સિવાય
અખંડ આનંદના અનુભવ માટે બીજો ઉપાય પણ નથી.
અખંડ વસ્તુમાંથી જ અખંડ આનંદ મળી શકે.
અખંડ વસ્તુ માત્ર દ્રવ્ય છે.
ખંડિત આનંદ પ્રવૃત્તિમાંથી મળે છે.
ખંડિત આનંદ છોડવા માટે પ્રવૃત્તિ દૃષ્ટિ છોડવી જોઈએ.

(૯૭) આયુર્વેદની દૃષ્ટિથી રોગનું મૂળ પ્રજ્ઞાપરાધ છે.
આહાર, વિહાર અને વિચાર એટલે મનોવ્યાપાર.
એ ત્રણેને વિષે પ્રજ્ઞાપરાધનો ત્યાગ તે આરોગ્યનું મૂળ છે.
પ્રજ્ઞાપરાધના શોધન માટે જ્ઞાનની આવશ્યકતા છે.

(૯૮) અદ્વૈતની સિદ્ધિ એટલે વિશ્વમયતાનો સાક્ષાત્કાર.
મનુષ્યની પાસે એક અહંકાર અને બીજો નમસ્કાર, એમ
બે વસ્તુ છે, તે સિવાય તેની પાસે બીજું કાંઈ નથી.
બીજું જે કાંઈ છે તે તેના કર્મને આધીન છે. તેનો અહંકાર
કરવો કે નમ્ર બનવું - તે એને પોતાને આધીન છે.
જેમાંથી એકની પસંદગી કરવાની રહે છે.
ઉત્તમ આત્માઓ નમસ્કારને પસંદ કરે છે,
અધમાત્માઓ અહંકારમાં રત રહે છે.

અદ્વૈતની અનુભૂતિ નમસ્કારને આધીન છે.
અહંકારને આધીન જનોને વિશ્વમયતાનો સાક્ષાત્કાર
અશક્ય છે. ઓંકારની સિદ્ધિ પણ નમસ્કારને આધીન છે.

(૯૯) અરિહંતોની આજ્ઞાને નમસ્કાર થાઓ.

અરિહંતોની આજ્ઞા શું છે ?

એક શબ્દમાં કહેવું હોય તો: 'મારા જેવો થા'.
દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે
જે કોઈ ઉદ્યમ થાય, તે અરિહંતોની આજ્ઞાનું પાલન છે.

(૧૦૦) સાધનાનો પાયો યમ-નિયમનું આણાશુદ્ધ પાલન છે.
તે માટેનો ઉપાય ગુરુકુલવાસનું સેવન છે.
ગુરુ તત્ત્વથી મળતી સહાય વડે જ
યમ-નિયમની શુદ્ધિ થઈ શકે છે.

સમાધિ તથા સંયમ એટલે શું ?

આધિ એટલે મનની પીડા, મનના રાગ-દ્વેષાદિ વિકલ્પ
તથા હર્ષ-શોકાદિ દ્વંદ્વો વચ્ચે પણ
નિર્વિકાર - સમપરિણામવાળા રહેવું, તે 'સમાધિ' છે.
સંયમ = યમ એટલે મૃત્યુ. પ્રાણાંત આપત્તિ વખતે
પણ સમ રહેવું, સમતાભાવ ન ગુમાવવો, તે 'સંયમ' છે.
સમાધિમાં માનસિક સમતુલા સમાઈ છે.

સંયમમાં મનના ઉપસર્ગો આવે સમાનભાવ અને
કાયાના ઉપસર્ગ આવે પણ સમભાવ ટકાવી રાખવો.

આરાધકનું ધ્યાન એટલે Detachment.

આરાધકનું ધ્યાન વૈરાગ્યને વધારનાર છે અને
નિર્વિકલ્પતાને લાવનાર છે.

નિર્વિકલ્પતા પછી રૂપાતીત ધ્યાન વડે અને શુક્લ
ધ્યાનના પ્રથમ બે પાયા વડે સ્વરૂપ રમણતા સધાય છે.

સ્વને સાધે તે સાધુ. દીનતાનો ક્ષય તે દીક્ષા.

સિદ્ધ થવું એટલે પૂર્ણ થવું. મોહનો ક્ષય તે મોક્ષ.

(૨૦૨) સિદ્ધચક્ર = આરાધક.

વીતરાગ = નિર્વિકલ્પ - પરિપૂર્ણ.

દ્રવ્યવાચક = દ્રવ્યગત અખંડતા, પૂર્ણતા.

જાતિવાચક = જાતિગત એકતા.

ગુણવાચક = કેવળજ્ઞાનાદિ ગુણ.

ક્રિયાવાચક = સ્વભાવરમણ પર્યાય.

'ૐ નમઃ સિદ્ધં' = પૂર્ણતારૂપે જોવાની દૃષ્ટિ.

શ્રદ્ધા ચિત્તને સ્થિર કરે છે.

જ્યાં હિત થવાની બુદ્ધિ હોય, ત્યાં જ શ્રદ્ધા થાય છે.
માર્ગે ચાલવું તેટલું કઠિન નથી, જેટલું માર્ગે ચઢવું તે છે.

જ્યાં સાબિત થવાની બુદ્ધિ હોય, ત્યાં શ્રદ્ધા હોય નહિ.
જ્યાં શ્રદ્ધા હોય નહિ, ત્યાં ચિત્ત સ્થિર થાય નહિ.
તેથી શ્રદ્ધા પહેલાં બુદ્ધિ તથા જ્ઞાન આવશ્યક છે.

'સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિયે,
તેહ જ્ઞાન નિતનિત વંદીજે, તે વિણ કહો કેમ રહીયે ?
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો...'

સાધનાના મુખ્ય બે અંગો: મૌન અને એકાન્ત.
મૌનથી ચિન્તનાત્મક સાધનોપાસના કરી શકાય, એકાન્તથી
એકાગ્રતાપૂર્વક ક્રિયાત્મક અનુષ્ઠાનોનું આરાધન થઈ શકે.
સાધનાના આ બંને અંગોને જનસંપર્ક સ્થગિત કરી દે છે,
તેથી સાધક માટે લોકસંપર્ક ત્યાજ્ય છે.

જ્યારે વિષયોની ઈચ્છામાત્ર નાશ પામે,
ત્યારે સર્વ વિષયોનું સમકાળે જ્ઞાન થાય છે.

મનુષ્યમાત્રમાં ઓછે - વધતે અંશે વાસના કે ઈચ્છા
રહેલી હોય છે પણ સાથે સાથે એને જાણવાનું અને
એના ઉપર વિજય મેળવવાનું બળ પણ રહેલું છે,
એ ભૂલવું જોઈએ નહિ.
રોગ છે, તો ઔષધ પણ છે.
નબળાઈ છે, તો તેને દૂર કરવાનાં સાધન પણ છે જ.

## પ્રણવ ધ્વનિનું માહાત્મ્ય

પ્રણવ ધ્વનિ કેવળ ધ્યાન દ્વારા અનુભવ કરવા યોગ્ય છે.
યથાર્થરૂપથી મુખ દ્વારા તેનું ઉચ્ચારણ થવું અશક્ય છે,
છતાં ગૌણરૂપથી તેનું ઉચ્ચારણ પણ કરાય છે.
વૈજ્ઞાનિક દૃષ્ટિથી જ્યાં કોઈ કાર્ય છે,
ત્યાં અવશ્ય કંપન હોય છે અને જ્યાં કંપન હોય છે,
ત્યાં અવશ્ય કોઈ ધ્વનિ યા શબ્દ હોય છે.
સૃષ્ટિના આદિ કારણરૂપ કાર્યની ધ્વનિ એ ઓંકાર છે
અને તે જ પ્રણવ ધ્વનિ છે.
પ્રણવ ધ્વનિરૂપ ધ્વન્યાત્મક શબ્દનું રૂપ
વર્ણાત્મક પ્રતિશબ્દ છે, તે શાબ્દિક ઓંકાર છે.
શાબ્દિક ઓંકાર અને શબ્દાતીત ઓંકાર, બન્ને પૂર્વાપર
સંબંધથી ઈશ્વરના વાચક હોઈને 'પ્રણવ' કહેવાય છે.
પ્રણવ મુખ્યપણે ધ્વન્યાત્મક હોવાના કારણે
તેનું કોઈપણ અંગ મુખથી ઉચ્ચારણ કરવાને યોગ્ય નથી,
માત્ર માનસિક જાપથી પર કેવળ ધ્યાનની અવસ્થામાં
અંતઃકરણની અંદર પ્રણવ ધ્વનિ સાંભળી શકાય છે.
એ ધ્વન્યાત્મક પ્રકૃતિનો આદિ શબ્દ ઈશ્વરવાચક
પ્રણવનો વર્ણાત્મક પ્રતિશબ્દ
ઉપાસના કાંડની સિદ્ધિ માટે બતાવ્યો છે.

એથી વર્ણાત્મક પ્રણવ પ્રતિશબ્દને ઓંકાર કરે છે. વાચક પ્રણવ તથા વાચ્ય ઈશ્વરને અનાદિનિત્ય સંબંધ છે. એ વર્ણાત્મક પ્રણવના માનસિકજપની પરિપક્વ અવસ્થા બાદ કેવળ ધ્યાનરૂપ પ્રણવાત્મક પ્રણવની ભૂમિમાં સાધક પહોંચી શકે છે, તેના પર પૂર્ણ અધિકારની પ્રાપ્તિ અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત કરવામાં સહાયક થાય છે.

૦ પ્રત્યેક મનુષ્યના અંતઃકરણમાં તામસી, રાજસી તથા સાત્ત્વિક વૃત્તિઓનો ઉદય અને વિલય થયા જ કરે છે. જે યોગી એ સંકીર્ણ ભાવોને દૂર કર્યા છે, તે યોગી બધાના અંતઃકરણ તથા તેની વૃત્તિઓને પોતાનું જ અંતઃકરણ તથા પોતાની જ વૃત્તિઓ જેવા રૂપમાં જુએ અને જે રીતે પોતાની રજસ્-તમસ્ વૃત્તિઓના વિરોધ-પૂર્વક સાત્ત્વિક વૃત્તિઓને જગાડવા પ્રયત્ન કરે છે, તેમ બધાના અંતઃકરણોની તામસી-રાજસી વૃત્તિઓના નાશ માટે અને સાત્ત્વિક વૃત્તિઓના ઉદય માટે પ્રયત્ન કરે છે.

૦ અહિંસા તથા બાળ પ્રમોદ વિપરીત

આચરણ કરવામાં મુખ્ય કારણ પોતાને પોતાના ભૌતિક શરીરમાં જ સંકુચિતરૂપે જોવું તે છે, તથા અહિંસાપાલનના અર્થ જીવોને અહિંસાનું ઉત્તમ સ્વરૂપ બ્રહ્માંડમાં પોતાના આત્માને વ્યાપકરૂપે જોવો તે છે.

અહિંસા એ સત્ય છે અને હિંસા એ અસત્ય છે,
કેમકે આત્મૌપમ્યભાવ સત્ય છે.
તે હિંસાદિ દુઃખદ છે અને અહિંસાદિ સુખદ છે.
ઉપાસ્ય સત્યનું સ્વરૂપ આત્મ - અનાત્મ, ચેતન - જડ,
નિત્યાનિત્ય, પવિત્રાપવિત્ર વસ્તુનો વિવેક છે અને
આત્માને ત્રિગુણાત્મક અંતઃકરણાદિથી
ભિન્ન અને જ્ઞાનસ્વરૂપ માનવો તે છે.
અંતઃકરણ શબ્દથી ત્રિગુણાત્મક શરીર, ઇંદ્રિયો, વિષયો તથા
ભૌતિક જગતથી સર્વદા, ભિન્ન માનવો તથા નિર્વિકાર,
નિર્લેપ, અસંગ, નિત્ય જ્ઞાનાનંદસ્વરૂપ અનુભવવો તે છે.
બ્રહ્મચર્યનું વાસ્તવિક સ્વરૂપ પાંચ પ્રાણો અને
અંતઃકરણ ઉપર પૂરો અધિકાર પ્રાપ્ત કરી લેવો તે છે.
એ અધિકાર બ્રહ્મનિષ્ઠાથી પ્રાપ્ત થાય છે, તેથી
બ્રહ્મનિષ્ઠ થવું તે જ પૂર્ણ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે.
ત્યાગીઓ માટે કૌડી માત્ર પરિગ્રહ અવિદ્યાદિ
ક્લેશ ઉપર તથા શરીર, ચિત્ત, અંતઃકરણ આદિ ઉપર
અહંત્વ - મમત્વ બુદ્ધિ ધારણા કરવી તે છે.
સર્વ પ્રકારના પરિગ્રહનું મૂળ કારણ તે છે.
ક્લેશાદિ સર્વ પર મૂર્છાભાવ ટાળવો તે અપરિગ્રહ છે.

સત્ય અને અસ્તેયવ્રત અહિંસાવ્રતનો જ વિસ્તાર છે.

ચતુર્થ અને પંચમ વ્રત તપસ્વરૂપ છે,

તેમાં ઈચ્છાનિરોધ પ્રધાનપણે છે.

બીજું અને ત્રીજું વ્રત સંયમપ્રધાન છે,

તેમાં ઈંદ્રિયનિગ્રહ મુખ્ય છે.

ચોથા અને પાંચમા વ્રતમાં મનોનિગ્રહ મુખ્ય છે.

સત્યમાં મુખ ઉપર સંયમ છે અને

અહિંસા અને અસ્તેયમાં હસ્તપાદ ઉપર સંયમ છે.

બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રતમાં

ઉપસ્થસંયમ અને મનોનિગ્રહ મુખ્ય છે.

શૌચ - સંતોષાદિ પાંચે નિયમોમાં ઈશ્વરનું પ્રણિધાન મુખ્ય છે. બાકી બધા નિયમોનું પાલન ઈશ્વર સમર્પણ રૂપે કરવામાં જ શ્રેય રહેલું છે. યમોમાં અહિંસા, તેમ નિયમોમાં ઈશ્વર પ્રણિધાન શ્રેષ્ઠ અને મુખ્ય છે.

સંકલ્પમયોઽયં પુરુષઃ। મનુષ્ય સંકલ્પથી જ બનેલો છે.

તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ ॥

અર્થાત્: તેથી મારું આ મન પવિત્ર સંકલ્પવાળું થાઓ.

પ્રારબ્ધ કર્મ સંકલ્પ દ્વારા જ ક્રિયમાણ બને છે.

સંકલ્પને વિશુદ્ધ રાખવાથી વિપત્તિ દૂર રહે છે.

વસ્તુતઃ દુનિયા આપણે જેને માનીએ છીએ, તે નથી.
જેનો આપણે વિચાર કે સંકલ્પ કરીએ છીએ, તે છે.
મનુષ્ય એ વિચારનું જ એક રૂપ છે.
જેવા વિચાર તે કરે છે, તેવો તે બની જાય છે.
ઉત્તમ વિચારો ઉત્તમ વિચારોને ખેંચે છે.
હઠ, દુરાગ્રહ, ઉચ્છૃંખલતા એ વિચારશક્તિ નથી.
વિચારશક્તિ એ આત્માની દૃઢતા અને શ્રેષ્ઠતાનું રૂપ છે.
હઠ ઈત્યાદિ આત્માની નિર્બળતાનું પરિણામ છે.
સંકલ્પશક્તિ વિકસાવવા આત્મવિશ્વાસ જોઈએ,
તેની દૃઢતા ઈશ્વરભક્તિ અને આસ્તિકતાથી પ્રકટે છે.
બધાં કાર્યો જ્યારે અનાસક્ત અને નિષ્કામ ભાવથી
ઈશ્વર સમર્પણ અર્થે થાય છે અને પોતાને કેવળ
ઈશ્વરનું એક કરણ સમજીને કર્તવ્યબુદ્ધિ કરાય છે,
ત્યારે તેની શારીરિક, માનસિક, આત્મિક શક્તિઓ
અગાધ અને અસીમ બની જાય છે.
ઈશ્વરાર્પણ બુદ્ધિવાળો જે કોઈ કાર્ય કરે છે,
તે સર્વ પ્રાણીઓના હિતાર્થે હોય છે,
તેથી તે દૃઢતાથી અને પૂરી લગનથી કરે છે.
એ જે સંકલ્પ કરે છે, તે પૂર્ણ થાય છે.

o આત્મભિન્ન શરીરાદિમાં

આત્માભિમાનરૂપ મોહ અસ્મિતાદિ સર્વ ક્લેશોનું મૂળ છે. લોભ, ક્રોધ, હિંસાદિનું મૂળ મોહ છે. સંશયાત્મક અને વિપરીત જ્ઞાનને મિથ્યાજ્ઞાન અથવા અજ્ઞાન કહે છે. વિતર્કોનું વિપરીત ફળ અનંત અજ્ઞાન - અનંત દુઃખ છે. અજ્ઞાન એટલે મોહ, દુઃખ એટલે પ્રતિકૂળ સંવેદન.

ઈશ્વરપ્રણિધાનથી સમાધિ સિદ્ધિ શીઘ્ર થાય છે. એનો અર્થ અન્ય યોગાંગો સહિત ઈશ્વરપ્રણિધાન સમજવો જોઈએ. ઈશ્વરપ્રણિધાનરહિત અન્ય યોગાંગો અનેક પ્રકારના વિઘ્ન સહિત હોવાથી દીર્ઘકાળે ફળે છે.

ઈશ્વરપ્રણિધાન સહિત યોગાંગોનું અનુષ્ઠાન નિર્વિઘ્નપણે શીઘ્ર સમાધિફળ આપે છે.

ઈશ્વરમાં દયાની સાથે ન્યાય પણ છે.

સર્વહિતાની સાથે સર્વશક્તિમત્તા પણ છે.

o 'નમો' એ મોક્ષનું કારણ છે, કેમકે નમો પદ વડે મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ સાધક મહાપુરુષોને પ્રણામ થાય છે. 'નમો' વિનયનું કારણ છે, કેમકે નમો પદ વડે મતિ - શ્રુત - અવધિ - મનઃપર્યવ અને કેવળજ્ઞાન પર્યંતનાં જ્ઞાનને ધારણ કરનાર મહર્ષિઓને પ્રણામ થાય છે.

'નમો' એ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને શુદ્ધિનું કારણ છે,
કેમકે નમો પદ વડે જીવનાં કષાયો શાંત થયા છે,
જીવને વિષયોની વાસના રહી નહિ, જીવના રાગાદિ
દોષો ક્ષીણ થયાં છે અને જ્ઞાનાદિ ગુણો પુષ્ટ થયાં છે,
જેઓએ અહિંસા, સંયમ અને તપ વડે દ્રવ્ય-ભાવકર્મો
નિર્મૂળ કર્યાં છે, તેમનું બહુમાન થાય છે, તેમના પર આંતરિક
પ્રીતિ જોડાય છે, તેમની સાથે ભાવ સંબંધ જોડાય છે.
નમો એ મુક્તિનું કારણ હોવાથી 'શાંતિકારક' છે,
જ્ઞાનાદિ ગુણોના વિનયનું કારણ હોવાથી 'તુષ્ટિકારક' છે,
તપ-સંયમાદિ અને મૂળ ગુણ-ઉત્તરગુણોના
બહુમાન રૂપ હોવાથી 'પુષ્ટિ અને શુદ્ધિકારક' છે.
નમો પદ સંસારસાગર તરવાનો સેતુ છે.
સંસારસાગરમાં ડૂબતા જીવોને નમોપદ વડે
મોક્ષસાગરમાં પ્રવાહિત થવાનો માર્ગ મળે છે. એ માર્ગે
જે ચાલે છે, તેઓ સંકલ્પ-વિકલ્પોના બંધનમાંથી છૂટી
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિમાં નિમગ્ન થવાનું બળ મેળવે છે.
'નમો' પદ વડે પરમપદ રહેલા જે પરમેષ્ઠિ ભગવંતોને
નમવામાં આવે છે, તે બધા કલ્યાણસાગર, મોક્ષસાગર,
સુખસાગરમાં નિમગ્ન થયેલ છે અને બધા જીવોને
નિજ સમ બનાવવા માટેના સદ્સંકલ્પથી સંયુક્ત છે.

o ખાનપાન - આચાર - વિચારની શુદ્ધિથી
નાડીગણ સ્વતઃ શુદ્ધ થવા લાગે છે.

કહ્યું છે કે: યુક્તાહાર - વિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।
યુક્તસ્વપ્નાવબોધસ્ય, યોગો ભવતિ દુઃખહા ॥ - ગી૦ ૬/૧૭
આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ સત્ત્વશુદ્ધૌ ધ્રુવા સ્મૃતિઃ ।
સ્મૃતિલમ્ભે સર્વગ્રન્થીનાં વિપ્રમોક્ષઃ ॥ - છાંદો૦

'સોઽહં' મંત્ર દ્વારા જડ શરીર પણ
ચેતનસત્તાનો અનુભવ કરે છે.

યોગક્રિયા તથા મંત્રક્રિયાથી પ્રાણલય
તથા શક્તિસંચય - બંને ક્રિયાઓ હસ્તગત થાય છે.

ચિત્તની વૃત્તિઓનું અંતર્મુખ તથા
હૃદયતંત્રના અનાહત સ્વરના ગુંજારવ સાથે
લય થઈને તદાકાર થઈ જવાનું નામ 'સાધના' છે.
વૃત્તિઓનું અંતર્મુખ તથા લયનો ઉપાય નાદાનુસંધાન છે.
તે બ્રહ્મજ્યોતિની ચેતનસત્તા છે અને યોગીગણ
ધ્યાનાવસ્થિત શાન્ત મનથી તેનું ચિન્તન કરે છે.

o

*The universe is selfcontrolled
and self - governed by
its own natural laws.*

ક વર્ગ = પૃથ્વ્યાદિ ૫ તત્ત્વ, ચ વર્ગ = ૫ તન્માત્રા સમૂહ,
ટ વર્ગ = કર્મેન્દ્રિય સમૂહ, ત વર્ગ = જ્ઞાનેન્દ્રિય સમૂહ.
પ વર્ગ = અહંકાર - ચિત્ત - બુદ્ધિ - મન - કાલપુરુષ.

૦ વૈકુંઠ એ આકાશનું, ગરુડ એ વાયુનું,
વિષ્ણુ (જ્યોતિરૂપ) એ અગ્નિનું, ગંગા એ જલનું તથા
હિમાલય એ પૃથ્વીનું પ્રતીક છે.

વૈકુંઠ = વિગતા કુંઠા યસ્માત્ = વ્યાધિશૂન્ય સ્થાન.
ગરુડને વાહન બનાવી વૈકુંઠમાં જવાય છે.
જ્યોતિસ્વરૂપ વિષ્ણુના ચરણમાંથી ગંગા.
પૃથ્વીતત્ત્વ રૂપ અષ્ટમૂર્તિ શિવના મસ્તક ઉપર ગંગા.

પૃથ્વી[1], સલિલં[2], તેજો[3], વાયુ[4]રાકાશ[5]મેવ ચ ।
સૂર્યા[6]ચન્દ્રમસૌ[7] સોમયાજી[8] ચેત્યષ્ટમૂર્તયઃ ॥ અર્થાત્ઃ
પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને ઈંદ્ર
આ આઠ 'મૂર્તિ' કહેવાય છે.

ગંગાનું ઉદ્‌ગમ સ્થાન હિમાલય પૃથ્વીતત્ત્વનું પ્રતીક છે.
પ્રત્યક્ષરૂપથી ગંગા જ કૈલાસવાસી શિવ ઉપર પડે છે.
શિવ અગ્નિનું પ્રતીક છે, કેમકે તે જ્યોતિસ્વરૂપ છે.
નંદીગણ વૃષભરૂપે પ્રાણોનું પ્રતીક છે. યોગીરાજ શિવ આ
પ્રાણસાધન ક્રિયામાં સિદ્ધ હોવાથી યોગીઓને વંદનીય છે.

બ્રહ્મક્રિયામાં સિદ્ધ હોવાથી

શિવ સદા સમાધિ - શૂન્યાવસ્થામાં મગ્ન રહે છે.

સમાધિની આ શૂન્યાવસ્થા આકાશનું પ્રતીક છે.

વિષ્ણુ સૃષ્ટિકમળના તથા શિવ સંહારકમળના પ્રતીક છે.

અવ્યક્ત તત્ત્વ અગ્નિતત્ત્વમાં આવીને વ્યક્ત થાય છે,

ત્યારે શિવ અને વિષ્ણુરૂપે

મૂર્તિરૂપમાં જ્યોતિની વ્યક્તોપાસના થાય છે.

અ + ઉ + મ ઓંકારરૂપ અવ્યક્ત તત્ત્વ

ઉ + મ + અ રૂપમાં ઉમા છે.

અવ્યક્તના જ વ્યક્તરૂપો ઉમા-વિષ્ણુ-શિવ ઇત્યાદિ છે.

o ન + પ : ન = કર્મેન્દ્રિયો, પ = જ્ઞાનેન્દ્રિયો.

કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોને વશ કરવાથી

ઉચ્છૃંખલતા ચાલી જાય છે, તેથી

તેમાંથી નમ્રતા ઉત્પન્ન થાય છે. ન + મ = નમ.

ક + મ = કામ, ક + લ = કાલ.

કામને વશ થવાથી કાલને આધીન થવું પડે છે.

ઇચ્છાથી મળેલું ફળ આનંદ આપે, પરંતુ સ્વયં પ્રાદુર્ભૂત

ફળ અક્ષય બને છે. મૃત્યુના ભયને જીતી જવો,

તે જ વાસ્તવિક મૃત્યુનો વિજય છે.

ॐ

Sheoganj, July - August, 1969 તા. ૨૯-૭/૬૯

શિવગંજ, જા. અષાડ સુદ - ૧૫, સં. ૨૦૨૫, સોમવાર

(1) મનની નિર્વિકલ્પતા (પ્રત્યાહાર)

(2) આરાધનામાં નિર્વિકલ્પ ધ્યાન (ધારણા)

(3) અજપાજપ (ધ્યાન)

પ્રત્યાહાર, ધારણા તથા ધ્યાન - આ ત્રણ સાધન છે.

(1) રૂપાતીત ધ્યાન (સમાધિ)

(2) શુક્લધ્યાન પહેલો પાયો }
(3) શુક્લધ્યાન બીજો પાયો } (સંયમ)

આ ત્રણ સાધ્ય છે.

મનની નિર્વિકલ્પતા એટલે સંકલ્પ-વિકલ્પનો ત્યાગ.

નિર્વિકલ્પ ધ્યાન એટલે

આત્માદિ કોઈપણ એક પદમાં મનને કેન્દ્રિત કરવું.

અજપાજપ એટલે મનની શાંત અવસ્થા, શાંત ચિત્તે જાપનું અવલંબન. ભાષ્ય, ઉપાંશુ અને માનસજાપ પછીની અવસ્થા, જેમાં મંત્રનું ઉચ્ચારણ કરવા માનસિક પ્રયત્ન નહિ પણ પૂર્વના પ્રયત્નથી થઈ રહેલ જાપનું માનસિક અવલંબન છે. રૂપાતીત ધ્યાનમાં મનની ક્રિયા સર્વથા રોકાઈ જાય છે તથા મન આત્માકારે પરિણમી જાય છે.

અજપામાં મન વડે સ્મરણ હતું,
રૂપાતીતમાં મનની કોઈ ક્રિયા રહેતી નથી અને
મન આત્મામાં નિમગ્ન થઈ જાય છે.
માનસજપમાં મન મંત્રાકાર બનતું હતું, અજપામાં મનથી
મંત્રનું ઉચ્ચારણ નહિ પણ માત્ર સ્મરણ રહે છે તથા
રૂપાતીતમાં મન પણ રહેતું નથી,
માત્ર નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ રહે છે.
શુક્લધ્યાનમાં માત્ર આત્માનુભૂતિ હોય છે,
તે માટે કુંડલિની ઉત્થાનની આવશ્યકતા છે.
માનવીના જીવનમાં ઈશ્વરનું અવ્યક્ત સ્વરૂપ રહેલું છે,
તે સાધનાના બળ વડે છતું થાય છે.
એને બેઠું કરવું, એનું નામ 'સાક્ષાત્કાર'.

<u>ભગવાનનાં દર્શન કોને થયાં ગણાય?</u>

ભગવાનના ભાવનું પ્રત્યક્ષ થવું,
એના ભાવની અંદર રહેલાં તત્ત્વો એટલે કે
ચરાચરપણું, અનંત - અમર્યાદ શક્તિ, અનેક પ્રકારના
ગુણો અને તેથી પણ પરની સ્થિતિ, નિર્વિકલ્પપણું-
અદ્વૈતપણું વગેરે પ્રત્યક્ષ અનુભવ રૂપે પ્રગટ થાય,
ત્યારે ભગવાનનાં દર્શન થયાં ગણાય.

ભગવાનનું દર્શન એટલે...

અદ્ભુત કાલ્પનિક ભાવ કે મનની કલ્પના કે સંસ્કાર.

તે પરંપરાગત જાણેલી એક ભાવના નહિ

અથવા શાસ્ત્રોમાં વર્ણવેલી દર્શનની સ્થિતિ પણ નહિ,

કેમકે તે પણ એક પ્રકારની મર્યાદા છે.

અમર્યાદ આત્મસ્થિતિનો પોતાની અંદર અનુભવ,

તે વાસ્તવિક દર્શન છે.

સામાન્ય માનવીનો જીવ પ્રકૃતિમાં છે,

સાક્ષાત્કાર પામેલા માનવીનો જીવ પ્રકૃતિનો

સાક્ષી, અનુમંતા, ભર્તા અને ભોક્તા બને છે.

તે પ્રકૃતિનો ઈશ્વર છે, સ્વામી છે, પ્રભુ છે.

પ્રકૃતિ યંત્રના એક કરણ તરીકે કાર્ય કરે છે.

સામાન્ય માનવમાં તે સ્વામી તરીકે કાર્ય કરે છે.

એક પ્રકૃતિના પ્રભાવ તળે છે,

જ્યારે પ્રકૃતિ ઉપર ભાનપૂર્વકનું પ્રભુત્વ ઈચ્છા કરે છે.

તેનું કર્મ પ્રકૃતિપ્રેરિત નહિ પણ પ્રભુપ્રેરિત હોય છે.

એના સત્વાસક્ત ભાવને શાંતિ અનુભવાય છે,

રાહત મળે છે, હૂંફ મળે છે,

કોઈકાળે ઉત્કટતા અનુભવાય છે.

શ્રી

એવા પુરુષોના સમાગમયોગે એમના પ્રત્યે આપણા મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, આત્મ, હૃદય જેવી જાતની ભાવનાવાળા છે, તેના ઉપર લાગલાગનું પરિણામ કરે છે, છતાં તે સમાગમ કદી એળે જતો નથી.

જેમ સાંસારિક કાર્યોના સંસ્કારો ચિત્તમાં સંગ્રહાય છે, તેમ સંતપુરુષ સાથેના સમાગમના સંસ્કારો પણ ચિત્તમાં સંગ્રહાય છે.
એ સંસ્કારો પણ એના કાળે મદદગાર થાય છે.

પ્રારબ્ધ કર્મના પ્રવાહમાં તણાતા જીવને પણ સંત સમાગમથી કંઈક લાભ થાય છે, માટે તે કરવા યોગ્ય ગણાય છે.

પ્રારબ્ધકર્મના સંસ્કારો ભોગવાઈ ગયા બાદ
તેની શુભ અસર જણાય છે.

માનવદેહનું પરમ સાધ્ય નિજાત્મા અને પરમાત્માના સંબંધની સાચી સમજ છે. તે સ્થિતિએ પહોંચવામાં અંતરંગ અને અંતિમ સાધન ગુરૂપાસ્તિ મનાયું છે. જેમ સ્વચ્છ અરીસામાં પ્રતિબિંબ સ્પષ્ટપણે જોઈ શકાય, તેમ અંતરશુદ્ધિ થયા પછી જ ઉપદેશાયેલા સિદ્ધાંતવાક્યનું રહસ્ય જિજ્ઞાસુના અંતરમાં ઉતરી શકે છે.
એને 'ગુરૂગમ' કહેવાય છે.

એના પ્રાયશ્ચિત પગથિયારૂપે
શમ - દમાદિ ષટ્સંપત્તિનું અનુષ્ઠાન છે.
જેમ માળ ઉપર જવા માટે સીડીનો આધાર લેવાય છે
તથા ઉપર જતાં તેનું છેલ્લું પગથિયું પણ છોડી દેવાય છે;
તેમ ચિત્તની સ્થિરતા માટે જે ઇષ્ટદેવનું પ્રતીક,
વૃત્તિને અંતર્મુખ કરવાના ઉદ્દેશથી સ્વીકારાયેલું હોય છે,
તે છેવટે આત્માનુસંધાન થતાં આપમેળે જ છૂટી જાય છે.
આમાં ઉપેક્ષાભાવ નહિ પણ સહજ ભાવે જ હોય છે.
જે વસ્તુ માટે સહારો લેવામાં આવ્યો છે,
તેના ઉપર વૃત્તિને લઈ જવાની હોય છે.
લક્ષ્યાર્થમાં વૃત્તિનું સ્થાપન થયા પછી કૃતાર્થતા અનુભવાય છે,
એનું જ નામ 'ગઢગામ' અથવા 'ગ્રન્થિભેદ' છે. આમાં
ક્રિયાયોગ એ આરંભનો છેડો અને ગ્રન્થિભેદ એ
અંતિમ છેડો છે. એ સ્થિતિ ઉપર જવા પછી જે સર્વત્ર
બ્રહ્મદર્શનભાવ ઉપજે છે, તેને જ 'સહજાવસ્થા' કહે છે.
એકવાર આ ભાવે હૈયું રંગાઈ ગયું, પછી બધો વ્યવહાર
એવા ભાવનાથિ થતો રહે છે કે : 'શરીરથિ થતી સઘળી
ક્રિયા પોતે નથિ કરતો પણ ઈશ્વર કરાવે છે, દરેક ક્રિયા
પોતાને માટે નથિ થતી પણ ઈશ્વરને માટે જ થાય છે.'

જેમ ખાંડણીમાં ચોખા ખાંડવા અગાઉ
તેમાંથી કાંકરા વીણી નંખાય, તેમ શમ-દમના પાલન-કાળે જ નિષિદ્ધ કર્મો ટાળી દેવામાં આવે છે, એટલે વિચારો બહુધા આત્મા-પરમાત્મા સંબંધી જ ઉપજે છે.

બંધનનું મૂળ છે 'વાસના'. વાસના વિષમય છે.
વાસનાને વશ થનાર સદાને માટે પરવશ બને છે.
એક વખત વાસનાને વશ થનાર સદાને માટે 'પરવશ' બની જાય છે તથા ઈશ્વરે બક્ષેલી મુક્તિનું મૂળ ગુમાવીને બંધનની બેડીથી તે જકડાઈ જાય છે.

રાગ-દ્વેષ એ અજ્ઞાનનું મૂળ છે.
અજ્ઞાન એકબાજુ સ્વદોષનો પક્ષપાત - રાગ કરાવે છે, બીજી બાજુ પરગુણનો દ્વેષ કરાવે છે.
આત્મત્વથી સર્વને ઉત્કૃષ્ટપણે જાણવાનું મૂળ સમત્વ છે, જે સમત્વ રાગ-દ્વેષનો નિર્મૂળ નાશ કરે છે.
સમતા એ ધર્મની સિદ્ધિ છે. તેના બે પાસા છે:
જીવમાત્ર સાથે મિત્રતા, પ્રસંગમાત્ર પ્રત્યે એકરાગતા.
સારા-નરસા પ્રસંગોમાં ચિત્તની એકરાગતાનું અનુભવન તથા શત્રુ-મિત્ર તમામ જીવો પ્રત્યે સમાનતાનું અનુભવન, તે સમતાની સિદ્ધિ છે.

પ્રશ્નોના સાચા સમાધાન કેમ

શાસ્ત્રોથી નહિ પણ શાસ્ત્રે બતાવેલા સાધનાથી થાય છે.
તત્ત્વનું માનસિક ચિન્તન એ સાધનાથી દ્વારા થતાં
પ્રકારના વિચાર અને વિવેચનરૂપ છે.
યોગ એ ચક્ષુ છે, સમાધિનું વિજ્ઞાન છે.
એ દ્વારા સત્યના દર્શનની શક્તિ પેદા થાય છે.
ચિત્તની શૂન્ય અને પૂર્ણ અવસ્થા એ સમાધિ છે.
objectively શૂન્ય અને subjectively પૂર્ણ
બને ત્યારે ચિત્તને સમાધિ પ્રાપ્ત થઈ ગણાય છે અને
સત્યને જોવા માટે તે જ એક પરમચક્ષુ છે.
Subjectively aware & objectively empty.
મુંડ કેવલીનો જીવ પોતાના આત્માને મૈત્ર્યાદિભાવથી
ભાવિત કરે, ગણધર કેવલી પોતાની સાથે પરિચિતોને
પણ આ ભાવનાથી ભાવિત કરે અને તીર્થંકર કેવલી
વિશ્વના તમામ જીવોને આ ભાવનાથી ભાવિત કરવાના
મનોરથ સાથે પ્રયત્નને કરે,
એ રીતે પ્રયત્નમાં તારતમ્ય છે પણ ભાવનામાં નહિ.

अधोऽधः पश्यतः कस्य महिमा नोपचीयते ।
उपर्युपरि पश्यतः स्वस्य सर्व एव दरिद्रति ॥१॥

(પરિશિષ્ટ-૩)

શ્રી

ચતુર્વિધ સંઘમાં આ ભાવના કાયમ રહે છે,
માટે જ તે પચીસમો તીર્થંકર ગણાય છે.
માતા જેમ પોતાના નાના બાળકનું પ્રેમથી પાલન કરે છે,
મોટું થાય ત્યારે કરુણાથી સેવા કરે છે,
મોટું થઈને હોંશિયાર થાય ત્યારે તેની પીઠ થાબડે અને
જ્યારે તે સ્વતંત્રપણે પોતાનો સંસાર ચલાવે અને
પોતાની ઇચ્છાથી વિરુદ્ધપણે વર્તે, ત્યારે પણ તેના તરફ
દ્વેષવૃત્તિ નહિ પણ મધ્યસ્થવૃત્તિ ધારણ કરે છે અને
જ્યારે જરૂર પડે ત્યારે તેને મદદ કરવા તૈયાર રહે છે;
તે પ્રમાણે સર્વજ્ઞકથિત ધર્મને પામેલો જીવ
સર્વ જીવો પ્રત્યે માતૃવત્સલવૃત્તિથી સહિત
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવથી વર્તે છે,
તેના પરિણામે સકલકર્મનો ક્ષય કરી સિદ્ધિપદને મેળવે છે.
જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોથી વિપરીત ભાવો ધારણ કરવા
તે પ્રજ્ઞાપરાધ છે, જે સર્વ રોગોનું મૂળ છે, પછી તે આહાર
સંબંધી હો, વિહાર સંબંધી હો યા વિચાર સંબંધી હો.
વિચાર સંબંધી અર્થાત્ મનોવ્યાપાર સંબંધી પ્રજ્ઞાપરાધ
મૈત્ર્યાદિ ભાવનાઓથી દૂર થાય છે, તેથી તે સર્વ રોગો,
દ્રવ્યભાવ ઉભય પ્રકારના રોગોને દૂર કરવાનું ઔષધ છે.

૦ પોતાનું સાચું ઘર સંસાર નહિ પણ મોક્ષ છે.
સાચું શરીર દેહ નહિ પણ આત્મા છે.
સાચું ધન બાહ્ય નહિ પણ આંતર કેવળજ્ઞાન છે. સાચા
સ્વજન શરીર સંબંધી નહિ, આત્મસંબંધી ચતુર્વિધસંઘ છે.
સાચો સ્વામી - માલિક બાહ્ય શેઠ - શ્રેષ્ઠિ નહિ, પરન્તુ
સર્વશ્રેષ્ઠ તીર્થંકર ભગવાન છે.

પુણ્યમાત્રના માલિક તેઓ છે, કેમકે પુણ્યના બધા
માર્ગ સર્વ પ્રકાર તીર્થંકર નામકર્મની પુણ્યપ્રકૃતિને
વિપાકોદયથી ભોગવનાર તીર્થંકર પ્રભુની ધર્મદેશનાથી છે.

૦ મંત્ર તે છે કે જેની
કર્તૃત્વશક્તિ વિષે અડગ શ્રદ્ધાવાળી પ્રતીતિ હોય.
સત્યસંકલ્પ મહાવ્રતધારી સન્ત
ઉગ્ર તપસ્વી મુનિની સાધના અવશ્ય ફળે છે.
મંત્રમાં વિશ્વાસબાહુલ્ય એ મોટું પ્રમાણ છે.

પ્રાકૃત દ્વયાશ્રય સર્ગ ૮ના શ્લોક ૨૩
નાડી - પવન - સંયોગ - પરિજ્ઞાન - विकलेन बहु -
क्लिश्यताऽपि યોગઃ સાધયિતું ન શક્યત ઇતિ ભાવઃ ।
- ટીકાકાર શ્રી પૂર્ણકલશ મુનિ (પરિશિષ્ટ-૪)

ઉપર્યુક્ત જ્ઞાન વિના સાધક ગમે તેટલો પ્રયાસ કરે,

તો પણ તેને સાધનામાં જોઈ સફળતા મળતી નથી.
આ જિનવચનોનું સુંદર ચિન્તન થયા કરે, તો એથી
માનસિક સ્વાસ્થ્ય સારું જળવાય તથા આત્મિક બળ મળે.
તેથી તેનો અભ્યાસ વધારવો જોઈએ.

૦ આધિ = મનની પીડા

સમાધિ = માનસિક દ્વંદ્વોમાં સમપરિણામ રાખવો તે.

યમ = મૃત્યુ

સંયમ = દેહમૃત્યુ આદિ પ્રસંગોમાં સમપરિણામ રાખવો તે.

ઉપ = નજીક, ઉપવાસ = આત્માની નજીક વાસ કરવો તે.

ઉપધાન = ધ્યાન નજીકની દશા, ધારણાનો અભ્યાસ.

ધારણા = આજ્ઞા, આસ્થા. જ્ઞાનીની આસ્થા ધારણ કરવી તે.

ધ્યાન = યાન અર્થાત્

વેગપૂર્વક એક સ્થાનથી બીજા સ્થાને લઈ જનારું વાહન,
તેના જેવી ધી અર્થાત્ બુદ્ધિ, તેને તીવ્ર બનાવનારી ક્રિયા.

ઉદાસીન = દેહરૂપી આસન ઉપરથી મનને ઉઠાડી દેવું તે
અથવા જીવનમાં સારા - નરસા જે કોઈ બનાવો બને,
તેના ઉપર તેથી અલિપ્ત મનને રાખવું તે.

શેઠ = શ્રેષ્ઠિ, સદ્ગુણશ્રેષ્ઠ જીવોને ઉત્તમ છે તે.

મોક્ષ = મોહનો ક્ષય કરવો તે.

ગીતા = ગીતને ગાનારી અક્રિય આત્મા.

દીક્ષા = દિક્ - દિશાઓનો ક્ષય કરવો તે,
દિક્ અને કાલાદિ પર થવાની ક્રિયા.

સિદ્ધચક્ર = સિદ્ધ થયેલું (આત્મા) ચક્ર.

સોઽહમવાસી = શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેનારી.

વિભંગ = ભંગ એટલે ગ્રન્થિભેદ,
તે જેને થયો નહિ, તેવા જીવનું જ્ઞાન.

મંત્ર = મનનું રક્ષણ કરે તેવો અક્ષરોનો સમુદાય.

મનનું રક્ષણ = મનને સંકલ્પ - વિકલ્પોરહિત બનાવવું.

મંત્રનું ઉચ્ચારણ જેમ વૈખરી વાણીથી થાય છે,
તેમ મધ્યમા, પશ્યંતી વગેરેથી પણ થાય છે.
મધ્યમાથી થાય તે માનસ છે,
પશ્યંતીથી થાય તે અજપાજપ છે.

અજપાજપ = અંદર થઈ રહેલા જપનું માત્ર મનથી શ્રવણ.
એ શ્રવણ વખતે મનથી ઉચ્ચારણ નહિ પણ
શાન્ત મનથી માત્ર શ્રવણ છે.

વૈખરીમાં વાણીથી - મધ્યમામાં મનથી ઉચ્ચારણ છે.
મન મંત્રાકારે બને છે, અજપાજપમાં મન મંત્રાકાર થતું
નહિ પણ શાંત રહીને માત્ર સાક્ષીરૂપે શ્રવણ કરે છે.

તે ઉચ્ચારણ જ્યારે અનાહતમાં ભળી જાય છે, ત્યારે
તે પરાવાણીરૂપે રહે છે, તેથી તેને પણ 'મંત્ર' કહેવાય છે.

આજ્ઞાચક્રનું ધ્યાન પણ મંત્રનું ધ્યાન છે, કેમકે
તે ધ્યાન મનને નિર્વિકલ્પ બનાવે છે. વળી મંત્રનું
પ્રયોજન પણ મનને સંકલ્પ - વિકલ્પરહિત કરવું તે છે.
આજ્ઞાચક્રના ધ્યાનથી કાર્ય સિદ્ધ થાય છે, તેથી તે મંત્રરૂપ
છે અને તેમાં વર્ણાત્મક મંત્ર ધ્વન્યાત્મક બની જાય છે.
તે ધ્વનિ અનાહત ધ્વનિ છે. તેને 'પરાવાણી' કહેવાય છે.

અનુસંધાન વિના અનુભૂતિ અશક્ય છે.
પ્રત્યેક ક્રિયામાં આત્માનુસંધાન જેને રહેતું હોય,
તે અનુક્રમે અનુભૂતિ સુધી પહોંચી શકે છે.

આજ્ઞાચક્રના ધ્યાનનું ફળ વૈરાગ્યાદિ આધ્યાત્મિક ગુણો
હોવાથી તેના ધ્યાનને મંત્રસ્વરૂપ ગણાય છે,
કારણકે તેથી મનનું નિર્વિકલ્પ થવારૂપ ફળ થાય છે.

અન્ય ચક્રો સાલંબન છે, આજ્ઞાચક્ર નિરાલંબન છે.
અન્ય ચક્રોથી ભૌતિક શક્તિઓ મળે છે,
આજ્ઞાચક્રથી આધ્યાત્મિક શક્તિઓ વધે છે.
ભૌતિક શક્તિઓ = કવિત્વ, વક્તૃત્વ તથા લેખકત્વાદિ.
આધ્યાત્મિક શક્તિઓ = વૈરાગ્ય, સમતા, આત્મભાવનાદિ.

આરાધકના ધ્યાનથી દિવ્યદૃષ્ટિ વિકસે છે,
આત્મશાંતિ મળે છે, શાંભવી મુદ્રા ય સિદ્ધ થઈ શકે છે.

માનવજીવનનું ધ્યેય શું ?

એક શબ્દમાં કહેવું હોય તો: આત્મકલ્યાણ.

આત્મકલ્યાણનો અર્થ આત્માનું જ્ઞાન,
આત્મશક્તિનો વિકાસ અને આત્મસ્વરૂપમાં રમણતા.

તે માટે સાધના = વૈરાગ્ય અને અભ્યાસ.

વૈરાગ્ય = વિષયોમાં અગ્નિ, સર્પ, વિષની જેમ હેયબુદ્ધિ,
'પ્રતિષ્ઠા એ ભૂંડણનો મળ તથા ગૌરવ તે રૌરવ નરક છે'
ઈત્યાદિ પુદ્ગલભાવમાં ત્યાજ્ય બુદ્ધિ.

અભ્યાસ = યમ-નિયમાદિ યોગાંગોનું આદરપૂર્વક સેવન.

જેઓ નિર્વિકલ્પ ધ્યાનની ભૂમિકાવાળા છે, તેઓનું ધ્યેય મોહ-ક્ષોભરહિત આત્મપરિણતિમાં સ્થિર રહેવું તે છે.

આત્મકલ્યાણને માટે નિર્વિકલ્પ ધ્યેયમાં સ્થિરતારૂપી ધ્યેયની સિદ્ધિ માટે સાધન શું? અને એ માટે પ્રભુની આજ્ઞા શું છે? તથા એ આજ્ઞાનું પાલન કઈ રીતે થાય?

આત્મકલ્યાણનું ધ્યેય સિદ્ધ કરવા માટે પ્રભુની આજ્ઞા સામાયિક ધર્મ - સમત્વની સિદ્ધિ. એ માટે ભાવના અને સદ્વિચારનું સેવન. આ સંસાર દુઃખરૂપ છે, પાપરૂપ છે,

શ્રી

સંતાન, મહેલ લક્ષ્મી - જેમના નિયમથી બંધાયેલો છે.
ધર્મપુરુષાર્થ વડે આત્મલાભ શક્ય છે,
આત્મલાભની સિદ્ધિ ધ્યાનથી છે.
એ ધ્યાન ધર્મરૂપ છે અને શુક્લરૂપ પણ છે.
વૈરાગ્યનો વિચાર ધર્મધ્યાન રૂપ છે,
આત્માનો વિચાર શુક્લધ્યાનરૂપ છે.
ભેદથી વિચાર તે શુક્લધ્યાનનો પહેલો પાયો છે,
અભેદથી વિચાર તે શુક્લધ્યાનનો બીજો પાયો છે, તેથી
મોહ સમૂલક્ષય પામી કેવળજ્ઞાન - મોક્ષ સુલભ બને છે.
નિર્વિકલ્પતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે મુખ્યત્વે
રૂપાતીત ધ્યાન અને શુક્લધ્યાનના બે પાયા છે.
તે માટે ધારણા - ધ્યાનનો અભ્યાસ છે.
યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર સહિત ધારણા-
ધ્યાનનો અભ્યાસ સમાધિની ભૂમિકા ઉત્પન્ન કરે છે,
તેથી મોહ - ક્ષોભરહિત આત્મપરિણતિમાં સ્થિરતા થાય.
The real aim of life is the
spiritual progress through meditation.
જેઓ નિર્વિકલ્પ ધ્યાનની ભૂમિકાવાળા છે,
તેઓના જીવનનું ધ્યેય શું ?

મોહ - ક્ષોભરહિત આત્મપરિણતિમાં સ્થિર રહેવું.
એ ધ્યેયને સિદ્ધ કરવા માટે પ્રભુની આજ્ઞા શું છે?

એનો ઉત્તર છે...

આજ્ઞા - ધ્યાનનો અભ્યાસ, મુખ્યતાએ રૂપાતીત
ધર્મધ્યાન તથા શુક્લધ્યાનનો પહેલો-બીજો પાયો.

'સમજીને શમાવું' એ મહાવાક્ય છે.

'હું આત્મા છું, રાગ-દ્વેષ અને
મોહ - ક્ષોભરહિત મારો સ્વભાવ છે'
એમ સમજીને, હવે તેમાં જ સમાઈ જવું એ તાત્પર્ય છે.
'માંડી પડ્યા તે મહાસુખ માણે' એ બીજું મહાવાક્ય છે.

જેઓ આત્મભાવમાં નિમગ્ન થયા છે,
તેઓ પરમ સુખનો અનુભવ કરે છે, તેથી
તેઓ મૌન અને એકાંત સેવનને જ પસંદ કરે છે.
મૌન મનન માટે, એકાંત અનુષ્ઠાન માટે.

ક્ષયોપશમભાવની સાધના અને
ક્ષાયિકભાવની અનુભૂતિને કરવા માટે
મનન અને અનુષ્ઠાન સતત આવશ્યક છે.
તે માટે વચન પર મૌન અને
કાયા પર જનસંપર્કના ત્યાગની જરૂર પડે છે.

## પ્રમોદભાવનું માહાત્મ્ય

ફળપ્રાપ્તિ માટે વર્તન મુખ્ય છે. વર્તનના મૂળમાં વિચાર છે.
વિચારના મૂળમાં સંસ્કાર અને સંસ્કારના મૂળમાં ભાવ છે.
ભાવનાના અભ્યાસથી ભાવ સ્થિર થાય છે.
ગુણરાગના અભાવે અભવ્યનો જીવ ઉત્કૃષ્ટ ચારિત્ર
પાળી નવમે ગ્રૈવેયક જાય તો પણ મુક્તિ પામતો નથી.
ગુણરાગ તે પ્રમોદભાવ છે, તેથી પ્રમાદ દૂર થઈ
મુક્તિ પર્યંતના સુખોનો જીવ અધિકારી બને છે.
ગુણરાગનો અર્થ નિજ આત્માના ગુણોનો રાગ પણ કરવો.

## મૈત્રીભાવનું માહાત્મ્ય

પરહિત ચિન્તાની બુદ્ધિ જેના અંતરમાં રહેલ છે, તેને
રાગ-દ્વેષ, ઈર્ષા - અસૂયાદિ ગુણવનને બાળી નાંખનાર
દાવાનલ સમાન દ્વેષ ટકતો નથી તથા વૈર-વિરોધનો ભાવ
ઉત્પન્ન થયો હોય, તો પણ તત્કાળ શમી જાય છે.
પરહિતચિન્તાનો સાત્ત્વિકભાવ સમ્યક્ત્વમાં સ્થિરતા લાવે
તથા ઉપશમ ગુણને પુષ્ટ કરે છે.
મૈત્રીની ભાવના એ ધર્મનો સાર તથા મોક્ષને દેનાર છે.
મૈત્રીભાવના દૃઢ કરવા માટે અને વૈરવિરોધ શમાવવા માટે
ઉભયકાળ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે.

# કરુણાભાવનું માહાત્મ્ય

કરુણાભાવ અહિંસા મહાવ્રતનું મૂળ છે.
અપ્રમત્ત મુનિને રોમેરોમ કરુણાભાવ હોય છે, તેથી
જીવહિંસા થઈ જાય તો પણ
કર્મનો બંધ નહિ પણ ઢગલે ઢગલે નિર્જરા થાય છે.
કરુણારહિત પ્રવૃત્તિમાં જીવ ન મરે,
તો પણ હિંસકભાવ છે, તેથી ઢગલે ઢગલે કર્મબંધ છે.
અપરાધી જીવ પ્રત્યે પણ કરુણા ટકી રહેવી,
તે સમકીત ગુણનું લક્ષણ છે, ચિહ્ન છે, નિશાની છે.
દીન-હીન જીવને દેખી જેના હૃદયમાં કરુણા ઉત્પન્ન
ન થાય, તેના અંતરમાં ધર્મ વસ્યો નથી, એમ ખાત્રીથી માનો.
અનુકંપા અને અભયદાન ધર્મમાં દૃઢતા લાવનારાં છે.
કરુણાવાન સૌ જીવોને આત્મસમાન જૂએ છે.
જેના હૃદયમાં દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારની અનુકંપા છે,
તે બળ, બુદ્ધિ, ઋદ્ધિ, સિદ્ધિનો અધિકારી બની
અક્ષય-અવ્યાબાધ મુક્તિ સુખનો ભોક્તા બને છે.

°

*Self Identification is compassion.*
*Having placed the mind in self, one*
*should not think of anything else.*

## માધ્યસ્થભાવનું માહાત્મ્ય

આ જીવ અનાદિકાળથી સમકીત પામ્યો નથી,
ચારિત્ર કે વીતરાગતા પામ્યો નથી, તેમાં પ્રભાવ કર્મનો છે.
કર્મ બળવાન છે, કર્મ પરવશ જીવ નિર્બળ છે.
કર્મ વિચાર ન આપે તો જિનેશ્વરોનો સંગ પણ ફળતો નથી.
કર્મનો આ વિચાર જીવો પ્રત્યે માધ્યસ્થભાવ લાવે છે,
તથા પરપરિવાદ આદિ મહાપાપોથી બચાવે છે.
કર્મની પ્રબળતાથી જ્યારે કોઈ ઉપાય ન રહે, ત્યારે
સમકીત દૃષ્ટિ જીવ મધ્યસ્થ રહે છે.
મરીચિ ઉપર ઋષભદેવ સ્વામી
જમાલિ ઉપર વીરપ્રભુ મધ્યસ્થ રહ્યા હતા,
તે કર્મની બળવત્તરતાના દૃષ્ટાંત છે.
એમ જીવ ઉપર, તેમ રોગ ઉપર, શોક ઉપર,
દારિદ્ર્ય, દુઃખ અને દૌર્ભાગ્યના ઉદય વખતે પણ કર્મનો
વિચાર કરી માધ્યસ્થભાવ કેળવવો એ જ વિવેકનું ફળ છે.
સુખદાયી કે દુઃખદાયી પદાર્થોના સંગ અને સમાગમ
સમયે કર્મનું ફળ તથા બળ વિચારી જેઓ મધ્યસ્થ રહે છે,
તેઓ જ સમતાભાવના સુખને અનુભવી
પરમ આનંદરસના ભોક્તા બને છે.

મૈત્રી = સર્વ જીવો પ્રત્યે હિતબુદ્ધિ.
મૈત્રી + પ્રમોદ = મૈત્રી સાથે ગુણાધિક પ્રત્યે પ્રમોદ.
મૈત્રી + કારુણ્ય = મૈત્રી સાથે દુઃખાધિક પ્રત્યે કરુણા.
મૈત્રી + માધ્યસ્થ્ય = મૈત્રી સાથે પાપાધિક પ્રત્યે મધ્યસ્થતા.

Bhavnagar, ૫-૨-૯-૯૨, બુધવાર

ધર્મધ્યાનમાં દેશ અને કાળનો વિચાર છે.
શુક્લધ્યાન દેશ અને કાળની મર્યાદાથી ઉપર છે.
ત્યાં એક અદ્વૈતનો જ અનુભવ છે.
શારીરિક રોગોમાં માનસિક અસ્વસ્થતાનો મોટો ફાળો હોય,
માનસિક અસ્વસ્થતા પ્રાયશ્ચિતકરણથી પણ દૂર થાય છે.
'પાપપ્રતિઘાત સૂત્ર'નો સ્વાધ્યાય પણ
નિયમિત ત્રણ વાર ખૂબ સ્થિરતાપૂર્વક થાય,
તો ખૂબ ખૂબ સમાધિનો અનુભવ થઈ શકે છે.

○

આદર્શ વડે ગુરુ મંગળમય, ઉપદેશ વડે ઉત્તમ અને
આલંબન વડે શરણરૂપ બને છે.
Guru works through teachings,
examples and influence.
Teaching = ઉપદેશ, Example = આદર્શ,
Influence = આલંબન.

29-5-69

૨૨ દિવસોમાં છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આયંબિલ ઘણાં થયા,
છતાં શક્તિ ઘટવાને બદલે ઉત્તેજના મળી છે.
કોઈ અગમ્ય, અગોચર શક્તિઓની અનુભૂતિ થઈ છે
અને આ ભૂમિકા પર રહીને શુભ ચિન્તન અને
ભાવનાનો પ્રયોગ પણ સારી રીતે થઈ રહ્યો છે.

- વિજયધર્મસૂરિ, મદ્રાસ

૦ પરસંપત્તિઓનો નાશ કરનાર ષડ્રિપુઓ છે.
ષડ્રિપુઓ ઉપર વિજય અપાવનાર
૭ ભક્તિની ભક્તિ અને અનુકંપાદાન
એ પરમ સાધનરૂપ છે.

| | | |
|---|---|---|
| કામ | દેવભક્તિ | દર્શન |
| ક્રોધ | ગુરુભક્તિ | જ્ઞાન |
| લોભ | શાસ્ત્રભક્તિ | ચારિત્ર |
| મોહ | ધર્મક્રિયા | તપ |
| મદ | મંત્ર | વીર્ય |
| મત્સર | મૂર્તિ | વીર્ય |

શરીરના રોગોની ચિકિત્સાની જેમ માનસિક રોગોની
ચિકિત્સા પણ ઉપર્યુક્ત સાધનોથી થઈ શકે છે.

તા. 1-8-69

નૈગમ નયના ત્રણ પ્રકાર: સંકલ્પ, આરોપ, અંશ.
સંકલ્પ = પ્રસ્થ બનાવવા કાષ્ઠ છેદવાની ક્રિયા કે પ્રસ્થ માટે લાકડું લેવા જનાર 'પ્રસ્થ લેવા જાય છે' એમ કહેવું તે.
આરોપ = 'આજે દિવાળીનો દિવસ છે' એમ કહેવું તે.
અંશ = 'જીવના આઠ પ્રદેશ ઉઘાડા છે, માટે જીવ એ સિદ્ધ સમાન છે' એમ કહેવું તે.

o પદયાત્રામાં ચિત્તનિરોધ તથા ચિત્તાહ્લાદ સધાય છે.

Swiftest traveller is the one,
who walks on foot.

o ક્રોધથી જ્વર, પિત્તપ્રકોપ થાય.
કામથી વાયુવિકાર થાય. લોભથી કફજન્યાત થાય.
મોહથી જડતા, આલસ્ય થાય. મત્સરથી ઈર્ષા થાય.
મદથી લોહીનું દબાણ થાય.

ધ્યાનના ત્રણ સોપાન

(1) મન, વચન, કાયાને સ્થિર કરવા.
(2) મનને આત્મધ્યાને સ્થાપવું.
(3) તે દ્વારા આત્મરમણતા કરવી.

અગ્નિ કાંચનની કસોટી કરે છે, વિપત્તિ વીર પુરુષોની.

શ્રી

શરીર - આત્મા વચ્ચે સેતુ = પ્રાણ કે શ્વાસપ્રશ્વાસ.
'શરીર હું છું' એ ભાવ બદલાઈને 'શરીર મારો આવાસ
છે પણ આધાર નહિ' એવો જ ભાવ થવો જોઈએ.
ધ્યાન દ્વારા શ્વાસપ્રશ્વાસનું પ્રત્યક્ષ થતું જાય છે,
તેમ આત્માની નિકટતાનો અનુભવ વધતો જાય છે.

૦ વાણી જેને અગમ કરે છે અને તે વડે જે તત્ત્વની
ઉપાસના કરાય છે, તે બ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ નહિ.
બ્રહ્મતત્ત્વ વાણીથી અતીત છે.
તે વાણીનું પણ જાણનાર, પ્રેરનાર અને પ્રવર્તાવનાર છે.

°

Truth is beyond letters, words, books.
My center alone is universal,
and therefore in harmony with all
aspects of universe:
my periphery (વ્યક્તિત્વ) is personal,
made up in a perticular manner,
and has a selective attitude to the
outer world.

'ૐ નમો ગોયમાઈણં મહામુણીણં ।' વહ્ની - ૬૨

o હિંસા નકારાત્મક છે, અપ્રેમ છે.
અહિંસા પ્રેમ છે અને પ્રેમ એ જીવન છે.
'અહિંસા' શબ્દમાં હિંસાની નિષેધાત્મકતાનો નિષેધ છે,
તેથી અહિંસા શબ્દ વિધાયકતાનો સંકેત કરે છે.
હિંસાથી બચવું એ જ માત્ર અહિંસા નથી, કિન્તુ
જેમ આરોગ્યશક્તિનું જાગરણ એ સ્વાસ્થ્ય છે, તેમ
અહિંસા એ હિંસાથી બચાવ તથા આત્માનું જાગરણ છે.
અહિંસાથી કેવળ દુઃખમુક્તિ છે,
એટલું નહિ પણ તે આનંદની પ્રતિષ્ઠા છે.
અંધકાર મિટાવવાનો ઉપાય પ્રકાશને પ્રકટાવવો તે છે.
હિંસા અને દ્વેષરૂપી અંધકાર અહિંસા અને પ્રેમથી જાય.
'કર્મબીજને બાળી નાંખવું' એનો અર્થ છે
કર્મભોગ વખતે રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થવા દેવી તે.
કર્મનું બીજ રાગ-દ્વેષ છે,
રાગ-દ્વેષનો ક્ષય કરવાથી કર્મબીજ બળી જાય છે.
દગ્ધે બીજે યથાઽત્યન્તં પ્રાદુર્ભવતિ નાંકુરઃ ।
કર્મ બીજે તથા દગ્ધે ન રોહતિ ભવાંકુરઃ ॥ અર્થાત્ઃ
જેમ બીજ બળી જાય તો અંકુરો પ્રગટતો નથી,
તેવી રીતે કર્મબીજ બળી જાય પછી
સંસારનો અંકુરો ઉગતો નથી.

૦ ગુણસ્થાનક જેમ-જેમ ઊંચું આવતું જાય છે,
તેમ તેમ કષાયભાવની મંદતા થતી જાય છે,
રસ અને સ્થિતિ ઘટતાં જાય છે.
દસમા ગુણસ્થાનકે કષાયાંશ એટલો મંદતમ થઈ જાય છે કે
તેમાં નવીન કષાય-કર્મ બાંધવાની શક્તિ જ રહેતી નથી.
વીતરાગ ગુણસ્થાન ઉપર રાગ-દ્વેષ સર્વથા ચાલ્યા જાય,
ત્યારે કર્મબંધન બળીને ભસ્મ થયું ગણાય છે.
આત્મા કર્મનો કર્તા છે, તેમ ભોક્તા પણ છે.
રાગ-દ્વેષ નાશ પામવાથી કર્મનું કર્તૃત્વ નાશ પામ્યા પછી
પણ કર્મફળ ભોક્તૃત્વ ઊભું રહે છે. કર્મનું આંતરિક
કારણ કષાય નાશ પામ્યા પછી કર્મ કરવા છતાં અકર્મ
દશા રહે છે. પ્રાચીન ભોગ અવશેષ રહે છે, તે સમાપ્ત
થયા બાદ જ પૂર્ણ મુક્તાવસ્થા પ્રાપ્ત થાય છે. તે કારણે
'ભોગનો સર્વથા ત્યાગ અશક્ય પણ
ભોગની આસક્તિ ત્યાજ્ય છે' એમ કહેવાય છે,
ભોગત્યાગની અપેક્ષાએ આવશ્યક એવા
અન્ન-વસ્ત્રાદિના ભોગ વખતે પણ
રાગ-દ્વેષની તીવ્રતા થવા ન દેવી,
એ જ મોક્ષમાર્ગનો ઉપદેશ છે.

રાગ-દ્વેષ જેટલા અંતર છે, તેટલા રાગ-દ્વેષ વિના
જે ભોગોપભોગ થાય છે, તે અંતર માન્યા નથી.
આવશ્યક ભોગોપભોગમાં રાગ-દ્વેષની પરિણતિ થાય, તો
તે ત્યાજ્ય છે પણ વસ્ત્ર, પાત્ર, સ્થાન, શયન, આસનાદિ
ધર્મસાધનામાં આવશ્યક વસ્તુઓ ત્યાજ્ય માની નથી.

રાગ-દ્વેષની પરિણતિ અને
આસક્તિનો ભય સર્વદા, ત્યાજ્ય મનાયો છે.

o શરીર અને ઇંદ્રિયોથી થયેલ ભૂલ માટે શરીર
અને ઇંદ્રિયોને દંડ દેવો, શિક્ષા કરવી હજુ શક્ય છે પણ
મનની ભૂલ માટે મનને સમજાવવા સિવાય
બીજો કોઈ દંડ કે શિક્ષા અશક્ય છે.

'દુષ્કૃતમાત્ર ગર્હણીય છે, સુકૃતમાત્ર અનુમોદનીય છે'
એમ મનને સમજ આવ્યા પછી દુષ્કૃતરસ રહેતો નથી,
સુકૃત કરવા માટેનો ઉત્સાહ પ્રતિદિન વધતો જાય છે.
'મનને વિશ્રાંતિ લેવાનું સ્થાન અરિહંતાદિ ચાર છે' એવું
સમજાયા પછી હલકા આલંબનો તરફ મન જતું નથી.
ખોટા નિમિત્તોની અસર તળે આવવાનું મન થતું નથી
અને સારાં નિમિત્તો શોધવા તરફ મન ઉત્કંઠિત રહે છે.

જીવન મૃત્યુ માટે નથી પણ
મૃત્યુને જીતવા માટે છે અર્થાત્ સાધના માટે છે.

મન જેમ પાપની જડ છે, તેમ ધર્મની પણ જડ છે. મનને મારવાનું નથી પણ મન દ્વારા સાધના કરવાની છે. મન ચંચળ છે એ એનો દોષ નથી, સ્વભાવ છે. મન ચંચળ તથા સ્ફૂર્તિશીલ છે એટલે જ તે ચિન્તન-પ્રધાન બની શકે છે અને શાસ્ત્ર - સિદ્ધાંત, રાજ-વિજ્ઞાન ઉપર કાબૂ મેળવી શકાય છે. મનમાં ચિન્તન કરવાની અગર હિલચાલ કરવાની, ફેરફાર થવાની શક્તિ ન હોત તો હજારો પ્રકારની શોધ અને તે દ્વારા ઐશ્વર્ય અને વૈભવાદિની પ્રાપ્તિ ક્યાંથી શક્ય હોત? શ્રુતજ્ઞાનનું મૂળ જ મન છે. 'મનનાત્મકંમનઃ।' મનની આ મનનશક્તિ વડે જ તે સ્ફુર્તિપ્રદ, સ્વચ્છ, નિર્મળ અને તેજસ્વી સદા શ્રુતજ્ઞાનનું કારણ બની શકે છે. મન દ્વારા જ મનુષ્યોએ મહેલ બનાવ્યા છે, રાષ્ટ્રના નિર્માણ કર્યા છે અને મન દ્વારા જ સ્વર્ગ અને મોક્ષ સુલભ બને છે. શરીર અને ઇંદ્રિયો તો પશુઓને પણ છે અને મનુષ્ય કરતાં વધારે શક્તિશાળી અને સૂક્ષ્મ છે, છતાં જે ફરક છે, તે મનનો જ છે. બળવાન તથા તેજસ્વી અશ્વો મળવા તે મોટું નથી પણ તેના પર સવારી કરવા માટે જે શક્તિ-બુદ્ધિ જોઈએ,

તે જેનામાં ન હોય તે ઘોડાનો દોષ કાઢે,
તે વ્યાજબી નથી, તેવું જ મનુષ્યના મનને માટે છે.
તે ચંચલ અને બલિષ્ઠ મળ્યું છે, તે ભાગ્યોદય છે.

તેના ઉપર સવાર થવાની કે સવાર થયા પછી
કાબુ રાખવાની શક્તિ મેળવવી જોઈએ તો પૂરતું છે.
નદીમાં નિર્મળ - સ્વચ્છ જળ ભરપૂર અને તેના
વેગની ધારા પ્રચંડપણે વહી રહી છે તે ખોટું નથી, પણ
તેને તરવાની કળા ન જાણવી તે ભૂલ છે, પ્રમાદ છે.
સમુદ્ર ઘણો ઊંડો છે તો પણ મનુષ્ય બુદ્ધિબળથી તરવા
માટે સ્ટીમરો બનાવીને તેનું ઉલ્લંઘન કરી જાય છે.
નદી કે સમુદ્રમાં પાણી ન હોવું એ ઈચ્છવા યોગ્ય છે
કે હોવા છતાં બુદ્ધિના બળથી તેનો તાગ પામવો અને
તે પમાડનાર મન હોવું તે ઈચ્છવા યોગ્ય છે? સ્ફૂર્તિ, શક્તિ
અને વેગવાળું મન મળ્યા પછી તેને સાધવું જોઈએ, તેના
ઉપર કાબુ મેળવવાની કળા હસ્તગત કરવી જોઈએ.
સુખ-દુઃખ બંને અવસ્થામાં સ્વસ્થ કેમ રહે તે જાણવું,
શીખવું જોઈએ, તે માટેના ઉપાયોનો અભ્યાસ કરવો
જોઈએ. દુઃખ વખતે વજ્રવત્ કઠોર અને સુખ વખતે
પુષ્પવત્ કોમળ રહી શકે, તેનો ઉપાય જાણવો જોઈએ.

મનરૂપી ઘોડાને કાબુમાં રાખવા માટે એક જ્ઞાન રૂપી લગામ બસ છે. તોફાની ઘોડાને ગોળીથી મારીને મડદું બનાવવાની જરૂર નથી, પણ જ્ઞાનરૂપી લગામથી અંકુશ મેળવી કામ લેવાની જરૂર છે. વિવેક અને વિચારની લગામ જોઈએ. તે માટે તપ, સંયમ, સ્વાધ્યાય ચિન્તન, મનન, ધ્યાન આદિનો અભ્યાસ જોઈએ. અભિમાન, અહંકાર, લોભ, તૃષ્ણા ઉપર જ્ઞાન - ધ્યાનનું નિયંત્રણ ન રહે તો અનર્થનો પાર ન રહે. દ્વન્દ્વ, સંઘર્ષ, ઘૃણા, કલહાદિથી બચવા માટે જ્ઞાનનું બળ જ સમર્થ છે, તેથી ઇચ્છાનુસાર ઉપયોગ થઈ શકે. મન વશ કરવા માટે આત્માના શુદ્ધ સ્વરૂપનો બોધ અંતિમ સાધન છે.

o અવિશ્વાસથી હૃદય અશાન્ત રહે છે,
આત્મવિશ્વાસથી પ્રસન્નતા બને છે.
પ્રસન્ન મનવાળાની બુદ્ધિ સ્થિર રહે છે.
બીજામાં ગુણને દેખો અને ગ્રહણ કરો,
પોતામાં દોષોને દેખો અને ત્યાગ કરો.

o રૂપ, ગુણ કે ક્રિયા સુધ્ધાં એનાં નથી, તેનામાં સંખ્યાની કલ્પના - દ્વૈતાદ્વૈતની વિચારણા કરવી, તે શું સંગત છે?
સંખ્યા પણ ગુણત્વ જાતિ ધરાવે છે,
તેથી તે પણ બ્રહ્મમાં કેવી રીતે હોય?

૦ ગહન અદ્વૈત બ્રહ્મનો અનુભવ કરવો હોય તો તેનું
મૂલ્ય પણ ચૂકવવું જોઈએ. સૌથી અધિક મૂલ્યવાન
બ્રહ્મને મેળવવા માટે પોતા પાસે રહેલ સૌથી અધિક
મૂલ્યવાન જે અહં તેને આપી દેવો, ત્યજી દેવો જોઈએ.

અહંનું વિસર્જન તે જ અહંનું સર્જન છે.

કેન્દ્રના સંધાન માટે પરિધિ છોડવી જોઈએ.

'બ્રહ્મ' વ્યક્તિ નહિ, અનુભૂતિ છે.

શાસ્ત્રોને જાણવાથી સત્ય જણાતું નથી પણ
સત્યને જાણવાથી શાસ્ત્રો જાણી શકાય છે.

આકાશ સાથે મળવા માટે આકાશ જેવા થવું જોઈએ.

આકાશ રિક્ત અને શૂન્ય છે,
તેટલું જ બ્રહ્મ પણ મુક્ત અને અસીમ છે.

જ્ઞાતા - જ્ઞેય, દ્રષ્ટા - દૃશ્ય જ્યાં ત્રણેય ભિન્ન છે,
ત્યાં ત્રણેય સત્યથી વેગળાપણું છે.

સ્વયંના સાક્ષાતમાં અન્યતા લોપાઈ જાય છે, તેથી સ્વયં
અભિ સત્ય છે, ત્યાં જ્ઞેય - જ્ઞાન - જ્ઞાતા એક જ છે.

વિચારની સીમા જ્ઞેય પર્યંત છે.

વિચાર સ્વયં જ્ઞેય અને દૃશ્ય છે.

અજ્ઞાત - અજ્ઞેયને જાણવાનું સાધન જ્ઞેય ન બની શકે.

શૂન્યથી નિર્વાણ અને મુક્તિ ફળ પામી શકાય છે.
નિર્વાણ અને ફળ શબ્દથી ભિન્ન છે, અર્થથી એક છે.
શૂન્યને જાણવા માટે કોઈ શબ્દ કે પ્રમાણ છે નહિ.
શૂન્ય એ ભાવ નહિ અને અભાવ પણ નહિ કિન્તુ
તે વાણી - વિચારથી વ્યક્ત ન કરી શકાય એવું છે.
શૂન્યનો અર્થ પણ તે જ એટલે કે તે જ અવ્યક્ત છે.
અભાવ = જેનો ભાવ વાણી વડે વ્યક્ત ન થઈ શકે તે.

વસ્તુરૂપે અભાવ નહિ પણ સદ્‌ભાવ છે.

વાણીરૂપે સદ્‌ભાવ નહિ પણ અભાવ છે.

o બધી નદીઓ સમુદ્ર તરફ વહે છે, તેમાં કારણ
સમુદ્રની નમ્રતા - નીચા સ્થાને રહેવાપણું પણ છે.
જે સૌથી વધુ નમ્ર છે, તે સૌથી અધિક પાત્ર છે, જે સૌથી
અધિકપાત્ર છે, તેની તરફ સર્વ સંપત્તિઓ ખેંચાઈ આવે છે,

આત્માનું રાજ્ય ક્યાં છે ? હૃદયમાં.

હૃદય પર આત્માનું રાજ્ય છે, કેમકે ત્યાં પાંચ ઇંદ્રિયો-
ઇચ્છાશક્તિ પર ઇચ્છા મુજબ શાસન કરી શકાય છે.
પાર્થિવ રાજ્યની અપેક્ષાએ એ મોટું અને વિશાળ છે.

o દુનિયામાં સૌથી મોટું અસત્ય 'હું',
'અહમ્', ego sense છે. 'અહં'ને છોડવો તે જ
તાત્વિક સંન્યાસ છે, કેમકે 'અહં' એ જ સંસાર છે.

શરીરને હું માનનાર પરબુદ્ધ ત્રસ્ત રહે છે.

જેટલું મન દૃશ્યમાં લીન રહે છે, તેટલી નિદ્રા છે

અને જેટલું મન દ્રષ્ટામાં રહે, તેટલું જાગરણ છે.

પ્રેમથી વધુ મોટી શક્તિ કે ઉપલબ્ધિ છે નહિ.

પ્રેમમાં આનંદ અને અપ્રેમમાં નર્ક છે.

પ્રેમના પ્રવેશમાં નર્ક ભાગે છે.

પ્રેમના વિરહમાં નર્ક પ્રવેશ કરે છે.

અહંકારના મૃત્યુમાં આત્માનું જીવન છે.

પ્રેમથી અહંતાનો ઉચ્છેદ થાય છે અને

એમ જ પરમસત્ય પ્રતિ આત્મસમર્પણ કરી શકે છે.

અહિંસાના મૂળમાં પ્રેમ અને હિંસાના મૂળમાં ઘૃણા છે.

મહત્ત્વાકાંક્ષાના મૂળમાં ઘૃણા - પર પ્રત્યે હીનતાભાવ છે.

મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ સ્વયંથી અન્ય હીનત્વની આકાંક્ષામાં

પોતાના સ્વાભાવિક રૂપને ઢાંકે છે.

ઢાંકવા માત્રથી વસ્તુ સ્વરૂપનું વિસર્જન થતું નથી.

વસ્તુ સ્વરૂપની વિસ્મૃતિ અને વિસર્જન એક નથી.

હીનતાની વિસ્મૃતિ હીનતાની મુક્તિ નથી.

મહત્ત્વાકાંક્ષી ચિત્તની પ્રત્યેક સફળતા આત્મઘાતી છે.

તે અગ્નિમાં ઘી હોમવાનું કાર્ય કરે છે.

મહત્ત્વાકાંક્ષા એક પ્રકારની અવિદ્યા અને વાસના છે.
પરમાત્માને પામવા માટે વાસનાનો ત્યાગ અનિવાર્ય છે.
ક્રોધ અને ઘૃણા - એ પરમાત્માને પામવાનો નહિ પણ
પરમાત્માથી દૂર જવાનો માર્ગ છે.

પ્રેમ જ પરમાત્માને પામવાનો માર્ગ છે.
પ્રેમ એ જ પ્રાર્થના છે, પ્રેમ જ પરમાત્મા છે,
પ્રેમ માર્ગ છે, પ્રેમ દ્વાર છે, પ્રેમ શક્તિ છે. પ્રેમ
પ્રાણોની પ્યાસ અને અંતે પ્રેમ જ પ્રભુપ્રાપ્તિ છે.
પરમાત્માનું કોઈ મંદિર કે મૂર્તિ હોય તો તે પ્રેમ છે.
પ્રેમ માટે અહંકાર જવો જોઈએ - મહત્ત્વાકાંક્ષા મટવી જોઈએ.

પ્રેમ જ આનંદ, પ્રેમ જ અહિંસા
અને પ્રેમ જ આત્માનું જ્ઞાન છે.
પ્રેમ જ પ્રાર્થના છે અને પ્રેમ જ સત્ય છે.
પ્રેમ બંધન નહિ પણ મુક્તિ છે.
બંધન છે, ત્યાં પ્રેમ નથી પણ પ્રેમનો આભાસ છે.
સાચો પ્રેમ નિષ્કામ અને અલૌકિક છે.
પ્રેમ એ રાગ નહિ પણ અનુરાગ છે.
જ્યાં પ્રેમ છે, ત્યાં આનંદ છે.
પ્રેમ સ્વર્ગ છે, હિંસા અને ઘૃણા નરક છે.

પ્રેમ આત્મજ્ઞાનની આધારશિલા છે.
પ્રેમની વ્યાખ્યા આત્મસમર્પણ - અહંવિસર્જન છે.
જ્ઞાનને છોડવાથી અજ્ઞાન આવે છે.
જ્ઞાન એ સંગ્રહ નહિ, શક્તિ છે.

## વિચાર અને વિવેક

વિકલ્પો અને વિચારોનો ત્યાગ, એ સાચો ત્યાગ છે.
વિચારોના સાક્ષી બનો, માલિક નહિ.
વિચારોને તટસ્થભાવે જુઓ, પકડો નહિ.
વિચાર મારા નથી, ઉધાર અને વાસી છે.
વિચાર યાત્રી છે, મન તેને ઠેરવા માટેની ધર્મશાળા છે.
વિચાર કેવળ વિચાર છે,
એમાં સારા - ખોટાની ભાવના બંધન છે.
નિર્બન્ધન થવા માટે સાક્ષીભાવ આવશ્યક છે.
સાક્ષીભાવ એટલે ન રાગ, ન દ્વેષ.
એથી વિચાર નવા આવતા આપોઆપ બંધ થાય છે.
વિવેક સ્વકીય છે, વિચાર પરકીય છે.
વિચાર એ શૂન્ય છે, વિવેક એ પૂર્ણ છે.
વિવેક પ્રશ્ન છે, તે પ્રકાશ તથા પરમાત્મા તરફ દોરે છે.
વિચાર પ્રકાશ તથા પરમાત્મા - એ બેથી દૂર કરે છે.

વિચાર એ રેત છે, વિવેક એ રત્ન છે.
વિચાર એ માટી છે, વિવેક એ હીરા છે.
રત્ન અને હીરા મેળવવાના છે,
રેત અને માટી આપોઆપ છૂટી જનાર છે.
છોડવું તે નકારાત્મક છે, દુઃખ છે, દમન છે.
પામવામાં આનંદ છે, સુખ છે, શાંતિ છે.
સ્વપ્નોને છોડવાના નહિ, માત્ર જાગવાનું છે.
જાગવા માત્રથી સ્વપ્ન ચાલ્યા જાય છે,
ત્યાગ કોઈ ક્રિયા નહિ, જ્ઞાનનું સહજ પરિણામ છે.
ત્યાગમાં જે છૂટે છે, તે નિર્મૂલ્ય છે.
જેની ઉપલબ્ધિ થાય છે, તે અમૂલ્ય છે.
બંધન છૂટે છે તો મુક્તિ મળે છે.
છોડવાનું છે તુચ્છ, મેળવવાનું છે સર્વસ્વ.
તેથી ત્યાગ નકારાત્મક છે અને લાભ સત્તાત્મક છે.
જે સત્ છે, તેનો નાશ નહિ.
જે નહિ, તે કદી હતું નહિ, ઉત્પન્ન થયું નહિ.
અંધકાર અભાવાત્મક હોવાથી જાય, પ્રકાશ કાયમ રહે.
સાગર કાયમ છે, બુદબુદ અસ્થિર છે.

ह्रीं ॐ श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ॐ ह्रीं

સત્ય જાગૃતિ છે, અસત્ય સુષુપ્તિ છે.

પ્રેમમાં હું નહિ પણ તું છે.

જ્યાં 'હું' છે ત્યાં અહંકાર, જ્યાં 'તું' છે ત્યાં પ્રેમ છે.

હું એ ગાંઠ-બંધન છે, તું એ પ્રેમ છે, બંધનનો છેદ છે.

'તું જ છે' એ સમસ્ત ધર્મોનો સાર છે.

બુદબુદની કોઈ સ્વતંત્ર સત્તા નથી, છતાં 'હું'નું બુદબુદ સત્તાપ્રવાહથી પોતાને ભિન્ન કલ્પે છે, તે જ અસત્ય છે. બુદબુદનું પોતાનું કોઈ કેન્દ્ર કે સ્વતંત્ર જીવન નથી, સાગર જ તેનું જીવન છે. 'હું'ની ભીતરમાં પ્રભુ છે.

બૌદ્ધિક નિર્ણયો અને તાર્કિક ધારણાઓનો આગ્રહ સત્યની પ્રાપ્તિમાં પ્રતિબંધક છે. 'સત્ય કેવું છે?' એનો નિર્ણય નહિ પણ અભેદ સાધવાનો ધ્યેય છે.

જેને કોઈ પક્ષ કે મત છે, તેને સત્ય મળતું નથી.

'સર્વ ધર્મોનો ત્યાગ કરી એક મારે શરણે આવ.'

આ વાક્યની પાછળ એ જ મર્મ રહેલો છે.

પ્રભુ ખોવાતા નથી પણ ભુલાઈ જાય છે.

એ માટે અપેક્ષા છે સ્મરણની, ભાનની.

જાણવું તે જ પહોંચવું છે, તે જ પ્રભુની ઉપલબ્ધિ છે.

જ્યાં સત્તા છે, ત્યાં ક્રિયાઓનો અભાવ છે.

દૃશ્ય અનિત્ય - પર - સંસાર - બંધન આવાગમન છે,
દ્રષ્ટા સ્વ છે, નિત્ય છે, બ્રહ્મ છે, મુક્તિ-મોક્ષ-નિર્વાણ છે.
અનુભૂતિ ત્યારે થાય, જ્યારે બુદ્ધિ મૌન ધારણ કરે છે.
વિવેક ત્યારે જાગે છે, જ્યારે વિચાર ચૂપ થાય છે.

બુદ્ધિ પૂછવાનું જાણે છે, સમાધાન આપતી નથી.
સમાધાન શૂન્યમાં, મૌનમાં, નિઃશબ્દમાં છે.
ચિત્તની નિસ્તરંગ સ્થિતિમાં સમાધાન છે, સમાધિ છે.

પ્રભુને પોકારવા પડતા નથી પણ
પ્રભુનો પોકાર સાંભળવાનો હોય છે.
બધા ધ્વનિ બંધ થઈ જાય છે,
પછી પ્રભુનો નાદ ઉપલબ્ધ થાય છે.
નામ-રૂપ બધા કલ્પિત, મિથ્યા છે.

પ્રભુસમર્પિત થવાનું સાહસ જેની પાસે છે,
પોતાને મિટાવી દેવાનું, શૂન્ય થવાનું સાહસ જે કરી શકે,
તે પ્રભુને મેળવે છે - જે માંગે છે, તેને મળે છે.
જે મરવાને રાજી છે, તે જીવનને મેળવે છે.

ધર્મ વિસ્મરણ નહિ જાગૃતિ છે. સ્વની પૂર્ણ જાગૃતિ છે.
સ્વ સ્મૃતિમાં કલ્પિત સ્વ વિસર્જિત થાય છે.
યોગ આત્મવિસ્મરણ નહિ પણ આત્મસ્મરણ છે.

અહંબોધ મટી જ્યારે બ્રહ્મબોધ થાય છે.

પ્રાર્થના સમ્યક્ ચૈતન્યનું જાગરણ છે.

જ્યાં જ ક્રિયા શૂન્ય થાય અને

એક સાપેક્ષ ચૈતન્ય અવશેષ રહે તેનું નામ પ્રાર્થના છે.

દીપકમાં માટી અને જ્યોતિ બે છે.

માટી ઉપર ધ્યાન આપવાથી અંધકાર છે,

જ્યોતિ ઉપર ધ્યાન દેવાથી પ્રકાશ છે.

માટી પણ દીપકને પ્રકાશિત રાખવા માટે ઉપયોગી છે.

સમસ્ત સત્તા એક સંગીત છે.

સત્યનો આવિષ્કાર કેવા રીતે થાય?

શોધવાનું તેને હોય, જે પોતાનું સ્વરૂપ ન હોય.

સ્વરૂપ તે છે કે જે કદી ખોવાતું નથી.

મનના માધ્યમથી પ્રભુ પ્રાપ્તિ થતી નથી.

મન હટી જ્યારે સત્ય સ્વયં પ્રગટ થાય છે.

મન એક સાગરમાં રહેલ માન છે.

સત્યનો સહારો-આધાર કેવળ શૂન્યમાં જ મળે છે.

શૂન્યમાં કૂદવું એક સાહસ છે પણ

કૂદનારને જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

ભયથી શૂન્યમાં ન જનાર પૂર્ણથી અટકે છે.

મનુષ્યની અહંતા એને પ્રકૃતિમાં મળવા દેતી નથી.
સાગર થવા માટે બિંદુને ખોવાવું જ પડશે.
પોતાને ખોવું તે જ પ્રેમનું શિક્ષણ છે.
જીવનનું મૃત્યુ નથી અને મૃત્યુનું જીવન નથી.
'જે મરે છે તે અનિત્ય છે, જે નિત્ય છે તે અમર છે.'
આ સત્યને જે જાણતો નથી, તેનું
જીવન એ અભિનય અને તેનો સદાચાર એ પાખંડ છે.
આકાશ એ શૂન્યતા, રિક્તતા, ઉન્મુક્તતાનું પ્રતીક છે.
મનુષ્યનું મૂલ્ય તેટલું છે, જેટલું તે શૂન્યમાં વસે છે.
શૂન્યતામાં જ સાગરનું અવતરણ છે...
અને તે તેને પૂર્ણ કરી દે છે.
મનને સાધવાનું નથી, વિસર્જિત કરવાનું છે.
સત્યની અનુભૂતિમાં મન અવરોધક છે,
એ કારણે એને છોડવાનું છે,
જેથી સત્ય અને ધર્મનું બંધ પડેલું દ્વાર ખુલી જાય.
ધર્મ મનમાં યા મનથી ઉપલબ્ધ થતો નથી,
અમનની સ્થિતિમાં તે ઉપલબ્ધ થાય છે.
વિચારો એ ધૂપ છે, વિવેક એ અગ્નિની જ્યોતિ છે.
સ્વ અજ્ઞાન સંસાર છે, સ્વ આત્મજ્ઞાન મોક્ષ છે.

૦ જે દેખાઈ રહ્યું છે, તેને ભૂલીને જે દેખી રહ્યો છે,
તેના પર ચાલવાનું છે. દૃશ્યથી દૃષ્ટા તરફ સાધકે પોતાનું
સમગ્ર ધ્યાન પરિવર્તન કરવું, તે આત્મજ્ઞાનની કુંચી છે.
જગત એક ભાસિતપણ છે, તેનાથી મુક્ત થવું તે ધ્યેય છે.
જાણકારી = શીખેલું જ્ઞાન. અનુભૂતિ = ઉઘડેલું જ્ઞાન.

જ્ઞાન આવતું નથી, પ્રકટે છે.

સમાધિ સત્તાની સાથે ઐક્યનો અનુભવ છે.

સમાધિ એ જ સત્ય - ચૈતન્ય અને એ જ શાંતિ છે.

'હું'ની બે સત્તા છે: અહમ્ અને બ્રહ્મ.

અહં તે છે જે 'હું' જેવું ભાસે છે.

બ્રહ્મ તે 'હું' છે પણ 'હું' જેવું પ્રતિભાસિત થતું નથી.

હું શુદ્ધ સાક્ષી ચૈતન્ય છું પણ
વિચારપ્રવાહથી તાદાત્મ્યના કારણે દેખાતું નથી.

વિચારશૂન્યતામાં જાગૃતિ સત્તાના દ્વારને ખોલી આપે છે.

જ્ઞાન કેન્દ્ર છે, શબ્દ પરિધિ છે.

જ્ઞાન પ્રારંભ છે, શબ્દ પરિણામ છે.

શબ્દ નહિ પણ જ્ઞાન લાવવું છે
અંતે જ્ઞાન પોતે શબ્દરૂપ બની જાય છે.

જે દૃષ્ટિ દૃષ્ટાને પ્રકટ કરે, તે દૃષ્ટિ છે, શેષ અંધત્વ છે.

ધર્મ એકાકીપણામાં, સ્વયં જાગીને, ઉતરવાનું વિજ્ઞાન છે.
આંતરિકતાના કેન્દ્રમાં પ્રત્યેક વ્યક્તિ એકાકી છે.
સત્યની કસોટી તર્ક નહિ પણ અનુભૂતિ છે.
સમયાતીત અને શબ્દાતીત થવું તે આનંદ છે.
વિચારોના તરંગોને શાંત કરી દેવાથી
આત્મતત્ત્વનું દર્શન સુલભ બને છે.
'શરીર, ઇંદ્રિયો, મન, બ્રહ્માદિ બંધન નહિ પણ સેતુ છે,
એમ માનીને તે બધા વડે તથા બધાથી
ઉપર ઉઠવાની ક્રિયા, એ જ સાચો યોગ છે.
પાપનાશથી કેવળજ્ઞાન અને કર્મનાશથી નિર્વાણ થાય.
સંયમથી સંકલ્પ-વિકલ્પરૂપ પાપ જાય છે અને
સદ્ધ્યાનથી પૂર્વસંચિત કર્મ જાય છે.
એથી કેવળજ્ઞાન અને બાદમાં નિર્વાણલાભ થાય છે.
પાપ એટલે રાગ-દ્વેષ અને કર્મ એટલે રાગ-દ્વેષ વડે થતો
અને પૂર્વે થયેલો કર્મનો કચરો.
સંયમ વડે સંકલ્પ-વિકલ્પથી મુક્ત થવાય છે અને
રાગ-દ્વેષથી મન મુક્ત થાય છે, તેથી નવીન કર્મબંધ
થતો નથી અને પૂર્વકૃત કર્મ નિર્જરી જાય છે, પરિણામે
કેવળજ્ઞાન અને નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે.

मंत्रं संसारसारं त्रिजगदनुपमम् सर्वपापारिमंत्रं
संसारोच्छेदमंत्रं विषम विषहरं कर्मनिर्मूलमंत्रं ।
मंत्रं सिद्धिप्रदानं शिवसुखजननं केवलज्ञानमंत्रं
मंत्रं श्री जैनमंत्रं जपजपजपितं जन्मनिर्वाणमंत्रं ॥१॥

આ શ્લોકમાં 'મંત્ર' શબ્દ ૯ વાર આવે છે, તે નવકારમંત્રમાં રહેલ નવપદ અને નવતત્ત્વનો સૂચક છે તથા મંત્રની શાશ્વતતાને જણાવે છે.

૦ જ્ઞાનાવરણ કર્મને બૌદ્ધો જ્ઞેયાવરણ કે ક્લેશાવરણ કહે છે અને તે સંસ્કાર રૂપ છે, દ્રવ્યસ્વરૂપ નહિ. ન્યાયદર્શન મુજબ જ્ઞાનાવરણ કર્મ જ્ઞાનગુણના પ્રાગભાવરૂપ છે, તેથી અભાવરૂપ છે, દ્રવ્યસ્વરૂપ નહિ, સાંખ્ય અને વેદાન્તાનુસાર તે જડ દ્રવ્યરૂપ છે. સાંખ્ય મુજબ બુદ્ધિ સત્ત્વનું આવરક તમોગુણ છે, તે સૂક્ષ્મ જડ દ્રવ્યાંશ છે. વેદાંત મુજબ 'અજ્ઞાન' નામનું આવરણ વસ્તુતઃ જડ દ્રવ્યરૂપ છે, તેને પ્રકૃતિ યા અંતઃકરણચતુષ્ટય કહે છે. મૂલા વિદ્યા (મૂલ અજ્ઞાન), તુલાવિદ્યા (અવસ્થા અજ્ઞાન) રૂપી આવરણોની કલ્પના છે, તે જડ દ્રવ્ય રૂપ છે. જૈન પરંપરા સ્પષ્ટ રૂપથી જડ કર્મ માને છે.

ભાવકર્મ કે રાગદ્વેષાત્મક પરિણામ, જે દ્રવ્યકર્મના કાર્ય અને કારણ છે, તે બૌદ્ધ મતાનુસાર સંસ્કાર રૂપ છે.

## જ્ઞાનાવરણાદિ - વિવિધ મતે વિવિધ નામ

જૈન મત જેને જ્ઞાનાવરણાદિ કર્મ કહે છે, તેને
બૌદ્ધ મત અવિદ્યા કે જ્ઞેયાવરણ કહે છે,
સાંખ્યયોગના મતે તે અવિદ્યા કે પ્રકાશાવરણ છે,
ન્યાય તથા વૈશેષિક મતે તે અવિદ્યા કે અજ્ઞાન છે.

## ઉત્કટ મુમુક્ષા - વિવિધ મતે વિવિધ નામ

જૈનો માટે તે તાત્ત્વિક ધર્મસંન્યાસ, ક્ષપકશ્રેણી છે.
બૌદ્ધ મત તેને ક્લેશાવરણહાનિ, નૈરાત્મ્ય દર્શન કહે છે.
વેદાંતીઓ ઉત્કટ મુમુક્ષુતાને નિર્વિકલ્પ સમાધિ કહે છે.
સાંખ્ય-યોગ માટે તે પરવૈરાગ્ય, પ્રસંખ્યાન, સંપ્રજ્ઞાત છે.
ન્યાય-વૈશેષિક મતે તે યુક્તયોગીના નામે ઓળખાય છે.

## જીવન્મુક્તિ - વિવિધ મતે વિવિધ નામ

જૈન મત સયોગી - અયોગી, સર્વજ્ઞત્વ, અર્હત્વ કહે છે.
બૌદ્ધ મત જ્ઞેયાવરણહાનિ, સર્વજ્ઞત્વ, અર્હત્વ કહે છે.
વેદાંત તેને બ્રહ્મનિષ્ઠત્વ અથવા બ્રહ્મસાક્ષાત્કાર કહે છે.
સાંખ્ય - યોગ તેને અસંપ્રજ્ઞાત, ધર્મમેઘસમાધિ કહે છે.
ન્યાય - વૈશેષિક જીવન્મુક્ત જીવને વિયુક્તયોગી કહે છે.

## વિદેહમુક્તિ - વિવિધ મતે વિવિધ નામ

જૈન મતે તેની માટે મુક્તિ અથવા સિદ્ધત્વ શબ્દો છે.
બૌદ્ધ મત તેને નિર્વાણ, નિરાશ્રય, ચિત્તસંતતિ કહે છે.
વેદાંતીઓ તેને સ્વરૂપલાભ અથવા મુક્તિ કહે છે.
સાંખ્ય-યોગ માટે તે સ્વરૂપપ્રતિષ્ઠિતિ, કૈવલ્ય છે.
ન્યાય-વૈશેષિક મતે તે અપવર્ગ નામે ઓળખાય છે.

## ક્ષયોપશમ પદાર્થ શું છે?

કર્મગત વિવિધતાનું કારણ અધ્યવસાયગત વિવિધતા છે.
રાગ-દ્વેષાદિની તીવ્રતા-મંદતાનુસાર રસની તીવ્રતા-મંદતા.
શુભાશુભતાનો આધાર પણ અધ્યવસાયની શુદ્ધિ-અશુદ્ધિ.
સંક્લેશની માત્રા તીવ્ર હોય, ત્યારે સર્વ અશુભ કર્મોમાં
તીવ્ર અશુભતા અને સર્વ શુભકર્મોમાં મંદ શુભતા હોય.
વિશુદ્ધિની માત્રા વધવાથી તમામ શુભકર્મોમાં
શુભતા તીવ્ર અને અશુભમાં અશુભતા મંદ બને છે.
જ્યારે તીવ્રતમ વિપાકી કર્માંશનો નિર્મૂલ નાશ,
મંદ વિપાકી કર્માંશનો અનુભવ અને કેટલાક કર્માંશની
સ્થિતિ છતાં તેની અકિંચિત્કરતા, તેનું નામ ક્ષયોપશમ છે.

o

Sin of omission = મિથ્યાત્વ - નિગોદકારક.
Sin of ommission = અવિરતિ - નરકકારક.

० અહિંસાધર્મની પ્રતિષ્ઠા આત્મૌપમ્યની દૃષ્ટિમાંથી છે.

(1) દુઃખ તથા તેનું કારણ હોવાથી હિંસામાત્ર વર્જ્ય છે.

(2) હિંસાજન્ય દોષનો આધાર રાગ-દ્વેષાદિ પ્રમાદ છે.

પ્રમાદ કે આસક્તિ ન હોય, તો

કેવળ પ્રાણનાશ કે દુઃખ-પરપીડા હિંસા ન ગણાય.

(3) વધ્ય જીવોની સંખ્યા, કદ કે ઇંદ્રિયાદિના

તારતમ્ય ઉપર હિંસાદોષનું તારતમ્ય નથી, કિન્તુ

હિંસકની વૃત્તિમાં તીવ્રતા-મંદતા, સજ્ઞાનતા-અજ્ઞાનતા તથા

બળ પ્રયોગની ન્યૂનાધિકતા ઉપર તેનો આધાર છે.

પ્રમાદનો અર્થ માનસિક દોષ કે ચિત્તગત ક્લેશ છે

અને મુખ્યતયા તેને જ હિંસા માની છે.

પ્રમાદ = અયતના = અસંયમ. અપ્રમાદ = યતના = સંયમ.

ગીતાર્થત્વ = પરિણત શાસ્ત્રાવગાહન.

કૃતયોગિત્વ = ચિત્તસામ્ય, સ્થિતપ્રજ્ઞત્વ.

નવકારનો વિનિયોગ અથવા ફળ સંકલ્પ

બે પ્રકારનો હોવો જોઈએ:

પાપનાશ વડે સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ અને

પ્રધાનમંગળ વડે દ્રવ્ય-ગુણ-પર્યાયથી

શુદ્ધ આત્મસ્વરૂપનો લાભ.

અરિહંતોના ઉપદેશનું સમગ્ર તાત્પર્ય
આ બે વસ્તુમાં સમાઈ જાય છે.

સ્નેહપરિણામ વડે કાષાયિક ભાવોનો નાશ અને શુદ્ધ આત્માના ભાન વડે વૈષયિક વાસનાઓનો ક્ષય થાય છે.

નવકાર વડે પ્રાપ્ત થતા અનુગ્રહનું એ ફળ છે.

નવકારથી મોહ ટળે, અજ્ઞાન ટળે, મિથ્યાત્વ ટળે છે. નવકારથી સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન ગુણ પ્રકટે છે, પ્રવૃત્તિ સુધરે છે, જીવો સાથે મૈત્રી બંધાય છે અને શુદ્ધાત્મસ્વરૂપ સાધકો અને સિદ્ધ પ્રત્યે ભક્તિ જાગે છે.

મૈત્રી અને ભક્તિ એ નવકારનું સાચું ફળ છે.

મૈત્રી વડે અહિંસા, ક્ષમાદિ ધર્મોની સિદ્ધિ થાય છે અને ભક્તિથી આત્મજ્ઞાન - શ્રદ્ધા - રમણતા પ્રાપ્ત થાય છે. નવકારનું અનંતર ફળ = જીવમૈત્રી તથા જિનભક્તિ.

સર્વ પાપોનું મૂળ મિથ્યાત્વ છે.

તેની અભિવ્યક્તિ અજ્ઞાન અને મોહ વડે થાય છે. આત્મતત્ત્વનું ગુણ અને જાતિ વડે અજ્ઞાન ટળ્યા પછી પણ મોહ નડે છે. 'ગુણ વડે સર્વજ્ઞ - સર્વદર્શી છે અને
જાતિ વડે એક અને સમાન છે'

એમ જાણવા છતાં તેનો અમલ કરી શકાતો નથી,

તેના કારણ રૂપે અનંતાનુબંધી - અપ્રત્યાખ્યાની -
પ્રત્યાખ્યાની આદિ કષાયો અને પ્રમાદ છે.

મિથ્યાત્વ અને અજ્ઞાનાદિનું જોર ટળ્યા પછી પણ કષાય
મોહનીય ન જાય, ત્યાં સુધી આચરણ સુધરી શકતું નથી.

મિથ્યાત્વનો ઉદય = આત્માનું અજ્ઞાન, વિપરીત જ્ઞાન.
અજ્ઞાન અને વિપરીત જ્ઞાનના કારણે હિંસાદિ થાય.
મોહના કારણે અસત્ પ્રવૃત્તિઓ થાય.

૦ શ્રુત = આગમ - શબ્દપ્રમાણ.

દ્રવ્યશ્રુત = શબ્દ (ઉચ્ચારણ - લિપિ)
બે પ્રકારના વ્યંજનાક્ષર - સંજ્ઞાક્ષર.

ભાવશ્રુત = શાબ્દબોધ - લબ્ધ્યક્ષર - શક્તિરૂપ - વ્યક્તિરૂપ.
શક્તિ લબ્ધિરૂપ છે અને વ્યક્તિ ઉપયોગરૂપ છે.

શાબ્દબોધ પરિકર = પદાર્થપરિસ્થિતિ, સંકેત જ્ઞાન,
આકાંક્ષા, યોગ્યતા, આસક્તિ, તાત્પર્ય જ્ઞાન.

પ્રત્યક્ષ જ્ઞાનનો ઉત્પત્તિ ક્રમ

(1) કારણાંશ : વિષયેન્દ્રિય સન્નિકર્ષ - વ્યંજનાવગ્રહ.
(2) વ્યાપારાંશ : નિર્વિકલ્પ જ્ઞાન - અર્થાવગ્રહ - ઈહા.
(3) ફલાંશ : સવિકલ્પ જ્ઞાન - અપાય.
(4) પરિપાકાંશ : સંસ્કાર અને સ્મૃતિ ધારણા.

# અવધિ - મનઃપર્યવજ્ઞાનની દર્શનાંતરીય તુલના

| જૈન | વૈદિક | બૌદ્ધ |
| --- | --- | --- |
| અવધિજ્ઞાન | વૈશેષિક - વિયુક્તયોગી પ્રત્યક્ષ<br>અથવા યુંજાનયોગી પ્રત્યક્ષ<br>પાતંજલ - ભુવનજ્ઞાન, તારા વ્યૂહ જ્ઞાન<br>ધ્રુવગતિજ્ઞાન આદિ | |
| મનઃ-પર્યવ | પતંજલિ - પરચિત્તજ્ઞાન | પરચિત્તજ્ઞાન<br>ચેતઃપરિજ્ઞાન |

0 મોક્ષનો હેતુ છે, માટે 'અક્ષર'.
જ્ઞાનનો હેતુ છે, માટે 'બ્રહ્મ'.
ઘંટાનાદ પછી થતો રણકો, તે 'નાદ'.
અનુસ્વારના ઉચ્ચારણ પછી થતો ધ્વનિ, તે 'બિન્દુ'.
નાદનો અંત હશે, તે 'કલા'.
વાચ્યપદાર્થમાં ચિત્તની એકતા તે 'આલંબન'.
વિશ્વનો સંકલ્પ સાથે સંબંધ તે 'વિમર્શ'.
'સિદ્ધ' તરીકે પ્રસિદ્ધ એવા
૫૦ અક્ષરોનો સમૂહ, તે 'સિદ્ધચક્ર'.
વિમર્શસ્વભાવવાળા સ્વપ્રકાશક મંત્રો તે 'મંત્રદેવતા'.

Vadali, 10 8/69

ઈડા = સૌમ્ય - સુકૃતાનુમોદના, પીંગલા = ઉગ્ર - દુષ્કૃતગર્હા.
સુષુમ્ણા = સ્થિર - શરણાગમન.
એ રીતે અહીં નાડી અહીં કર્તવ્યને સૂચવે છે.
ધ્યાનમાં થતા અનેરા અનુભવો શાંતરસનો આસ્વાદ કરાવે છે, કરોડરજ્જુએ ચમત્કાર અનુભવાતા હર્ષાવેશની અનુભૂતિ કરાવે છે તથા ભ્રુકુટીએ જ્યોતિદર્શન થાય છે.

o જ્ઞાનાત્ તુ પરમગતિઃ ।
ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ॥

o મંત્રચૈતન્યવિજ્ઞાતા, ગુરુસ્વત્ત્વઃ સ્વયંભુવા ।
સ ગુરુર્મત્સમઃ પ્રોક્તો, મંત્રવીર્યપ્રકાશકઃ ॥

o ચિતિઃ સ્વતંત્રા વિશ્વસિદ્ધિહેતુઃ ।

o ગુરોર્યોગિત્વવિજ્ઞાતા તતોઽસિ ત્વં ગુરોર્ગુરુઃ ।
સત્યાસત્યવિનિશ્ચેતા તતોઽસિ ત્વં સતોઽપિ સત્ ।
ઈશ્વરાસ્તિત્વં નિર્ણેતા તતોઽસિ ત્વં પરમેશ્વરઃ ।

(પરિશિષ્ટ-૫)

o

Not Knowing how near the truth is. People seek it far away, what a pity!

## કેવળજ્ઞાનના લક્ષણોમાં...

(1) આત્મમાત્ર સાપેક્ષ - બાહ્ય સાધન નિરપેક્ષ.

(2) ત્રૈકાલિક દ્રવ્ય - પર્યાયોનો વિષય.

અર્થાત્ સાક્ષાત્કારિત્વ અને દ્રવ્ય-પર્યાયોનો વિષયત્વ.

(1) ન્યાય - વૈશેષિક = સપ્તપદાર્થ (2) બૌદ્ધ = ૫ સ્કંધો

(3) સાંખ્ય - યોગ = પુરુષ - પ્રકૃતિ આદિ ૨૫ તત્ત્વો

(4) વેદાંત = બ્રહ્મ માત્ર (5) જૈન = અપરિમિત ષડ્દ્રવ્ય

(6) મીમાંસક = સર્વજ્ઞ, 'સર્વ' શબ્દને જાણનાર.

## કેવળજ્ઞાનનાં ઉત્પાદક કારણો

(1) સાંખ્ય - યોગ, બૌદ્ધના મતે - ભાવના.

(2) ન્યાય - વૈશેષિકના મતે - અદૃષ્ટવિશેષ.

(3) વેદાંતના મતે - વિશિષ્ટ શબ્દ.

(4) જૈનદર્શનના મતે - આવરણક્ષય.

જૈન મત મુજબ પ્રધાનકારણ કર્મક્ષય છે.

ભાવના, અદૃષ્ટ, શબ્દાદિ કર્મક્ષયમાં

કારણ બનીને કેવળજ્ઞાનનાં કારણ બને છે.

મીમાંસક મતે ભાવના, શબ્દ આદિ

પરોક્ષ હોવાથી અપરોક્ષ જ્ઞાનના કારણ ન બની શકે.

જૈનદર્શને કર્મક્ષયને પ્રધાન - અનંતર કારણ માનવું

અહીં જણાવ્યું છે, તેથી તે આપત્તિ ટળી જાય છે.

સર્વજ્ઞ - 'સર્વ' શબ્દને જાણનાર.

સર્વજ્ઞ - કોઈ એક વસ્તુને સર્વ રીતે જાણનાર.

સર્વજ્ઞ - સમગ્ર વિશ્વને સામાન્યપણે જાણનાર.

સર્વજ્ઞ - શાસ્ત્રકથિત સર્વ વસ્તુને જાણનાર અને
સર્વ પ્રમાણો વડે તે તે પ્રમાણથી ગ્રાહ્યવસ્તુને જાણનાર.

સાક્ષાત્કારિત્વ = સર્વ વિષયક અથવા
સર્વ વિષયકત્વ = શાસ્ત્રજન્ય પરોક્ષપણું.

જૈનદર્શન મુજબ કેવલજ્ઞાનની ઉત્પત્તિ ક્રમ

(1) સમ્યગ્દર્શન (2) ક્ષપકશ્રેણી - રાગાદિના હ્રાસનો પ્રારંભ
(3) શુક્લધ્યાન - રાગાદિનો આત્યંતિક ક્ષય
(4) જ્ઞાનાવરણનો સર્વથા નાશ.

બૌદ્ધદર્શન મુજબ કેવલજ્ઞાનની ઉત્પત્તિ ક્રમ

(1) સમ્યગ્દૃષ્ટિ (2) રાગાદિ ક્લેશોના હ્રાસનો પ્રારંભ
(3) ભાવનાના બળથી ક્લેશાવરણનો સર્વથા ક્ષય
(4) ભાવનાના પ્રકર્ષથી કર્મનો સર્વથા નાશ.

સાંખ્ય-યોગદર્શન મુજબ કેવલજ્ઞાનની ઉત્પત્તિ ક્રમ

(1) વિવેકખ્યાતિ (2) પ્રસંખ્યાન - સંપ્રજ્ઞાતનો પ્રારંભ
(3) અસંપ્રજ્ઞાત - ધર્મમેઘ સમાધિ દ્વારા
ક્લેશાદિની આત્યન્તિક નિવૃત્તિ (4) પ્રકાશાવરણનો નાશ.

## ન્યાય-વૈશેષિકદર્શન મુજબ કેવળજ્ઞાનની ઉત્પત્તિ ક્રમ

(1) સમ્યગ્જ્ઞાન (2) રાગાદિ હ્રાસનો પ્રારંભ

(3) સમાધિ દ્વારા આત્મનિષ્ઠ સ્થિતિ

(4) સમાધિજન્ય ધર્મ દ્વારા સફળતા.

## વેદાંતદર્શન મુજબ કેવળજ્ઞાનની ઉત્પત્તિ ક્રમ

(1) સમ્યગ્દર્શન (2) રાગાદિ હ્રાસનો પ્રારંભ

(3) ભાવના - નિદિધ્યાસના બળથી ક્લેશોનો ક્ષય

(4) બ્રહ્મસાક્ષાત્કાર દ્વારા અજ્ઞાનાદિનો વિલય.

## રાગાદિ દોષોનો વિચાર

(1) રાગ-દ્વેષાદિ દોષો ચિત્તગત - આત્મગત છે.

(2) રાગ-દ્વેષાદિનું મુખ્ય કારણ જન્મ-જન્માંતર સંચિત કર્મ છે.

(3) ચિકિત્સાશાસ્ત્ર પ્રમાણે

રાગ કફજન્ય - દ્વેષ પિત્તજન્ય તથા મોહ વાતજન્ય છે.

(4) કામશાસ્ત્ર પ્રમાણે રાગ શુક્રોપચયજન્ય છે ઇત્યાદિ.

(5) ષડ્દર્શન શાસ્ત્ર પ્રમાણે શરીરમાં પૃથ્વી અને જલતત્ત્વની વૃદ્ધિ થવાથી રાગ, તેજ - વાયુની વૃદ્ધિથી દ્વેષ અને જલ - વાયુની વૃદ્ધિથી મોહ પેદા થાય છે. આ બધા મતમાં રાગાદિને આત્મગત કે ચિત્તગત ન માનતાં શરીરગત વૈષમ્યજન્ય માન્યાં છે, એ માટે પુનર્જન્મ

કે તદ્દન કર્મને કારણ માનવાની જરૂર નથી.
'શરીરગત દોષ અગર શરીરગત વૈષમ્ય દ્વારા
રાગાદિની ઉત્પત્તિ ઘટી શકે છે' એમ એ લોકો કહે છે.
(6) જૈન મત મુજબ રાગ-દ્વેષ-મોહનું ઉપશમન યા ક્ષય
આધ્યાત્મિક ઉપાય દ્વારા અર્થાત્ જ્ઞાન-ધ્યાન દ્વારા થતી
આત્મશુદ્ધિ છે, માત્ર ભૌતિક ઉપાયોથી તે શક્ય નથી.
ચિકિત્સાશાસ્ત્ર દ્વારા કફ-પિત્તાદિ ધાતુઓનું શમન,
કામશાસ્ત્ર દ્વારા સમુચિત કામસેવન અને
હઠયોગ દ્વારા પૃથ્વી-જલાદિ તત્ત્વોનું સમીકરણ
રાગાદિ દોષોનો શમનોપાય માન્યો છે.
પણ અહીં ઉપાય કરવા છતાં રાગાદિ દોષોનું શમન
થતું નથી, પ્રત્યુત વૃદ્ધિ પણ થતી પ્રત્યક્ષ દેખાય છે.
આત્મશુદ્ધિ વિના તે દોષોના પ્રવાહને રોકી શકાતો નથી,
દોષોની પરંપરા અટકાવી શકાતી નથી.
પુનર્જન્મવાદી આધ્યાત્મિક માર્ગ જ તે માટે સમર્થ છે.

## ભાવનાનો વિચાર

બૌદ્ધ મતે નૈરાત્મ્યભાવના, વેદાંત મતે બ્રહ્મભાવના,
જૈન - સાંખ્ય - યોગ - નૈયાયિક
ઉપરાંત વૈશેષિકાદિ મતે વિવેકભાવના.

## નૈરાત્મ્ય ભાવના

સ્થિર આત્મા કે સ્થિર દ્રવ્ય જેવી કોઈ વસ્તુ છે જ નહિ, જે છે તે સર્વ ક્ષણિક અને અસ્થિર છે.

## બ્રહ્મ ભાવના

બ્રહ્મ- આત્મતત્ત્વને છોડીને બીજી કોઈ વસ્તુ પારમાર્થિક નથી. આત્મતત્ત્વ પણ ભિન્ન ભિન્ન નથી કિન્તુ એક છે.

## દ્વૈત ભાવના

ચેતન અને જડ બંને દ્રવ્યોનું પારમાર્થિક અને સ્વતંત્ર અસ્તિત્વ છે. બંને દ્રવ્યોમાં પારસ્પરિક ભેદ પણ છે.

આ ત્રણે ભાવનાનું સ્વરૂપ ભિન્ન પણ ધ્યેય એક જ છે: રાગ-દ્વેષરહિત થવું.

સ્થિર વસ્તુ માનવાથી સ્નેહ શાશ્વત બની જાય, તેથી તૃષ્ણામૂલક સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ કાયમ રહે અને વળી તેથી પ્રવૃત્તિ - નિવૃત્તિનું ચક્ર પણ ચાલુ રહે. આમ સર્વ દોષોની જડ સ્થિર આત્મતત્ત્વના સ્વીકારમાં છે.

સ્થિરત્વના અભિનિવેશનો ત્યાગ થઈ જાય, તો તૃષ્ણામૂલક સંસારચક્ર આપોઆપ બંધ પડી જાય.

બ્રહ્મભાવનાના સમર્થકો અજ્ઞાનને જ દુઃખની અને સંસારની જડ માને છે.

ॐ

આત્મભિન્ન વસ્તુઓને પારમાર્થિક માનવાથી
અહંત્વ - મમત્વ જાગે છે, તેથી
રાગ-દ્વેષમૂલક પ્રવૃત્તિ - નિવૃત્તિચક્ર ચાલે છે.
જ્ઞાનભિન્ન વસ્તુઓમાં પારમાર્થિકતા માનવાનું છૂટી જાય
અને એકમાત્ર જ્ઞાનને પારમાર્થિક માનવામાં આવે, તો
અજ્ઞાનમૂલક અહંત્વ - મમત્વ અને
તન્મૂલક રાગ-દ્વેષજન્ય પ્રવૃત્તિ - નિવૃત્તિનું ચક્ર બંધ પડે.

<u>વિવેકભાવનાના સમર્થકો કહે છે:</u>

આત્માને આત્મરૂપ ન માનવા અને
અનાત્માને અનાત્મરૂપ ન માનવા એ જ અજ્ઞાન છે.
એ રીતે જડમાં આત્મબુદ્ધિ અને આત્મામાં જડત્વની
કે શૂન્યત્વની બુદ્ધિ કરવી, એ જ અજ્ઞાન છે.
વિવેકભાવનાથી આ અજ્ઞાન નષ્ટ થાય છે.
અહંત્વ અને મમત્વનું કારણ આત્મા અને જડમાં
પારમાર્થિકતાની બુદ્ધિ નહિ પણ ભેદજ્ઞાનનો અભાવ છે.
એ રીતે આત્માને સ્થિર માનવાથી રાગ-દ્વેષની
પ્રવૃત્તિ નહિ પણ અનાત્માને આત્મા અને
આત્માને અનાત્મા માનવાથી અજ્ઞાનમૂલક રાગ-દ્વેષ
તથા તજ્જન્ય પ્રવૃત્તિ - નિવૃત્તિરૂપ સંસારચક્ર ચાલે છે.

જૈન દૃષ્ટિ વિવેકભાવનાને સ્વીકારે છે,
એ દૃષ્ટિએ સાંખ્ય - યોગ અને
ન્યાય - વૈશેષિક સાથે જૈનદર્શનને સામ્ય છે.
નૈરાત્મ્યવાદ ક્ષણભંગવાદ માને છે.
એનું ખંડન જૈન દર્શન કરે છે, કેમકે ક્ષણભંગવાદની સાથે
બંધ - મોક્ષની વિચારસરણીને મેળ ખાતો નથી.
એ જ રીતે અદ્વૈતસંમત બ્રહ્મવાદ તથા તે દ્વારા
અજ્ઞાનનિવૃત્તિની પ્રક્રિયા પણ સદોષ - ત્રુટિપૂર્ણ છે.

<u>બ્રહ્મવાદના અદ્વૈતનું ખંડન</u>

વેદાંત પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક -
એમ ત્રણ સત્તાઓ માને છે અને
એ ત્રણે અજ્ઞાનગત ત્રણ શક્તિઓનું કાર્ય છે.
અજ્ઞાનની પ્રથમ શક્તિ બ્રહ્મભિન્ન વસ્તુઓમાં
પારમાર્થિકતાની બુદ્ધિ પેદા કરે છે.
આત્મભિન્ન બાહ્ય વસ્તુઓને પારમાર્થિક સમજાવાવાળા
બધા દર્શનો પ્રથમ શક્તિગર્ભિત અજ્ઞાનજનિત છે.
જ્યારે વેદાંતવાક્યોથી બ્રહ્મવિષયક શ્રવણાદિ પરિપાક પામે,
ત્યારે અજ્ઞાનની પ્રથમ શક્તિ નિવૃત્ત થાય છે, જેનું કાર્ય
પ્રપંચમાં પારમાર્થિકપણાની બુદ્ધિ ઉત્પન્ન કરવાનું હતું.

પ્રધાન શક્તિ નિવૃત્ત થયે બીજી શક્તિ પોતાનું કાર્ય કરે,
તે છે પ્રપંચમાં વ્યાવહારિકપણાની પ્રતીતિ.
બ્રહ્મસાક્ષાત્કાર થવાથી આ શક્તિ પણ નષ્ટ થાય છે,
પછી ત્રીજી શક્તિ શેષ રહેવાથી
પ્રપંચને પ્રાતિભાસિક રૂપે પ્રતીત કરે છે.
અંતિમ બોધ વખતે તે શક્તિ પણ નાશ પામે અને
પ્રપંચને પ્રાતિભાસિકરૂપે પ્રતીતિ થવાનું કાર્ય પણ નિવૃત્ત
થાય અને ત્યારે બંધ-મોક્ષની પ્રક્રિયા સમાપ્ત થાય.
જૈનદર્શન મુજબ અજ્ઞાનગત ત્રિવિધ શક્તિની
ત્રિવિધ સ્થિતિવાળી પ્રક્રિયા ત્રિવિધ આત્મભાવવાળી
પ્રક્રિયા સાથે સરખાવી શકાય તેમ છે.
બહિરાત્મા મિથ્યાત્વયુક્ત હોવાથી તીવ્રતમ કષાય અને
તીવ્રતમ અજ્ઞાનના ઉદયવાળો છે, તેથી તે અનાત્માને
આત્મા માનીને માત્ર તેમાં જ પ્રવૃત્તિશીલ રહે છે. તે
વેદાંતાનુસારી પ્રધાન અજ્ઞાન શક્તિયુક્ત અજ્ઞાનના બળે
પ્રપંચમાં પારમાર્થિકતાની પ્રતીતિ કરવાવાળાના સ્થાને છે.
બીજો અંતરાત્મા બાહ્યવસ્તુથી
ઉદાસીન બની તેમાં અહંત્વ-મમત્વભાવ છોડીને
આત્મસ્વરૂપમાં લીન થઈ તેમાં જ અભાવ વધે છે,

તે વેદાંતાનુસારી અજ્ઞાનગત બીજી શક્તિ દ્વારા
વ્યાવહારિક સત્તાની પ્રતીતિ કરવાવાળાના સ્થાને છે.
અંતરાત્મા આત્મવિષયક શ્રવણ-મનન-નિદિધ્યાસનવાળો
હોય અને વેદાંતી બ્રહ્મવિષયક શ્રવણાદિમાં લીન રહે છે.

ત્રીજો પરમાત્મા - ૧૩મા ગુણસ્થાને
દ્રવ્યમનોયોગવાળા હોય છે. તે વેદાન્તગત ત્રીજી અજ્ઞાન
શક્તિ પ્રાતિભાસિક સત્તાની પ્રતીતિવાળા સ્થાનમાં છે.
અજ્ઞાનથી સર્વથા મુક્ત છે તો પણ ભવોપગ્રાહિ
કર્મનો સંબંધ હોવાથી વચનાદિમાં પ્રવૃત્તિ કરે છે.

જૈનદર્શન જેને 'કૃતાત્મા' કહે છે,
તે અજ્ઞાનજન્ય ત્રિવિધ સૃષ્ટિથી પર થાય છે.
પ્રપંચમાં કોઈપણ સત્તાનો પ્રતિભાસ-પ્રતીતિ હોતી નથી.
જૈન મતે નિર્વિકલ્પક બોધનો અર્થ શુદ્ધદ્રવ્યનો ઉપયોગ.
જેમાં કોઈપણ પર્યાયના વિચારની છાયા પણ ન હોય,
તેને શુદ્ધ દ્રવ્યનયાદેશ કહે છે, તેમાં ચિન્ત્યમાન દ્રવ્યથી
ભિન્ન જગતનો અભાવ વિચારવાનો હોતો નથી,
માત્ર પર્યાયના સંબંધનો અસંભવ વિચારવાનો હોય છે.
આ નિર્વિકલ્પ બોધ જેમ ચેતનદ્રવ્યમાં તેમ
જડદ્રવ્યમાં પ્રવૃત્ત થઈ શકે છે.

જે નય કે પ્રમાણ દ્રવ્યમાં કેવળ દ્રવ્યસ્વરૂપનું ગ્રહણ છે
પણ પર્યાયોનું નહિ, તે નિર્વિકલ્પ બોધરૂપ છે.
વેદાંતપ્રક્રિયા બ્રહ્મવિષયક નિર્વિકલ્પ બોધનું પ્રતિપાદન
કરે છે, ત્યારે તે બ્રહ્મમાત્રના અસ્તિત્વને માનીને
બ્રહ્મભિન્ન જગતનો સર્વથા અભાવ સૂચિત કરે છે.
વળી તે કહે છે કે: નિર્વિકલ્પક બોધ થયા પછી
સવિકલ્પક બોધ થઈ શકતો નથી.
જૈનદર્શન જ્ઞાનસ્વરૂપ આત્માનો સ્વભાવ સદા માને છે
કે તે એકમાત્ર નિર્વિકલ્પક જ્ઞાનસ્વરૂપ રહી શકતો નથી.
શુદ્ધ દ્રવ્યનો વિચાર છોડી પર્યાયોના વિચાર તરફ જાય છે,
ત્યારે પર્યાય સાપેક્ષ સવિકલ્પક જ્ઞાન પણ કરે છે.
બ્રહ્મનો નિર્વિકલ્પક બોધ વેદાંત
'તત્ત્વમસિ' આદિ શબ્દજન્ય માને છે.
જૈનદર્શન તેને પર્યાય વિનિર્મુક્ત વિચાર
સહકૃત મનથી ઉત્પન્ન થનાર કહે છે,
તેથી તે મનોજન્ય માનવો જોઈએ, નહિ કે શબ્દજન્ય.
શુદ્ધ દ્રવ્યોપયોગરૂપ નિર્વિકલ્પક બોધ વિચાર સહકૃત
મનોજન્ય અને તે ઈહાત્મક વિચારજન્ય અપાયરૂપ છે
તથા નામ-જાત્યાદિ કલ્પનાથી રહિત છે.

૧-૮-૬૯

अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानां ।
अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥१॥
- ज्योगालीके श्री यशोविजयः ।

स्वागमं रागमात्रेण द्वेषमात्रात् परागमं ।
न श्रयामस्त्यजामो वा किन्तु मध्यस्थया दृशा ॥१॥
- ज्ञानसारे अष्ट-१६ (परिशिष्ट-६)

સાધુ દેશની તાજશક્તિ છે, દેશનું મસ્તક છે.
જો સમાજમાં સાધુ નહિ હોય તો તાજ રહેશે નહિ.
જેમ રીતે મનુષ્યનું મગજ બગડી જવાથી અનેક રોગ
થાય, તેમ સમાજમાં સાચા સાધુ નહિ હોય તો દેશમાં
અનાચાર, દુરાચાર, ભ્રષ્ટાચારાદિ બેહદ ફેલાઈ શકે છે.
- H. Agrawal

आयतुले पयासु । - सूत्रकृतांग सूत्र
न हणे पाणिणो पाणे भयवेराओ उवरए । श्री उत्तरा०
પ્રાણીના પ્રાણની જે હિંસા કરતો નથી,
તે ભય અને વેરથી મુક્ત થાય છે.
आत्मवत् सर्वभूतेषु । - भगवद् गीता
બધા જીવોને પોતાના જેવા જ ગણવા.

શરીરમાં વિવિધ પ્રકારના અસંખ્ય કોષોની રચના સતત
થતી રહે છે, જુના ભાંગી પડે છે. આ ક્રિયા યોગ્ય પ્રકારે
અને યોગ્ય પ્રમાણમાં ચાલવાથી શરીર નિરોગી રહી શકે.
જીવન પ્રત્યે હિંસાત્મક વલણ ધરાવનારના શરીરમાં
ખલેલ પડે છે અને નાના-મોટા રોગ પ્રવેશ કરે છે.

શાંત, પ્રસન્ન, પરિતુષ્ટ શરીરની ક્રિયાઓ
સમતોલ રીતિએ ચાલે છે. એ માટે બની શકે તેટલી
શારીરિક, શાબ્દિક અને વૈચારિક અહિંસા જરૂરી છે.

પ્રત્યેક સાધનાનું લક્ષ્ય
મનને સુધારવા અને સ્થિર કરવાનું હોવું જોઈએ.
માનવભવ મનને પવિત્ર કરવાની શાળા છે.
સર્વ ધર્મ પ્રવૃત્તિ શુભ ધ્યાનના ઉદ્દેશથી થવા જોઈએ.
શુભધ્યાનના આલંબન અરિહંતાદિ ચાર છે,
તે આલંબન વડે જે શુભધ્યાન - તેની પરંપરા ચાલે છે,
તેમાં ઉપકાર એ આલંબનો પુરું પાડનારાં અરિહંતાદિનો છે.

'ભગવાન મોક્ષમાં હોવા છતાં
તેમના નામમંત્ર વડે, મૂર્તિ વડે,
આગમ વચન વડે તથા જીવનના પવિત્ર આદર્શ વડે
અહીંયા ઉપકાર કરી રહ્યા છે'
એ વિચાર શુભધ્યાનને સાનુબંધ બનાવે છે.

પરમાત્માનાં દર્શન, ગુણગાન, સ્મરણ,
ધ્યાનભક્તિ વગેરેમાં પ્રધાનતા ધ્યાનાદિ ક્રિયાની સાધના
ધ્યાતાના પ્રયત્નની નહિ પણ ધ્યાનના આલંબનો અને
તે પૂરાં પાડનાર પરમતત્ત્વોની છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર,
ધારણા, ધ્યાન અને સમાધિ - યોગના આ આઠ અંગો
માનવને સાચો માનવ બનવાની પ્રેરણા આપે છે.

°

Restraint makes you a man.
Observance makes a pious man.
Posture makes you a healthy man.
Breath control and withdrawal
makes you a radiant man.
Concentration makes upright man.
Meditation makes a Spiritual man.
Absorption makes a perfect man.
- Shivanand Shashtri

°

Where does beauty starts?
It starts in the loving heart.

mystical sleep = રહસ્યનિદ્રા.
Intoxication of love = પ્રેમોન્માદ.
Spiritual anguish = આધ્યાત્મિક ઉત્પીડન.
Supernatural mysticism = રહસ્યવાદ.
The self is to know itself
without going out itself.
What you are the world is.
To be is to be related & there is
no such thing as living in isolation.
To transform the world,
we must begin with ourselves.

<u>Frank Buchman says...</u>
When man listens, God speaks.
When man obeys, God acts.
When man change, nations change.

Great men are they who see that
spiritual is stranger than any
material force: that
thoughts rule the world. - <u>Emerson</u>

સં. ૨૦૨૫, શ્રાવણ સુદી ૯, ગુરુવાર, તા. ૨૧-૮-૬૯

ક્ષમાપનાથી તમારા હૃદયને સ્વચ્છ કરો અને
પ્રેમથી તમારા આત્માને વિભૂષિત કરો.

પૃથ્વીનું બીજું નામ 'ક્ષમા' છે.
ક્ષમા શીતળ જળ છે, ક્રોધ ભડભડતો અગ્નિ છે.
ક્ષમા અમૃત છે, ક્રોધ વિષ છે.
વૃક્ષ પોતે તાપ સહે છે, બીજાને છાંયો આપે છે.
પાણીથી સિંચનારને કે પત્થરથી મારનારને પણ એકસરખું
ફળ આપે છે. પાણી પાનાર ઉપર રાગ કરવું નહિ,
કુહાડી મારનાર ઉપર દ્વેષ કરવું નહિ.
એ રીતે પૃથ્વીનો અને વૃક્ષનો
ક્ષમા અને સમભાવનો ગુણ પ્રશંસનીય છે.

સત્કાર્ય કરતાં ટેવ પડે તે સાધ્ય બને છે.
ગમે તેવી અઘરી ક્રિયા પણ
સત્કાર્ય કરવાથી અને ટેવ પાડવાથી સુસાધ્ય બને છે.

અદ્વૈતભાવનું પ્રયોજન શું?

રોગાર્તસ્યૈવ રોગનિવૃત્તૌ સ્વસ્થતા।
તથા દુઃખાત્મકસ્યાત્મનો દ્વૈતપ્રપઞ્ચસ્યોપશમે સ્વસ્થતા।
અદ્વૈતભાવઃ પ્રયોજનમ્। (પરિશિષ્ટ-૭)

0 પ્રથમ પાદ જાગરિત (વૈશ્વાનર વિશ્વ)

૧૦ ઇંદ્રિય, ૫ પ્રાણ અને

મન - બુદ્ધિ - ચિત્ત - અહંકાર મળીને કુલ: ૧૯ મુખ.

દ્વિતીય પાદ સ્વપ્ન - તૈજસ.

તૃતીય પાદ સુષુપ્તિ - પ્રાજ્ઞ.

તુરીયનું સ્વરૂપ

नान्तःप्रज्ञं न बहिष्प्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं नाऽप्रज्ञं।
अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्य-
पदेश्यमेकात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं
शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः।

0 निवृत्तेः सर्वदुःखानामीशानः प्रभुरव्ययः।
अद्वैतः सर्वभावानां देवस्तुर्यो विभुः स्मृतः ॥१॥

(પરિશિષ્ટ-૮)

0 અ = સત્, અસ્તિત્વ, સત્તા.

ઉ = ચિત્, જ્ઞાન, વ્યાપક.

મ = આનંદ, પૂર્ણ, મગ્ન, પ્રિય.

ધ્વનિનું ઉચ્ચારણ એકસરખું છે, તેથી તે જ મંત્ર ગણાય છે. આકૃતિ ભિન્ન ભિન્ન હોઈ શકે, તેથી તે સંકેતમાત્ર છે.

ઉચ્ચારણ અથવા ધ્વનિ નિરાકાર છે,
શબ્દ નિરાકાર અને નિત્ય છે.
આકૃતિ સાકાર અને અનિત્ય છે. ઓંકાર ધ્વનિવાચ્ય
પરમાત્મા પણ નિત્ય, નિરાકાર, સનાતન છે. ૐ એ
અવ્યય છે. વિભક્તિ, લિંગ અને વચનથી અપરિવર્તનીય છે.
તેનું વાચ્ય પરમેશ્વર પણ
અવ્યય, અજન્મા, એકરસ તથા એક છે.
દાસભાવ = સેવકભાવ = સ્વામી - સેવક.
અંશભાવ = ભક્તભાવ = ભગવાન - ભક્ત.
પ્રેમભાવ = સખાભાવ = પ્રિયતમ - પ્રેમી.
'ॐमिति स्वीकारे अव्ययम्।'
અહીં મંગલ ધ્વનિનું ઉચ્ચારણ પરમેશ્વર પ્રણિધાનનું
ઉદાહરણ છે. પ્રત્યેક કાર્યની પાછળ ઈશ્વરની અનુમતિ છે,
તેનો સ્વીકાર કરવાના અર્થમાં ૐનું ઉચ્ચારણ છે.
અનુમતિમાં ઈશ્વરના ગુપ્ત અસ્તિત્વનો સ્વીકાર છે.
પાંચ કારણોમાં ઈશ્વરીય કારણની
પ્રધાનતા - મુખ્યતા આદિ અને અંતમાં તેનું ઉચ્ચારણ
શાસ્ત્રોનું બ્રહ્મ પ્રતિપાદનતાપરકપણું સૂચવનારું છે.
શાસ્ત્રોનું મુખ્ય પ્રતિપાદ્ય બ્રહ્મ અથવા ઈશ્વર છે.

મનુષ્યોને ભક્તિવાળા બનાવીને
ભગવાન સુધી પહોંચાડવા માટે જ શાસ્ત્રોની રચના છે.
આદિ અને અંતમાં 'મંગળ' શબ્દ આવવાથી મંત્ર
સંપુટિત બને છે. સંપુટિત મંત્રનું તાત્પર્ય આદિ અને
અંતમાં પ્રતિપાદ્ય એક જ છે, એ બતાવવાનું છે.
'પરમેશ્વર' એ બેઉનો મુખ્ય અર્થ છે અને
એથી ભિન્ન 'જગત' એ ગૌણ અર્થ છે.
'બ્રહ્માસ્મિ' શબ્દ નિષ્કામતા - ઈશ્વરપરાયણતા સૂચક છે.
'I am' શબ્દ પણ ૐનો જ સંકેત છે. 'ૐ' એ
આકાશવત્, નિરાકાર, સર્વજ્ઞ, પરિપૂર્ણ, બ્રહ્મસ્વરૂપ છે.
'એકાક્ષરં પરં બ્રહ્મ |' 'દધ્યૌ બ્રહ્મ સનાતનં |'
એકાક્ષર 'ૐ' નામ એ આત્મિક સુવર્ણ સંપત્તિ છે.
સુવર્ણ વર્ણ એ પ્રસન્નતા, સ્વસ્થતા, નિરોગતાદર્શક છે,
શારીરિક, માનસિક, આધ્યાત્મિક બળની નિશાની છે.
'ૐ' એ સ્વર્ગની સીડી છે, અપવર્ગનો માર્ગ છે.
અ = ઈશ્વર, ઉ = જીવાત્મા અને મ = માયા, પ્રકૃતિ.
ઈશ્વર અને માયાની મધ્યમાં જીવ છે.
જીવ માયાની સાથે મળે તો માયાધીન - સંસાર છે અને
ઈશ્વરની સાથે મળે તો માયાધીશ - મોક્ષ છે.

શબ્દ અને અર્થનો નિત્ય - સ્વાભાવિક સંબંધ છે.
ગુણ જેમ ગુણીમાં રહે છે, તેમ વાચ્ય એ વાચકમાં
તથા અર્થ એ શબ્દમાં રહે છે.

જેમ અગ્નિમાં રૂપ અને ઉષ્ણ સ્પર્શ તથા
જળમાં રસ અને શીત સ્પર્શ રહેલા છે, તેમ
ૐમાં ઈશ્વર અને તેના ગુણો રહેલા છે.

જેટલા ક્ષેત્રમાં નામી, તેટલા ક્ષેત્રમાં તેનું નામ પણ રહે છે.

ૐનું ઉચ્ચારણ કરતી વખતે
કંઠમાં, જીભ ઉપર, કાનોમાં, મન, બુદ્ધિ, અંતઃકરણમાં,
અસ્થિ, મજ્જા, રોમેરોમમાં - સર્વત્ર તે રહેલો છે.

નિત્ય જાપ કરતી વખતે એમ વિચારવું કે:
'ૐના વાચ્ય પરમગુરુ મારા ઉપર પ્રસન્ન થઈ રહ્યા છે.'

મંત્રના વર્ણોનો જપ તથા અર્થનું ચિન્તન -
એ બે મળીને ફળને આપનાર થાય છે.

અર્થચિન્તનમાં થતી એકાગ્રતા તે ધ્યાન છે.

प्रणिधानात् भक्तिविशेषादावर्जित ईश्वरस्तमनुगृह्णाति ।
अभिध्यानमात्रेण योगिन आसन्नतमः समाधिलाभः ।
फलं च भवति । (પરિશિષ્ટ-૯)

પરમ પ્રેમ, અચલ વિશ્વાસ, દૃઢ ધારણા અને
નિર્દોષ શ્રદ્ધા ઉત્પન્ન થવા જરૂરી છે.

प्रणवं जपतः प्रणवार्थं च भावयतश्चित्तमेकाग्रं संपद्यते।

મહાસાગરમાં નદીઓની જેમ
સર્વ મંગળો અને કલ્યાણો ધ્યાતામાં પ્રવેશ કરે છે.
જેવા અર્થવાળા શબ્દોમાં ચિત્તવૃત્તિઓ ભળે છે,
તેવો આકાર તેનો બની જાય છે.
અર્થના ભાવો અને પ્રભાવોથી તે
પાણીની જેમ પ્રભાવિત થઈ જાય છે.
ગાય નવજાત વાછરડાને, પનિહારી માથે રહેલ ઘડાને,
વિરહ સંતાપિતા સતી સ્ત્રી પતિને,
લોભી મનુષ્ય લક્ષ્મીને, દરિદ્ર મનુષ્ય ધનને,
મીન જળને અને આતુર જેમ ઔષધિને સ્મરે
તેમ મનમંદિરમાં સર્વ પાપના નાશક, સર્વ સુખના
સ્રોત અને સર્વ શાસ્ત્રના સાર એવા પ્રભુના ૐકાર
એવા નામને ભાવભક્તિથી સ્મરણ કરે,
જેથી સર્વ કામનાઓ પૂર્ણ થાય.
પ્રભુનામના સ્મરણથી અંતર ચેતનાની ચાહ જાગે છે,
સ્થૂલ પદાર્થની પ્રાપ્તિ બાહ્યસામગ્રીની અપેક્ષા રાખે છે.
સૂક્ષ્મતમ પરમાત્મા ભીતર પરિપૂર્ણ છે, માટે તે વિવેક,
વિચાર, રાગ, ભક્તિ આદિ અભ્યંતર સાધનોથી મળે છે.

વિવેકાદિ સાધનો અંતરંગ સાધન છે.
એ સાધનો ભક્તના પોતાના આત્માનો પ્રકાશ છે.
પ્રભુ ભક્તના આત્મમંદિરમાં સદા બિરાજમાન છે, તેની
પ્રાપ્તિમાં પ્રેમદ્યુતિથી ભરેલ જ્ઞાનદીપનો પ્રકાશ જરૂરી છે.
ઈશ્વરચિંતન એજ ભક્તના ચિત્તનું ભોજન છે અને
નામસ્મરણ એજ બધા રસોના સારરૂપ અમૃતરસ છે.
તે માટેનો અભ્યાસ તે માનસ તથા વાચિક જપ છે.
પોતાની જાતને વિનાશી અને મરણધર્મવાળા ન માનો.
મનુષ્યને અજર, અમર, અવિનાશી સ્વરૂપનો બોધ
માત્ર જ્ઞાનના પ્રકાશથી જ શક્ય છે.
આત્મગુણોના વારંવાર સ્મરણથી જ આત્મજ્ઞાન થાય છે.
આત્માને આત્મચિન્તનથી આત્મબોધ થાય છે.
સચ્ચિદાનંદાદિ ગુણોથી યુક્ત ૐ નામનું વારંવાર
સ્મરણ થવાથી શીઘ્ર આત્મબોધ થાય છે.
ચિન્તનના પ્રભાવથી કાયર પણ વીર બની જાય છે.
એ નિયમ છે કે : ચિત્તમાં જેવું ચિન્તન ચાલે છે,
કોટિ વિઘ્નોનો નાશ કરીને તે તેના જેવો થઈ જાય છે,
પિંડસ્થ ધ્યાન સ્થૂલથી સૂક્ષ્મ તરફ લઈ જાય છે,
પદસ્થ ધ્યાન સાલમ્બનથી નિરાલમ્બન તરફ લઈ જાય છે,

રૂપસ્થ ધ્યાન આલંબનથી નિરાલંબન તરફ લઈ જાય છે
અને રૂપાતીત ધ્યાન સ્વયં નિરાલંબન સ્વરૂપ છે.

ધ્યાનનું ધ્યેય ચૈતન્યશક્તિનો વિકાસ છે.

ધ્યાનનું ફળ આત્મજ્ઞાન છે.

આત્મજ્ઞાનથી સમત્વ અને સમત્વથી આત્મજ્ઞાન વિકસે છે.

ધ્યાનહીન ધર્મ મસ્તક વિનાનું શરીર છે,
ધર્મહીન ધ્યાન શરીર વિનાનું મસ્તક છે.

અવિરતિ એ દોષોથી ન વિરમવાની વૃત્તિ છે અને
પ્રમાદ અકુશળમાં પ્રવૃત્ત ન થવાની વૃત્તિ છે.

કર્મનો નિયમ સ્વીકારવાથી સંકટ સહવાની શક્તિ અને
ભાવિ સુધારવાની પ્રેરણા મળે છે.

પ્રકૃતિનું કાર્ય નિયમાનુસાર ચાલે છે, તેથી ધર્મને
'વસ્તુસ્વભાવ' પણ કહે છે. સ્વભાવ અપરિવર્તનીય છે.
તેથી વિશ્વવ્યવસ્થા, વસ્તુસ્વભાવને આધીન છે,
જ્ઞાનમય આત્મરમણતારૂપ - આત્મા આનંદસ્વરૂપ છે,
તેથી તેમાં રમણ કરનારને વિશ્વાનંદ સ્ફુરવા લાગે છે.
આત્મા જ નિત્ય છે, શરણભૂત, સંસારથી મુક્ત છે,
એક, સર્વ સંબંધોથી પર છે, પવિત્ર છે, અનાકુળ છે,
સંવરરૂપ, નિર્જરાસ્વરૂપ, દર્શન-જ્ઞાન-ચારિત્રમય છે.

સમયા સવ્વભૂએસુ સત્તુ મિત્તેસુ વા જગે । અર્થાત: શત્રુ મિત્ર સર્વપ્રાણીઓ વિષે સમતાભાવ એ ધર્મ છે.

૦ મનુષ્યદેહ વિલાસ માટે નહિ પણ વિવેકપૂર્વકના વિચાર માટે છે. વિવેકપૂર્વકના વિચારોથી જ વિકારો ઘટે અને આંતરસમૃદ્ધિ પ્રગટીને સ્વયં બહાર આવે.

સરીરમાહુ નાવત્તિ જીવો વુચ્ચઇ નાવિઓ ।
સંસારો અણ્ણવો વુત્તો જં તરન્તિ મહેસિણો ॥૧॥

અર્થાત: શરીર નાવ છે, જીવ નાવિક છે, સંસાર અર્ણવ છે અને મહર્ષિઓ તેને તરે છે. - શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર

૦ પ્રભુની દયા મેળવવી હોય તો પ્રભુને યાદ કરો. લોભને દૂર કરવો હોય તો લોભને ઉલટાવો, કેમકે જે ભલો બને, તે જ લોભરૂપી લુંટારાને હરાવી શકે છે. માયારૂપી નર્તકીના મોહપાશથી છૂટવું હોય તો પ્રભુનું કીર્તન કરો, વળી માયાની મોહિની મોહાંધ બનાવી શકે નહિ. સંયમના સ્થાને વિલાસ અને સંતોષના સ્થાને વાસના. આજે માણસે બાહ્ય બધાની સ્વાધીનતા માગી છે પણ એ પોતાના મનનો ગુલામ બન્યો છે. 'હું સ્વતંત્ર છું,' એમ માનવા અને બનવા જતાં પોતાનું નોકર, જે મન, તેનો જ એટલે ગુલામનો જ ગુલામ બન્યો છે.

o આ જગતમાં સૌથી કીમતી ચીજ જો કોઈ હોય
તો તે છે આપણા અંતરના શુભ ભાવો - એટલે કે
પ્રેમ, દયા, મૈત્રી, કરુણા, ભક્તિ, વિરતિ વગેરે.

બધું ભલે ખોવાઈ જાય,
પણ મનના શુભ ભાવોનું તો સદા ય રક્ષણ કરજો.

ખોવાયેલું બધું ય જલ્દી પાછું આવે છે પણ ખોવાઈ ગયેલા
ભાવને પાછો મેળવવા માટે કદાચ ભવો કરવા પડે.

પૈસો કમાવા જતાં પ્રેમ ખોયો,
પૈસાની રક્ષા કરવા જતાં દયા - કરુણા ખોયા,
વિષયસુખ માણવા જતાં ભક્તિ - વિરતિ બધું ય ખોયું?
કમાયેલુ બધું પાછું ધરી દેવા છતાં ય તેની શંકા છે કે
ખોવાયેલા ભાવ પાછા મળશે કે કેમ?

o સદ્ગુરુનો યોગ થતાં સંસારની અસારતા સમજાય છે, સંસારનો જીવ પરિત્યાગ પણ કરે છે છતાં ભોગદશાનો કહેવાતો આનંદ છોડ્યા પછી જો યોગદશાના સાચા આનંદનો સ્પર્શ ન શકાય, સ્વાધ્યાય - ધ્યાન - તપ - ત્યાગ અને ગુરુભક્તિ આદિના અનુપમ આનંદને માણી શકાય નહિ, તો ફરી પાછા સ્ત્રી, પુત્ર, ધન, કુટુંબ, દેહના આનંદોનું સ્મરણ થાય અને એ સ્મરણમાં યોગજીવનનું

મરણ નિશ્ચિત થાય, માટે રોગીઓના રોગના ઇલાજ
આનંદની અનુભૂતિમાં જ જીવનની સફળતા છુપાયેલી છે.

o જિનાલયમાં જવાથી મોક્ષ યાદ આવે,
ઉપાશ્રયમાં જવાથી ત્યાગ યાદ આવે.

ધન સારું નથી, તેનું અર્જન, રક્ષણ કે વિનાશ - એકેય
અવસ્થા સારી નથી, માત્ર તેનો સદુપયોગ જ સારો છે.

દુઃખથી ગભરાવું = અજ્ઞાનતા, પાપથી ગભરાવું = સમજણ.

મુનિલિંગ અનંતવાર મળે,
પણ ભાવચારિત્ર નવમા વાર ન મળે,
વધુમાં વધુ આઠમા ભવે તો મુક્તિ આપે જ.

વનમાં ગયા પછી તો સંન્યાસ લેવો કર્તવ્ય થઈ પડે છે.

નરસ્યાભરણં રૂપં, રૂપસ્યાભરણં ગુણઃ ।
ગુણસ્યાભરણં જ્ઞાનં, જ્ઞાનસ્યાભરણં ક્ષમા ॥૧॥
ક્ષમા બલમશક્તાનાં, શક્તાનાં ભૂષણં ક્ષમા ।
ક્ષમા વશીકૃતિર્લોકે, ક્ષમયા કિં ન સિધ્યતિ ? ॥૨॥
(પરિશિષ્ટ-૧૦)

o Broadcastના બદલે
Deepcastની વધુ જરૂર છે,
લંબાઈ - પહોળાઈની અપેક્ષાએ ઊંડાઈ જરૂરની છે.

ઉપયોગો લક્ષણમ્, પરસ્પરોપગ્રહો જીવાનાં।
અસતં ચ સત્વં ચ । ગુણ-પર્યાયવદ્ દ્રવ્યં।
ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્તં સત્ । (પરિશિષ્ટ-૧૧)
અસતના સ્થાને 'ૐ' અને સત્વના સ્થાને 'અર્હં',
બન્ને મળીને વિશ્વના ઘટક બને છે.

(૧) દેવ - ગુરુ - ધર્મમાં જે ધર્મ છે,
તે જ્ઞાન - દર્શન - ચારિત્ર અને તપ જ છે.
એ ચારેની સાધના પૃથક્ પૃથક્ કરી શકાય છે પરંતુ સમુદિત કરવા માટે ચારે ધર્મ જેમાં સંપૂર્ણ સિદ્ધ છે અથવા જે ચારે પ્રકારનો ધર્મ સિદ્ધ કરી રહ્યા છે, તેમના શરણાદિ ચારે ધર્મોની ઉપાસના, અનુમોદના, નવું નવું મેળવવા પ્રાર્થના તથા મળેલાના રક્ષણરૂપ યોગક્ષેમ કરનાર લેખાદિ અંત વખતે પ્રધાનતયા એની જ આરાધના કરાય છે.

(૨) બાળ કોઈ પદની આરાધના
અર્થતઃ એ નવકાર મહામંત્રની જ આરાધના છે.
જેમ લોગસ્સ, ઉવસગ્ગહરં, નમુત્થુણં અથવા એવાં જ કોઈ બાળ પદો - અંતે એ ન આવે તેવા પદના આલંબનાદિ એટલે ધ્યેય આવે છે, પરંતુ કોઈપણ પદના આલંબનમાં યોગક્ષેમ કરવાનું કાર્ય અન્ય પ્રબળતાદિ થતું નથી, જેવું નવકારથી થાય છે.

(3) જેથી ચારે ધર્મમાં અપ્રધાન છે તેવા માર્ગાનુસારી, ક્ષયોપશમ સમકિતી માટે પોતે ધર્મની સાધના ન કરી શકવાથી પંચ પરમેષ્ઠિના શ્રદ્ધા વડે તેમના ઉપર હાર્દિક બહુમાનની વૃદ્ધિ કરી શકે છે, કે જે ક્લિષ્ટ કર્મનો ક્ષય કરી સાધનાને નિર્વિઘ્નપણે વેગવાળી બનાવે છે.

(૪) પંચ પરમેષ્ઠિઓના દ્રવ્યશ્રદ્ધાથી પણ અભવ્યોને ય દેવગતિ આદિ શુભ ગતિની પ્રાપ્તિ થાય છે.

જેમ મંદિરના શિખરમાત્રના દર્શનથી રોગાદિ ઉપદ્રવોની શાંતિ થાય છે, તેમ હૃદયમંદિરમાં જાપાદિ દ્વારા પ્રભુને સ્થાપન કરવાથી અભવ્ય પર્યંતના જીવોને પણ આ ભવ અને પરભવમાં ભૌતિક સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૫) આ ઉપરાંત પાપના પશ્ચાત્તાપ, જીવની દયા વગેરે અર્હં વિશિષ્ટ આલંબનથી અનુત્તર અને મોક્ષ સુધી પહોંચાય છે, જેઓ નિકટમુક્તિગામી છે અથવા જ્ઞાનાદિ ગુણોને ઉચ્ચ કક્ષાએ સાધી ગુરુ પદે બિરાજમાન છે, તેઓ માટે અર્હં સાધના મુક્તિનું સાધન બની શકે છે.

(૬) પયન્નાઓમાં એવું સમર્થન મળે છે કે:

દ્વાદશાંગીના અર્હં પદને ભાવિત કરવાથી, અંત સમયે શ્રવણ - સ્મરણાદિ કરવાથી ઉચ્ચગતિના યાવત્ યાવત્ મુક્તિપદના અધિકારી બની શકાય છે.

Omissions of the required actions make anything & everything bad.

ચામાં ખાંડ નાંખવી જોઈએ, નહિ તો તે બગાડે.

શાકમાં મીઠું નાંખવું જોઈએ, નહિ તો તે બગાડે.

આવશ્યક ક્રિયાઓ કરવી જોઈએ, નહિ તો ભવ બગાડે.

પ્રમાદ = Sin of omissions.

કષાય = Sin of comissions.

'બ્રહ્મચારી' એટલે પૂર્ણ માનવ, જેનામાં માતૃત્વ અને પિતૃત્વ ઉભયનો પૂરેપૂરો વિકાસ થએલો હોય છે.

બ્રહ્મચારી = માની મમતા અને પિતાનો પ્રેમ.

મહાપુરુષો અને લોકનો સંબંધ મા-દીકરા જેવો હોય છે. સમુદ્ર ગમે તેટલો ઉછળે તો માછલાં ગભરાતાં નથી અને માછલાં ગમે તેટલાં નાચે-કૂદે તો સમુદ્ર અકળાતો નથી.

<u>મહાપુરુષ = લોક સતાવે તો પણ ત્રાસ ન પામે અને પોતે ગમે તેટલા ગરમ થાય તો ય લોકને ત્રાસ ન થાય તે.</u>

વિનય એ મહાપુરુષોની સંપત્તિ છે.

પરપીડક મારા દુશ્મન છે, ચંદ્રથી શાતલ અને પાણીથી પણ તરલ તેમનું જીવન હોય છે.

પ્રેમની પરાકાષ્ઠા એટલે આત્મા, એનો ભેટો થશે કે રાગ-દ્વેષ વગેરે ખતમ થાય.

શૂન્ય હોય તે પૂર્ણ અને પૂર્ણ હોય, તે શૂન્ય હોય છે.
પરરૂપથી શૂન્ય તે સ્વરૂપથી પૂર્ણ તથા
સ્વરૂપથી પૂર્ણ તે પરરૂપથી શૂન્ય.
સ્યાદ્‌વાદી તે આગ્રહી નહિ પરંતુ સંગ્રહી હોય છે.
સ્યાદ્‌વાદમાં શંકરનું અદ્વૈત, ભાગવતની ભક્તિ,
ગીતાનો કર્મયોગ, સાંખ્યની પ્રક્રિયા અને
યોગવાશિષ્ઠનું તાત્પર્ય સમાઈ જાય છે.
રામ એટલે ન્યાય - સત્ય, કૃષ્ણ એટલે પ્રેમ - ભક્તિ
અને હરિ એટલે દુઃખહર - કરૂણા ગુણ.
રામ, કૃષ્ણ, હરિ એ સત્ય, પ્રેમ, કરૂણાનો પર્યાય છે.
ઉપનિષદમાં મુખ્યત્વે સત્ય, બાઈબલમાં મુખ્યત્વે પ્રેમ
અને ઈસ્લામાદિ અન્યમાં કરૂણા દેખાઈ આવે છે.
જૈનોમાં તે ત્રણે તત્ત્વો પૂર્ણસ્વરૂપમાં પ્રકાશે છે,
તે અનુક્રમે જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપી રત્નત્રયી છે.

o વિશ્વનો ક્રમ એટલે...

સુખ - દુઃખ, તડકો - છાંયડો, ભરતી - ઓટ.
પ્રકાશ પછી અંધકાર અને અંધકાર પછી પ્રકાશ,
કર્મના નિયમને વશવર્તી જગતચક્રનો એ સ્વભાવ છે,
જગતચક્રનું એ સનાતન સ્વરૂપ છે.

કર્માધીન સુખ - દુઃખનું ચક્ર ચાલે છે.
બાંધેલા કર્મ ભોગવ્યા સિવાય મુક્તિ નથી.
સુખ = સત્કર્મનું ફળ, તેથી સુખ વખતે ધર્મ વધારવો.
દુઃખ = પાપકર્મનું ફળ, મુક્ત થવાને ધૈર્યથી સહન કરવું.
જીભ સાડા ત્રણ આંગળની છે, પણ
સાડા ત્રણ અબજને ભારે પડે તેવી છે.
બોલે પોતે અને ધોલ મરાવે ગાલને.
ખાય પોતે અને ચૂંક પડાવે પેટમાં.
બાહ્યાંતર તપ વડે સૌથી પ્રથમ કટકો પડે છે જીભને.
તપથી જીભને બોલવા - ખાવા બંને પર કાબુ આવે છે.
હાથ, પગ, પેટ કે માથું દુઃખે પણ
જીભ ગમે તેટલું બોલે કે ખાય, છતાં થાકતી નથી.
એક તપ વડે જ તેના ઉપર કાબુ મેળવી શકાય છે.
રસ વિષય ઉપર કાબુ મેળવવાનું તપ અનશન છે અને
કષાય ઉપર કાબુ મેળવવા માટે પ્રાયશ્ચિત.
મિચ્છામિ દુક્કડં એ પણ તપ છે.
વિષયને જીતવા માટે બાહ્યતપ છે,
કષાયને જીતવા માટે અભ્યંતર તપ છે.
એક વડે શરીરની અને બીજા વડે મનની શુદ્ધિ થાય છે.

ભવ્યત્વ એટલે મુક્તિગમન યોગ્યતા અને

તથાભવ્યત્વ એટલે વ્યક્તિગત મુક્તિગમન યોગ્યતા.

અરિહંતના ધ્યાનથી અશુભધ્યાન ટળે, શુભધ્યાન સાંપડે,

એ ઉપકારના બદલામાં

કૃતજ્ઞતારૂપે પણ તેમને ભક્તિ વંદનાદિ કરવાં જોઈએ.

'સંસાર અસાર છે, કારણકે તે દુઃખમય છે,

પાપમય છે, સ્વાર્થમય છે તથા ધર્મ મંગળમય છે'

તેવું પ્રધાન જ્ઞાન આપનાર અરિહંતો છે.

આત્માની અવિનાશીપણાનું ભાન સિદ્ધ ભગવંતો કરાવે છે.

આચારપાલનની કઠોરતા સિદ્ધ કરવા વડે

બાળજીવોને આચારસંપન્ન બનાવનાર આચાર્યો છે,

વિનયગુણને સ્વયં સિદ્ધ કરી

બાળજીવોને તે સિદ્ધ કરાવનાર ઉપાધ્યાય ભગવંતો છે.

સંસારનો અને કર્મનો બોજો જીવો ઉપર છે,

તેને ઉતારવામાં સાધુ સહાય કરે છે. સ્વયં સહન કરે,

સાધના કરે અને બાળને સાધનામાં સહાયક બને છે.

સહાય કરવા છતાં 'પોતે સહાયક છે' એમ માનતા નથી

પણ અરિહંત, સિદ્ધ, આચાર્ય અને ઉપાધ્યાયની

સેવા કરવામાં જ પોતાનો જન્મ સાર્થક ગણે છે.

નમસ્કારમાં ચિંતન છે અંતરના પરિણામની - સાચા ભાવની.
ભાવ એ દીવો છે, ભાવ એ ત્રાણ છે, ભાવ એ શરણ છે,
ભાવ એ ગતિ છે અને ભાવ એજ સાચી પ્રતિષ્ઠા છે.
० 'ભવન ભવવું' એટલે શિખર પરથી નીચે પડવું,
'ભવન ભવ ભાણવું' એટલે
તળેટીથી શિખર ઉપર ચઢીને ત્યાં સ્થિર થવું.
જિનશાસન જયવંત છે, કેમકે તે અચિન્ત્યશક્તિયુક્ત છે,
અવિસંવાદી - પૂર્વાપર અવિરુદ્ધ છે, ભવમાત્રનું હિતચિંતક
અને ભવમાત્રના કલ્યાણને કરનારું છે.
ભવાભવાદિ ૯ તત્ત્વો, ૮ કર્મો, ૬ દ્રવ્યો, ૧૪ રાજલોકો
વગેરેનું યથાસ્થિત નિરૂપણ જિનશાસનમાં છે.
માર્ગાનુસારીથી માંડી સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ
આદિ ધર્મના સુંદર આચારોનું વર્ણન છે.
ગણિતાનુયોગમાં ૧૪ રાજલોકની ભૂગોળ અને
કથાનુયોગમાં સર્વ મહાપુરુષોના ઈતિહાસ અને
પુણ્ય - પાપના વિપાકને વર્ણવનારી કથાઓ છે.
દ્રવ્યાનુયોગ એટલે Theory, ચરણકરણાનુયોગ એટલે
Practice, કથાનુયોગ એટલે History અને
ગણિતાનુયોગ એટલે Geography છે.

સૂર્યના પ્રકાશથી જેમ વનસ્પતિ આદિનો વિકાસ અને
જીવનશક્તિનો પ્રકાશ મળે છે તથા
તેના અભાવમાં જીવન અંધકારમય અને દુઃખમય બને છે,
તેમ જૈન સિદ્ધાંતરૂપી સૂર્યના તેજથી
વિશ્વમાં દાન - દયા આદિ ધર્મો,
ક્ષમા - મૃદુતાદિ સદ્ગુણો,
સુખ, શાંતિ અને આનંદાદિનો પ્રકાશ મળે છે તથા
વિષય - કષાય અને દુઃખ - દુર્ગતિનો અંધકાર ટળે છે.

જિનાલયમાં થતાં ધ્યાનના ૪ પ્રકાર

पिण्डस्थं - शरीरस्थस्य ध्यानम् ।
पदस्थं - अर्हं शब्दस्थस्य ध्यानम् ।
रूपस्थं - प्रतिमारूपस्य ध्यानम् ।
रूपातीतं - योगिगम्यमर्हतो ध्यानम् ।

પહેલાં જિનપ્રતિમાના દર્શન કરે ત્યારે રૂપસ્થ ધ્યાન,
પછી પ્રભુની ભાવવાહી સ્તુતિ કરે ત્યારે પદસ્થ ધ્યાન,
પછી પ્રભુના ગુણોમાં તન્મય થાય ત્યારે પિંડસ્થ ધ્યાન,
પછી ક્રમે ક્રમે રૂપાતીત ધ્યાન થાય.

0 ઈશ્વર અંશ જીવ અવિનાશી,
ચેતન અમલ સહજ સુખરાશિ.

નિત્ય સવારે ઊઠીને વિચારવું કે:

(૧) સંસારભરના જીવોમાં મારો કોઈ શત્રુ નથી,
મારો કોઈ સ્વજન નથી.
હું એકલો દર્શન-જ્ઞાન સ્વભાવવાળો, નિર્મળ, નિત્ય છું.

(૨) સર્વ જીવો ઉપર પરોપકાર કરવો જોઈએ.
ક્ષમા રાખીને આત્મા ઉપર ઉપકાર થાય છે અને જગતના રાગ-દ્વેષ પાતળા કરવાનું ક્ષમાપનાથી થાય છે.
માનવજીવનની આ જ મહત્તા છે.
વિવેકશક્તિ મળ્યાનો આ જ પુરુષાર્થ છે કે:
સમજીને જીવનનું ગાંઠ કરી છૂટવું.

(3) પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવા માટે,
નિવૃત્તિમાંથી નિર્વિકલ્પ થવા માટે,
વાણી, વિચાર અને મનથી તટસ્થ ભાવ પામવા માટે,
અંતે સંપૂર્ણ જ્યોતિ પ્રાપ્ત કરીને મહામંડિત મૃત્યુ પામવા
અને તે દ્વારા મોક્ષપદ મેળવવા માટે
પ્રભુને જીવી ગાંઠ કરી છૂટવું જોઈએ.
ક્ષમાપનાથી સ્વપર ઉપકાર થાય છે.
માનવજીવનની મોંઘેરી પ્રેમભાવમાં છે અને
તે ક્ષમાપનાથી જ પ્રાપ્ત કરી શકાય છે.

(૪) તારે રડવું જ હોય, તો
જગતના સ્વાર્થ સામે નહિ, તારી અપાત્રતા સામે રડ.
જે જીવનમાં સહન કરીને કસોટીમાંથી પાર ઉતરી જાય છે,
તે મૂર્તિ બનીને ફૂલે પૂજાય છે.
જે સહન ન કરે, તે પગથિયાનો પત્થર બની પટકાય છે.

(૫) મનુષ્ય એકલા રોટલાનો ભૂખ્યો નથી, એને
સહાનુભૂતિ અને બાળકોની લાગણીની પણ ભૂખ છે.
ભિખારીને પણ સૂકો પૈસો નહિ પણ
પ્રેમભીનો રોટલો જ ગમે છે.

(૬) જગતમાં સુખી કરીને જ સુખી થવાય છે,
જીવાડીને જ જીવાય છે. કરે તેવું પામે, વાવે તેવું લણે.
અનધિકાર ચેષ્ટા એ ધર્મ નહિ પણ અધર્મ છે.
જે માતા-પિતાદિ કે શરણે રહેલા પરિવારને સંતોષી ન શકે,
તે દરિદ્ર જગતને કેવી રીતે સંતોષ આપી શકે?

(૭) સંસાર સત્ય નથી કારણકે તે નાશવંત છે,
અસત્ય નથી કારણકે તે પ્રત્યક્ષ છે, તેથી શાસ્ત્રો તેને
'અનિર્વચનીય' કહે છે. સર્વ મર્યાદાઓથી પર જે નિર્દોષ
આત્મચૈતન્ય તે જ સત્ય છે. તે અસંગ, શાશ્વત, પરિપૂર્ણ
સ્વરૂપને મનમાં સ્થિર કરી કર્તવ્યકર્મ કરવું, તે ધર્મ છે.

श्री

(૮) જે મમતા વિનાનો, સુખ - દુઃખને સમાન ગણનારો અને ક્ષમાયુક્ત હોય, તે જ પુરુષ સંન્યાસને યોગ્ય છે.

(૯) સર્વ સંકલ્પોથી રહિત, નામ - રૂપાત્મક પદાર્થોથી પર, ત્રિગુણાતીત, નિરાકાર, નિર્વિકાર - એવું જે શાશ્વત તત્ત્વ તે જગતનું અધિષ્ઠાન અને તેને જ 'પરબ્રહ્મ' કહેવાય છે. એની અનુભૂતિ માટે જે જ્ઞાન - તે જ યોગ છે.

अचेतनं चेतनाधिष्ठितं कार्यं करोति इति ज्ञानं

सम्यग्ज्ञानं । अर्थात्:

ચેતનાથી અધિષ્ઠિત થઈને અચેતન કાર્ય કરે છે,

આવું જ્ઞાન, તે 'સમ્યગ્દર્શન' છે.

(૧૦) આત્માને ચિત્તથી જુદો પાડીને જોવાનો પ્રયાસ કરવો. આત્મા અવિનાશી છે, આદિ અને અંતથી રહિત છે. એમાં જ નિષ્ઠા રાખવી. જે પદાર્થ અસત્ છે, તેનું હોવું સંભવતું જ નથી અને જે સત્ છે, તેનું ન હોવું સંભવતું નથી.

(૧૧) આત્માના ચિંતનથી વાસનાઓ નિર્મૂળ થાય છે. આત્મા પરિપૂર્ણ હોવાથી તેમાં વાસનાઓનું અસ્તિત્વ શક્ય નથી.

(૧૨) આત્મતત્ત્વ તેના વાસ્તવિક બોધ વડે વાસનાઓથી મુક્ત થાય એટલે પ્રકૃતિના આધિપત્યમાંથી છૂટે, તેને જ 'મોક્ષ' કહેવાય છે.

આ સ્થૂળ શરીરની ઉપાધિમાં જ, જગતમાં જ
આત્માનું અવલોકન કરો.

આનંદસ્વરૂપ, શાન્તસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યઘન
જે પરમતત્ત્વ છે, તે જ સત્ય છે, અવિનાશી છે.

બ્રહ્મદૃષ્ટિથી કાંઈ પણ અસત્ય નથી અને
જગતરૂપ દૃષ્ટિથી જોતાં કાંઈ પણ સત્ય નથી.

o અંતઃકરણની બધી વૃત્તિઓમાં
પરમ પવિત્ર વૃત્તિ ભક્તિની વૃત્તિ છે.

પવિત્ર વસ્તુના ચિન્તન માત્રથી મનમાં પવિત્રતાની
ધારા વહેવા લાગે છે, જે મનની મલિનતા ધોઈ નાંખે છે,

પ્રભુના નામનો પ્રભાવ પણ અન્ય
સર્વ વસ્તુઓના સંપૂર્ણ પ્રભાવોથી પણ પ્રબળ છે.

જેમ રોગોનું કારણ રોગોનું ધ્યાન છે, તેમ આરોગ્યનું
કારણ પણ આરોગ્યવાન વસ્તુઓના ધ્યાનમાં રહેલું છે.

સમગ્ર સંસારમાં કોઈપણ મનુષ્યની સહાનુભૂતિ
પાપ, અપવિત્રતા, અશુભની સાથે હોતી નથી, કારણ કે
પ્રત્યેક સ્ત્રી - પુરુષ પોતાને માટે
બધા તરફથી શુભને જ ચાહે છે, પુણ્યકર્મને જ ઇચ્છે છે
તથા પવિત્ર વ્યવહારની જ પ્રતિજ્ઞા કરે છે.

પાપમય સંકલ્પ, અશુભ વચન, મલીન વિચાર, દુષ્ટ
સંસ્કારાદિ જગતમાં નિઃસહાય - સહાનુભૂતિરહિત છે,
તો પણ તેના ચિન્તનનો પ્રભાવ પડે છે.

તેના ચિન્તન અને ધ્યાનાદિથી મનુષ્ય અપવિત્ર,
મલિન અને રોગી બની જાય છે, તો વિચારવું જોઈએ
કે જે શુભ છે, પવિત્ર છે, તેના ચિન્તન, જપ અને
ધ્યાનનો પ્રભાવ કેટલો પ્રબળ હોઈ શકે છે, કેમકે
તેની સાથે સમગ્ર વિશ્વની સહાનુભૂતિ છે.
સર્વ સંતોના શુભ સંકલ્પો, સર્વ મહાત્મા પુરૂષોની મંગળ
કામનાઓ સર્વભગવદ્ ભક્તોની શુભભાવનાઓ રહેલી
છે અને જેમાં સર્વોપરી સહાયક પરમાત્મદેવ સ્વયં છે.

तत्र समाधानं समाधिः ।

परमार्थतः आत्मनो हितं सुखं स्वास्थ्यं वा ।

વિનય વડે જે આત્મહિત, આત્મસુખ કે આત્મસ્વાસ્થ્યની
પ્રાપ્તિ થાય, તે વિનયસમાધિ.

એ જ રીતે શ્રુત - આચાર - તપ વડે
આત્મહિત, આત્મસુખ કે આત્મસ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય, તે
જ શ્રુતસમાધિ, આચારસમાધિ, તપસમાધિ ઈત્યાદિ છે.
અહીં સાથે અનાગતનું વેષ્ટન તે વિનયસમાધિ સૂચક છે,

અષ્ટવર્ગ સાથે અનાદરનું આલેખન તે શ્રુતસમાધિ સૂચક
અને લબ્ધિપદોમાં અનાદરનું આલેખન
તે આચારસમાધિ અને તપસમાધિનું સૂચક છે.
'પ્રભુપૂજા વડે પ્રસન્નતા'નો અર્થ કષાયોનું ઉપશમન છે.
કષાય શમવાથી ચિત્તસ્વાસ્થ્ય અને
ચિત્તસ્વાસ્થ્ય વડે તન્મયતા પમાય છે. તીર્થંકરો કહે છે:
આત્મપરિણામની સહજસ્વરૂપે પરિણતિ થવી, તે ધર્મ છે.
આત્મપરિણામની ચપળ પરિણતિ થવી, તે કર્મ છે.
ઉપશમ - ધૈર્ય અને વૈરાગ્યના પાયા ઉપર
દ્રવ્યાનુયોગનો બોધ હિતકારક છે.
ઉપશમ અને વૈરાગ્ય માટે ચરણકરણાનુયોગ,
ગણિતાનુયોગ તથા કથાનુયોગનું પરિશીલન આવશ્યક છે,
તેથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને
શુદ્ધ અંતઃકરણમાં આત્મબોધ જાગ્રત થાય છે.
આત્મજ્ઞાન સાધ્ય છે અને
વૈરાગ્ય - ઉપશમાદિ તેનાં સાધનો છે.
મોહક્ષયાત્ જ્ઞાનદર્શનાવરણક્ષયાત્ કૈવલ્યં । કૈવલ્ય પ્રાપ્તિ
માટે જ્ઞાન - દર્શનાવરણનો ક્ષય તથા તેના ક્ષય - ક્ષયોપશમ
માટે બંને પ્રકારના મોહનો ક્ષય - ક્ષયોપશમ થવો જોઈએ.

<u>દર્શનમોહનો ક્ષયોપશમ ઉપશમ - મૈત્ર્યાદિ અને</u>
<u>ચારિત્રમોહનો ક્ષયોપશમ વૈરાગ્યાદિ ફળ છે.</u>

આરંભ - પરિગ્રહ એ અવૈરાગ્ય તથા અનુપશમનાં ફળ છે,
તેથી તેના ત્યાગનો ઉપદેશ પ્રધાન કર્યો ઘટે છે.

o અનેકાન્તવાદ = thought,
સ્યાદ્વાદ = speech, અહિંસા = action.
Unity in diversity = અનેકતામાં એકતા.
જેમ સત્ - અસત્, એક - અનેક. સત્યં, જ્ઞાનં, અનન્તમ્ ।

o પવિત્ર જીવન અને પ્રભુનું સ્મરણ - સ્મરણ,
આ બે વસ્તુમાં સાધનાનું સર્વસ્વ આવી જાય છે.
પવિત્ર જીવન એટલે અસત્થી દૂર રહેવું અને
સત્માં પ્રવૃત્તિશીલ રહેવું અને
તે માટે સર્વ દોષથી રહિત અને સર્વ ગુણથી સહિત
પરમાત્માની સમીપ મન - વચન - કાયાથી રહેવું.

<u>સિદ્ધિનો સરલ માર્ગ</u>

મનથી ઈશ્વરનું સ્મરણ, વચનથી સ્તવન અને
કાયાથી તેમની આજ્ઞાનું પાલન કરવું, તે છે.
ઈશ્વર એટલે પ્રકૃતિનો પ્રભુ.
તે શક્તિ એટલે કે પ્રકૃતિ ઉપર શાસન કરે છે.

આત્માની સિદ્ધિ મેળવવા માટે ઈશ્વરની અનંતતા, નિત્યતા, અમરતા, પૂર્ણતા, આનંદ અને પરમ શાંતિનો વિચાર કરો. મનને વારંવાર લક્ષ્ય પર લાવો. ગુરુ તથા શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા અને ઈશ્વર પ્રત્યે ભક્તિ કેળવો. ભક્તિ માટે મુમુક્ષુતા - વૈરાગ્ય કેળવો. મનને શાંત રાખો. શાંત મનમાં જ દિવ્યપ્રકાશનો ઉદય થાય છે. હંમેશા પ્રફુલ્લિત રહો. પ્રસન્નતા એ મનને માટે દિવ્ય શક્તિ-વર્ધક ઔષધિ (Tonic) છે. સદા આત્મચિન્તન, આત્મ-નિરીક્ષણ કરો. ધ્યાન દ્વારા સદ્ગુણોની વૃદ્ધિ કરી શકાય. નમ્રતા અને નિર્ભયતા બધા સદ્ગુણોના રાજા સમાન છે.

અડધું પેટ ખોરાકથી, ચોથો ભાગ પાણીથી અને
ચોથો ભાગ હવા માટે ખાલી રાખો, તે યુક્તાહાર છે.

જે ખાવા માટે જીવે તે પશુ છે,
જે જીવવા માટે ખાય, તે સાધુ અથવા યોગી છે.

ધ્યાનાભ્યાસીને ખોરાકનું પ્રમાણ અલ્પ જોઈશે.

જે વસ્તુનું તીવ્રતાથી ધ્યાન કરે છે,
તે વસ્તુનું સ્વરૂપ તે વ્યક્તિ ધારણ કરે છે.

જાગૃત અવસ્થામાં મન મગજમાં રહે છે,
સ્વપ્નાવસ્થામાં કંઠસ્થળે - સુષુપ્તિ વખતે હૃદયમાં રહે છે.

પ્રાણ એ મન અને શરીરને જોડનારી કડી છે.
મનને એક સ્થાન ઉપર કેન્દ્રિત કરવું, તે અભ્યાસ છે.
અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મનોનિગ્રહ કરી શકાય છે.
મનને સાત્વિક વિચારોથી ભરી દો,
અશુદ્ધ વિચારો ધીમે ધીમે નાબૂદ થશે.
ઈચ્છા ઈન્ધન છે, વિચાર અગ્નિ છે.
ઈચ્છારૂપી ઈન્ધનને અલગ કરો, વિચારાગ્નિ શાંત જશે.
મન વિચાર કરે છે, બુદ્ધિ નિશ્ચય કરે છે,
અહંકાર સ્વત્વને ગ્રહણ કરે છે, ચિત્ત સ્મરણ કરે છે.
જ્યાં પ્રાણ ત્યાં મન છે અને મન ત્યાં પ્રાણ છે.
જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ - મનની 3 અવસ્થાઓ છે.
માનસિક કાર્ય એ જ વાસ્તવિક કાર્ય છે.
મન ત્રિગુણાત્મક છે.
સત્વગુણની વૃદ્ધિ વખતે મન નિશ્ચલ અને શાંત રહે છે,
રજોગુણની વૃદ્ધિ વખતે મન ઉત્તેજીત રહે છે,
તમોગુણની વૃદ્ધિ વખતે મન મૂઢ બને છે.
રજોગુણ દ્વારા તમોગુણને, સત્વગુણ દ્વારા રજોગુણને તથા
શુદ્ધ સત્વગુણ દ્વારા મલિન સત્વગુણને જીતી શકાય છે.
સાત્વિક મન શાંત રહે છે, જે સત્યને પકડી શકે છે.

સત્ત્વગુણ સદાચારી, પ્રભુપ્રેમી, જ્ઞાની - વિવેકી હોય છે.
સત્ત્વગુણની વૃદ્ધિ કરનાર છે:
સત્સંગ, સ્વાધ્યાય, નામજપ તથા સાત્ત્વિક ભોજન.
સત્ત્વગુણમાં તેજસ્વિતા છે અને જ્યાં તેજ છે,
ત્યાં એકતા, ભલાઈ અને પવિત્રતા હોય છે તથા
વિવેક, તર્ક અને વિચારશક્તિ પ્રાદુર્ભાવ પામે છે.
રજોગુણમાં કર્મ અને કર્મફળ પ્રત્યે આસક્તિ હોય છે.
રજોગુણનું ધ્યેય ધન અને ભોગ હોય છે.
તે દુઃખને સુખ, સંતાપને આનંદ તથા શોકને હર્ષ સમજે છે.
તમોગુણ વિચારશૂન્ય અને અજ્ઞાની હોય છે,
દુરાચાર તેનું મૂળ છે.
ૐ સંપૂર્ણ ધ્વનિઓનું - અર્થ સંપૂર્ણ લિપિઓનું પ્રતીક છે.
ૐ એ ધનુષ્ય, મન એ બાણ અને બ્રહ્મ એ લક્ષ્ય છે.
એકાગ્ર ચિત્તરૂપી તીરથી બ્રહ્મરૂપી નિશાન વીંધાય છે.
જેમ તીર લક્ષ્યમાં લાગીને એકરૂપ થઈ જાય છે, તેમ
જીવાત્મા પરમાત્મા સાથે મળીને એકરૂપ થઈ જાય છે.
ૐ એ આત્માનું વાસ્તવિક નામ છે અને
સંસારસાગર પાર પામવાની નૌકા છે.
ૐ શાસ્ત્રોનો સાર છે અને મંત્રોનો પ્રાણ છે.

ચિન્તનકણિકાઓ ૐ આ. સુ. ૪, સોમવાર

(૧) ચેતનદ્રવ્ય ઉપર ૧૦ વિશેષ સ્વભાવ છે,
તેમાં સામાન્ય ૧૧ સ્વભાવ ભળતાં ૨૧ સ્વભાવ થાય.
કાળદ્રવ્યને ૧૫ સ્વભાવ હોય છે, કેમકે બહુપ્રદેશ,
ચૈતન્ય, મૂર્તતા, વિભાગ, શુદ્ધ, અશુદ્ધ - એ ૬ ન હોય.

(૨) સવિકલ્પ = સંપ્રજ્ઞાત = સબીજસમાધિ = એકાગ્રતા.
તેમાં ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી કાયમ રહે છે.
તેને સાસ્મિતસમાધિ અને સાનંદસમાધિ પણ કહે છે.
સાસ્મિતમાં 'અહમસ્મિ' - માત્ર સત્તાનું જ ભાન રહે છે.
સાનંદસમાધિમાં રજોગુણ - તમોગુણરહિત કેવળ
સાત્ત્વિક મન ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે,
ત્યારે તે સ્વયં આનંદઘન સ્વરૂપ થઈ જાય છે.

(૩) નિર્વિકલ્પ સમાધિમાં ત્રિપુટીની એકતા થાય છે,
તેને અસંપ્રજ્ઞાત અથવા નિર્બીજ કહે છે.
એમાં મન સંપૂર્ણ નિરુદ્ધ થઈ જાય છે.
નિર્વિકલ્પસમાધિ વડે જ પુનર્જન્મનો નાશ થાય છે.
યોગાગ્નિ દ્વારા નિઃશેષ કર્મો ભસ્મીભૂત થઈ જાય છે.
તે નિર્વિકલ્પસમાધિનું સાધન છે પર વૈરાગ્ય. ભૂત-ભાવિ
-વર્તમાનમાં વિલીન થઈ જાય છે, કેવળ વર્તમાન જ રહે છે.

યોગી તે વખતે દશા - કાષ્ઠ પર બને છે અને
તેની સ્થિતિ તરંગહીન સાગર જેવી થાય છે.
'નિસ્તરંગમહોદધિકલ્પ: |' અથવા
'નિર્વાતસ્થાનસ્થાદિ દીપવત્' નિરુદ્ધ અવસ્થાને પામે છે.

(૪) સમતાસમાધિ એ જીવનનો સાર ગણાય.
એની પ્રાપ્તિ છેવટે પણ જેને મળે, તે તરી ગયા ગણાય.
આવા આરાધનાભાવવાળો જીવ જ્યાં જાય, ત્યાં પણ
આરાધનામય જ રહે. વૈમાનિક દેવપણામાં રહી સમકિતને
શુદ્ધ કરે, શાશ્વત ચૈત્યોની ભક્તિ કરે, જિનકલ્યાણકોની
ઉજવણી કરે, કલ્યાણકાદિ તીર્થ ભૂમિઓની સ્પર્શના કરે,
મુનિવરોની શુદ્ધ સેવાદિ કરે, નંદીશ્વરાદિ દ્વીપમાં રહીને
ભાવથી અષ્ટાહ્નિકા મહોત્સવો ઉજવે, અરિહંતના શાસનની
આરાધનાના કાર્યોમાં આગેવાની લઈને ખૂબ ભક્તિ વડે
સમકિતની અધિક નિર્મળતા કરી દેવજીવનને શોભાવે.
ત્યાંથી ચ્યવી આર્યક્ષેત્ર, આર્યજાતિ અને આર્યકુળમાં
માનવજન્મ પામે, જન્મથી જ ધર્મ સંસ્કારી, ત્યાગી,
વિનયી, પ્રસન્ન, ગંભીર બને, સંસારથી વિરક્તભાવ
કેળવે, સદ્ગુરુના સહવાસથી વૈરાગ્ય બળને વધારે,
સુવિહિત ગુરુ પાસે સંયમ ગ્રહણ કરે, વિનયપૂર્વક શુદ્ધ

ભાવે પામે, સંયમશ્રેણીમાં આગળ વધે, ક્ષાયિક સમકીત
પામે, અપ્રમત્તભાવમાં આગળ વધી ક્ષપકશ્રેણીએ ચઢે,
શુક્લધ્યાનમાં આવે, અવેદી થાય, અકષાયી વીતરાગ
બને, ક્ષીણમોહ થઈને સર્વ ઘાતી ખપાવે, ધ્યાનાંતર દશા
પામે, કેવળજ્ઞાની થાય, જગતને ધર્મોપદેશ દઈને તારે,
છેવટે આવર્જીકરણ - આયોજીકાકરણ, કેવળી સમુદ્‌ઘાત,
યોગનિરોધ કરી અયોગી દશામાં સર્વ સંવર ચારિત્ર પામી
ચારે અઘાતી કર્મનો સર્વથા વિનાશ કરી,
અનંત શાશ્વત સુખ પામે.

આ ક્રમે આત્મા ચઢી જાય એવા ભાવના ભાવશો,
આપણે પોતે શાસ્ત્રઆધાર પ્રમાણે
સંયમમાં સ્થિર બનતાં મોક્ષમાર્ગમાં આગળ વધશો.

(૫) 'વાવે તેવું લણે' એ અકાટ્ય નિયમ છે.
જે જીવ દેહવાસનાના ક્ષેત્રમાં વાવે, તે વાસનામાંથી
વિનાશને લણે છે. જે જીવ આત્માના ક્ષેત્રમાં વાવે છે,
તે આત્મામાંથી શાશ્વત જીવન લણે છે.
ભલાં કામો કરતાં થાકવું ન જોઈએ.
જો હાર્યા વિના તે માર્ગે આગળ વધશો,
તો યથાકાળે તેના મધુરાં ફળ અવશ્ય મળશે.

(૬) પરમાત્મા સર્વ પ્રાણીઓમાં અંતરાત્મારૂપથી વ્યાપ્ત છે.
ભક્તોને તે આત્મજ્ઞાન પ્રદાન કરે છે. સાધુપુરુષો અને
સંતજનોના રક્ષક છે. જેમ માછલીના જીવનનો આધાર
જળ છે, તેમ બધા પ્રાણીઓનો જીવનાધાર ઈશ્વર છે.
તે પ્રત્યેક શરીરમાં આત્મારૂપે બિરાજમાન છે.

(૭) ઈશ્વર સર્વ સારભૂત છે.
તે અવિકારી, અચળ અને અનંત છે.
દોષરહિત સર્વ સાત્ત્વિક ગુણોનો ભંડાર છે.
સૌનો પિતા - નિયંતા, સૌનો આધાર અને સૌનો મિત્ર છે.
સૌનો આશ્રય છે અને સ્વયં આશ્રયરહિત છે.
પ્રભુની ભક્તિથી જન્મ - જરા - મૃત્યુનો નાશ થાય છે.

(૮) જ્યાં ભગવાનનાં નામ અને ગુણોનું ગાન થાય છે,
ત્યાં બધાં પાપનાશક અને મંગળકારી તીર્થો વિદ્યમાન છે.
ભગવાનના નામમંત્રનો નિરંતર જાપ કરતા રહેવાથી
મન મંત્રદેવતાની સાથે ઐક્યને પ્રાપ્ત કરે છે.

(૯) જેમ વાણી વગેરે ઇંદ્રિયોનાં કાર્યો
પ્રાણ ઉપર નિર્ભર હોવાથી પ્રાણરૂપ કહેવાય છે,
તેમ સંસારનાં બધાં કાર્યો - વ્યાપારો
ઈશ્વર ઉપર આધાર રાખતાં હોવાથી ઈશ્વરરૂપ છે.

(૨૦) અગ્નિ જેમ કાષ્ઠને બાળીને રાખ કરે છે, તેમ
ભગવાનના નામરૂપી પુરુષાગ્નિ
મનુષ્યનાં બધાં જ પાપોને બાળીને ભસ્મ કરે છે.
પુરુષ એ અગ્નિ છે તથા પ્રભુનામ વડે તે પ્રગટ થાય છે.
નામમંત્રની સાથે મનનું જોડાણ થતાંની સાથે જ
શુભ અધ્યવસાય પ્રગટ થાય,
તેનું જ નામ 'પુરુષાગ્નિ' ઈત્યાદિ.

(૨૧) ભગવાનની શક્તિ ભગવાનથી ભિન્ન વસ્તુ નથી.
તે શક્તિ જ ભક્તહૃદયમાં ભક્તિ ઉત્પન્ન કરે છે.
શરીર અને મનથી જે કાંઈ કર્મો થાય,
તે સર્વ ભગવાનને અર્પણ કરો,
તો તે કર્મો કદી પણ બંધનરૂપ બનશે નહિ.

(૨૨) સાધુ - સંતોની સેવા પ્રેમ અને આદરથી કરો,
તેમને ઈશ્વર સ્વરૂપ માનો, તો
તમારામાં ભગવાન પ્રત્યે ભાવની અભિવૃદ્ધિ થાય છે.
જેમ પ્રાણને ભોજન કરાવવાથી સૌ ઈંદ્રિયો તૃપ્ત થાય,
તેમ પરમાત્માના પૂજનથી સર્વ દેવોનું પૂજન થાય છે.

(૨૩) તે જ સાચી વિદ્યા છે કે જે વડે ભગવાનનું જ્ઞાન
પ્રાપ્ત થઈ તેમાં શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન થઈ શકે.

લાભની પ્રાપ્તિ તર્કથી નહિ, પ્રત્યક્ષ લાભ કેટલા થાય છે.
દ્વૈતમાં વિષયાત્મક ભેદ રહેલ છે, અદ્વૈતમાં કદિ
કાંઈ ભેદ નથી, એમ પોતાની જાતથી જોઈ શકતું નથી.

ભક્ત સંસારથી અનાસક્ત છે.

પ્રભુ સંતોનું હૃદય અને સંતો પ્રભુનું હૃદય છે.

સત્સંગ એ મોક્ષનું ખુલ્લું દ્વાર છે.

અગ્નિ જે રીતે પાસે રહેનારની ઠંડી, ભય અને
અંધકાર દૂર કરે, તેમ ભક્તોના સંગથી ભવનો ભય,
મોહનો અંધકાર અને મનની નિર્બળતા નાશ પામે છે.

ભયજનક વસ્તુ મૃત્યુ નથી, કિન્તુ
ઉદ્દેશ હેતુ વિના જીવેલું જીવન ભયજનક છે.

ભગવાન આપણને ભૂલતા નથી,
આપણે ભગવાનને ભૂલીએ છીએ.

ભગવાનમાં ચિત્ત જોડવાનો અભ્યાસ અને
વિષયોમાં અનાસક્તિરૂપી વૈરાગ્ય-
આ બે સાધન સાથે કરવાથી ચિત્તવૃત્તિ નિરોધ અને
સ્વસ્વરૂપમાં અવસ્થાનરૂપી યોગની સિદ્ધિ થાય છે.
પ વિષયો પ્રત્યે વિરાગ - વૃત્તિનિરોધ તથા પરમેષ્ઠી
પ્રત્યે અનુરાગ સ્વરૂપાવસ્થાન - એ સાધનામાત્રનો સાર છે.

મૃત્યુના વિચારથી વિષય - વૈરાગ્ય પ્રગટે છે,
મોક્ષના વિચારથી પરમાર્થ અનુરાગ જાગે છે.

મૃત્યુ અને મોક્ષને કદી ભૂલો નહિ.

બીજાના અપકાર - પોતાના ઉપકારને કદી યાદ ન કરો.
બીજાએ કરેલા અપકારને ભૂલવાથી ક્ષમાગુણ તથા પોતે
કરેલા ઉપકારને ભૂલી જવાથી ઉદારતાગુણ વિકસિત થાય છે.
જીવમાત્ર પ્રત્યે સ્નેહના પરિણામથી આપોઆપ ક્ષમા
અને આપોઆપ ઉદારતા વિકાસ પામે છે.
સ્નેહપરિણામ સહનશીલ - ઉદાર - માયાળુ - દયાળુ છે તથા
અહિંસક, સંયમી અને તપસ્વી છે.

હૃદયમાં ભોગોનું સ્થાન જ્યારે ભગવાન લે છે,
ત્યારે જીવનમાં સુખ અને શાંતિનો અનુભવ થાય છે.
ભોગો કઠોર - ભગવાન કૃપાળુ છે. ભગવાનની કૃપા-
કરુણા સરળ છે. ભોગોની કઠોરતા પણ સરળ છે.

(૧૩) હૃદયનો ધર્મ ભાવ છે, બુદ્ધિનો ધર્મ વિચાર છે.

મનુષ્યને 3 દૃષ્ટિ મળી છે:

કર્મયોગ - વિજ્ઞાન - ઇંદ્રિયદૃષ્ટિ - ભોગ અધિભૂત.
કર્મ ઉપાસના - ભાવદૃષ્ટિ - યોગ અધિદૈવ.
તત્ત્વજ્ઞાન - વિચારદૃષ્ટિ - મોક્ષ અધ્યાત્મ.

## ગાયત્રી મંત્રનો અર્થ

ૐ - પ્રભુ આપણને જીવન પ્રદાન કરે છે.
અમારી રક્ષા કરે છે, આપણને સુખસંપત્તિનું દાન કરે છે.
સર્વ સમર્થ ઈશ્વરના તે કલ્યાણકારી તેજનું
અમે ધ્યાન કરીએ છીએ.
તે પ્રભુ અમારા જીવનરથના સારથિ બનીને
અમારી બુદ્ધિને માર્ગદર્શન કરો.
ઈશ્વર જ જીવનપ્રદાતા, દુઃખત્રાતા, સુખસંપત્તિદાતા છે.
ૐ = પરમાત્મવાચક, ભૂઃ = જીવન પ્રદાયક તત્વ,
ભુવઃ = રક્ષા કરવાવાળું યા દુઃખ નિવારક તત્વ,
સ્વઃ = સંપત્તિ અથવા ઐશ્વર્યપ્રદાયક તત્વ.
આ મંત્ર અંતઃકરણથી પ્રાર્થના કરવાવાળાનું રક્ષણ કરે છે
અને પોતાના નામની સાર્થકતા કરે છે.
ગાયન્ ત્રાયતે ઇતિ ગાયત્રી । અર્થાત્:
ગાવામાત્રથી રક્ષણ કરે, તે 'ગાયત્રી'.
ભાવ એ અંતઃકરણ અને જ્ઞાનેન્દ્રિયોનો ધર્મ છે.
ક્રિયા એ પ્રાણ અને કર્મેન્દ્રિયોનો ધર્મ છે.
વસ્ત્રની અપેક્ષાએ ધાગો મુખ્ય છે અને
ધાગાની અપેક્ષાએ કપાસ મુખ્ય છે.

મંત્રાર્થનું જ્ઞાન ન હોય તો પણ એનું શુદ્ધ ઉચ્ચારણ
કરતી વખતે ધ્વનિ વાયુનું કંપન પોતાનો પ્રભાવ પાડે છે.

રાગ - રાગિણીઓથી અપરિચિત હરિણ પણ
વાંસળીની મધુર સ્વરલહરી પર સ્તબ્ધ થઈ લીન બને છે.

પ્રભુને પ્રસન્ન કરવા માટે
દૈવી સંપત્તિના ગુણોને પોતામાં વિકાસ કરવો જોઈએ.

૧) અભય (ભય હરે). ૨) વરદ (સુખ - સંપત્તિ દે).

ભૂઃ = શારીરિક શક્તિ - બ્રહ્મચર્ય.
ભુવઃ = દુઃખ દૂર કરવા માટે સાહસ - ધૈર્ય - સહન શક્તિ.
સ્વઃ = સંપત્તિ પ્રાપ્ત કરવા તદનુકૂળ ઉદ્યમ કરવાની બુદ્ધિ.

પ્રેમ, સ્નેહ, માન, પ્રણય, રાગ, અનુરાગ, ભાવ, મહાભાવ.

न देवा दण्डमादाय रक्षन्ति पशुपालवत् ।
यं तु रक्षितुमिच्छन्ति बुद्ध्या संयोजयन्ति तम् ॥

(પરિશિષ્ટ-૧૨)

°

Spiritual awareness
A sadhak shows
Faith, spirit, reverence, fellowship
with the eternal, forgiving spirit,
peace, security and wholeness.

‘પોતાને જ દુઃખ છે, એમ નહિ પણ
સૌને ત્યાં દુઃખ છે, રોગ છે, જરા છે,
વ્યાધિ છે, મરણ છે, ઇષ્ટનો વિયોગ છે,
અનિષ્ટનો સંયોગ છે તથા લાભિષ્ટનો લાભ છે’
એમ જાણનાં દુઃખોને જોવાથી સહાનુભૂતિનો જન્મ થાય.
કેટલાંકનાં દુઃખ તો સ્વદુઃખ કરતાં ય ઘણું વધુ હોય છે,
એવી સહ-અનુભૂતિ પોતાનાં દુઃખને ભુલાવે છે.
આમ સૌનાં દુઃખોને જોવાથી, સાંભળવાથી, સમજવાથી
પોતાનું દુઃખ હળવું થઈ જાય છે.
‘પદાર્થમાત્ર નાશવંત છે’
એ સિદ્ધાંતને સમજવાથી રાગભાવ નાશ પામે છે,
શ્રેષ્ઠ તરફ મુદિતા, સમાન તરફ મૈત્રી,
કનિષ્ઠ તરફ કરુણા અને તે સહુ સિવાયનાં
બધાં તરફ ઉપેક્ષા - તટસ્થતા - માધ્યસ્થતા.
આ ચાર સ્મૃત્યુપસ્થાનો કે જાગૃતિનાં શ્રેષ્ઠ સાધનો છે.
(૧) પોતાના દેહનું (૨) પોતાની વેદનાનું (3) ચિત્તનું
તથા (૪) મનોવૃત્તિનું યથાર્થ અવલોકન કરવાની ક્રિયાને
‘વિપશ્યના’ પણ કહે છે.
એથી શોક અને ખેદ, દુઃખ અને દૌર્મનસ્ય દૂર થાય છે
ઉપરાંત સન્માર્ગ અને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

૩ શારીરિક પાપ: પ્રાણઘાત, ચોરી અને વ્યભિચાર.

૪ વાચિક પાપ: અસત્ય, ચાડી, ગાળ અને બકવાદ.

૫ માનસિક પાપ: પરધનની અને બીજાના નાશની ઈચ્છા,
તથા સત્ય, અહિંસા, દયા, દાન વગેરેમાં અશ્રદ્ધા.

બાહ્યસ્નાન કરી પવિત્ર થવું મહત્વનું ખાસ નથી.
મન, વચન અને કાયા -
ત્રણેના દોષોથી વિરામ પામવું એ સાચું - પૂરું સ્નાન છે.
તે સંપૂર્ણ સ્નાન ગણાય છે.

વૈરથી વૈર શમતું નથી - ક્ષમાથી જ શમે છે.

પૃથ્વીને ખોદી શકાતી નથી, આકાશને રંગી શકાતું નથી
તથા ગંગા નદીને અગ્નિના તાપથી ઉકાળી શકાતી નથી,
તેમ બીજાના બોલવાથી સ્વચ્છ અને શુદ્ધ અંતઃકરણ
ઉપર જરા પણ ખરાબ અસર થતી નથી,
માટે અંતઃકરણને સ્વચ્છ બનાવો.

વિશુદ્ધ દર્શન વિશુદ્ધ કરુણા સાથે સંબંધ રાખે છે.
દર્શન વિશુદ્ધિ વિશ્વવાત્સલ્યરૂપ છે,
સ્નેહથી છલોછલ ભરેલી રહે છે.

પોતાની જાતને માટે પોતે જ પ્રકાશરૂપ બનો અને
પોતાના જ આત્માનું શરણ શોધો.
પોતા ઉપર જ અવલંબીને રહેજો.

સંસારની વસ્તુમાત્ર વ્યયધર્મી છે.
જેની ઉત્પત્તિ થઈ છે, તેનો વિનાશ થવાનો જ છે.
આત્મદીપ - આત્મશરણ બનો. ધર્મદીપ - ધર્મશરણ બનો.
લોકો મૂંગા રહેનારને નિંદે છે, બહુ બોલનારને નિંદે છે,
ઓછું બોલનારને પણ નિંદે છે.
સદા કોઈ પુરુષ સંસારમાં થયો નથી,
થનારો નથી અને છે પણ નહિ કે જે
લોકોમાં કેવળ નિંદા કે કેવળ પ્રશંસાને પાત્ર બનેલો હોય.
જાગનારને રાત લાંબી લાગે છે,
થાકેલાને ગાઉ યોજન જેટલો લાંબો લાગે છે,
સદ્ધર્મને નહિ સમજનારને આ સંસાર લાંબો લાગે છે.
'પુત્રો મારા છે, ધન મારું છે' એમ કરીને મૂઢ મનુષ્યો
હેરાન થાય છે, પરંતુ પોતે જ પોતાનો નથી,
ત્યાં પુત્રો કે ધન પોતાનું શાનું થઈ શકે ?
જાગૃતિ એ અમરતાનો પંથ છે, પ્રમાદ મૃત્યુનો પંથ છે.
જેઓ જાગ્રત છે, તે મરતાં નથી.
જેઓ પ્રમાદી છે, તેઓ જીવતાં છતાં મરેલાં છે.
શોકને ઉત્પન્ન કરનાર શોક - પ્રિયવૃત્તિને લીધે ભય થાય છે.
જેને પ્રિયવૃત્તિ નથી, રાગ કે મોહ નથી,
તેને શોક કે ભય ક્યાંથી થાય ?

o જે મનુષ્ય નામરૂપમય જગતમાં કોઈ પ્રકારે લાલચ ન રાખે અને અકિંચન રહે, તેના ઉપર દુઃખો પડતાં નથી.

'આખું જગત ક્ષણ વિપરિણામી છે'
એમ જાણીને અનગાર થઈને રહેવું.

સ્વપ્નમાં જોયેલી વસ્તુ જાગ્રત થયા પછી જેમ મનુષ્ય જોઈ શકતો નથી, તેમ પરલોકવાસી થયા પછી પ્રિય મનુષ્યને પણ કોઈ જોઈ શકતું નથી,
માટે જગતને સ્વપ્નવત્ જુઓ.

મૈત્રી-કરુણાના પાયા ઉપર વિશ્વકુટુંબ રચી શકાય છે.

પરિવર્તન કે અસ્થાયીપણાનો નિયમ
એ અસ્તિત્વની પ્રથમ હકીકત છે.

સતત વહેતું જીવન નવાં રૂપોમાં આવિષ્કાર શોધે છે.

જીવન તો પુલ છે, તેના ઉપર આવાસ બાંધી ન શકાય.

બધું જ અસ્તિત્વના સર્વસ્તરોમાંથી ક્રમમાંથી પસાર થાય છે એટલે કે જન્મ, વૃદ્ધિ, જરા અને મૃત્યુ. પરિવર્તનનો નિયમ આત્માને પણ સરખી રીતે જ લાગુ પડે છે.

કેવળ જે 'અનાત્મા' પરમતત્ત્વ છે, તે જ પરિવર્તનથી પર છે.

વિશ્વનાં સર્વ રૂપો આ પરમતત્ત્વનાં જ આવિષ્કાર છે.

કરુણા પરમ નિયમ છે, તેને 'અમર્ત્ય સંવાદિતા' કહે છે.

જે કોઈ આ સંવાદિતાને ખંડિત કરશે, તે તેટલા પ્રમાણમાં
સ્ખલન કરશે અને પોતાના નિર્વાહને વિલંબમાં મૂકશે.

જીવન એક જ છે, એટલે
સમગ્રનાં હિતો એ જ એનાં અંશના પણ હિતો જ છે.
પોતાના અજ્ઞાનમાં માનવ માને છે કે
પોતે પોતાનાં હિતો માટે સફળપણે પ્રયાસ કરશે.
તેના સ્વાર્થની, આ ખોટા માર્ગે વળેલી શક્તિ યાતના
જ સર્જે છે. અકળામણ કરતાં અટકી, ભદ્ર થતાં શીખો.
પોતાના હૃદયને સ્વચ્છ કરી, આ બુદ્ધનો ઉપદેશ છે.
બુદ્ધ મહાબોધિ હતા તેમ કરુણાનિધિ પણ હતા.
'પ્રભુએ આપણા પર આટલી બધી સંપત્તિ કેમ ઠાલવી હશે?'
આ વિચાર જેના મગજમાં આવ્યો, તેનું નામ મનુષ્ય.
પ્રભુએ મને શા માટે મોકલ્યો હશે?
મને આટલી બધી બુદ્ધિ શા માટે આપી હશે?
મને આટલી બધી શક્તિ શા માટે આપી હશે? આવો
વિચાર મનુષ્યમાં જગાડવો એ જ ખરો લોકજાગૃત છે.
'લોકસંગ્રહ'નો અર્થ લોકોને ચેતનવંતા બનાવવા,
એમનામાં ચૈતન્ય જાગ્રત કરવું, નહિ કે
તારાથી કાંઈ થઈ શકે એમ નથી, માટે લે પ્રભુનામ.
આવું કહેનાર પ્રભુને ગમતા નથી.

પરિવર્તનનો કાનૂન સર્વને લાગુ પડે છે,
માત્ર સત્ય અપરિવર્તનશીલ છે.
જગદીશ્વરના રાજ્યમાંહિ કરુણા અને
જીવો સાથે એકરૂપ થવાની ભાવના જન્મે છે.
કરુણા અને પ્રેમ એ કાનૂનનો પણ કાનૂન છે.
જે કોઈ તેનો ભંગ કરે છે, તેને સહન કરવાનું રહે છે
અને તેથી તેના રાજ્યપ્રાપ્તિ વિલંબમાં પડે છે.

## ૪ આર્યસત્યો

(૧) દુઃખની સર્વવ્યાપકતાનું કારણ તૃષ્ણા છે.
(૨) તેનો ઉપાય કારણનું નિવારણ છે.
(૩) દુઃખનો અંત કરવા આત્મનિગ્રહનો અષ્ટાંગમાર્ગ છે:
સદ્વિચાર, સદ્ભાવના, સદ્વચન, સત્કર્મ, સદ્જીવન,
સદ્પ્રયાસ, સદ્મનોનિગ્રહ અને સત્સમાધિ.
જૂઠું ન કરો, ભલું કરતાં શીખો, અંતર શુદ્ધિ કરો.
(૪) આધ્યાત્મિક શક્તિઓના નિગ્રહ માટે
અડગ ધ્યાનની મહાન જરૂરીયાત છે.

સરસ્વતી: Goddess of learning & wisdom.
લક્ષ્મી: Goddess of wealth & prosperity.
કાલી: Goddess of power & destruction of evil.

## બે પ્રકારનાં દુ:ખ

એક સ્વાર્થથી ઉત્પન્ન થતું દુ:ખ - બીજું પરમાર્થથી.
પરમાર્થ કરતાં હાડમારીઓ વેઠવી પડે,
દેહ સહિત સર્વસ્વનો ત્યાગ કરવો પડે,
તો પણ આવું દુ:ખ એ જ ખરું સુખ છે.

બધાં ધર્મો એકમત છે કે દૃશ્યજગતની પાછળ જે પરમતત્ત્વ રહેલ છે અને જે અંતિમ સત્ય છે, તેનો જ માનવજીવનનું ધ્યેય બનાવી તેનો અનુભવ કરવો અને તેની સાથે તાદાત્મ્ય સાધવું.

પરમતત્ત્વ શ્રદ્ધાનો વિષય છે - an act of faith.

જેમ દેહ છે, તેમ દેહથી પર અને તેના કરતાં પણ વધારે મહત્ત્વનું તત્ત્વ અંદર છે તથા તે આધ્યાત્મિક છે અને તે જ અંતિમ સત્ય છે.

દેહધારી માનવ એ વિશ્વનું જ પ્રતિબિંબ છે.

યથા પિંડે તથા બ્રહ્માંડે । આ અંતિમ સત્યને પામવું તે જ આપણી સાધનાનું લક્ષ્ય હોવું જોઈએ.

'તમે મારું કલ્યાણ કરો' તેને બદલે 'હું આપનું શું કાર્ય કરું?' તેવી માંગણીમાં પ્રકટપણે અનુભવાય છે:
'અહં'નું વિસર્જન અને 'અર્હં'નું સર્જન.

## 'નમો' પદનો અર્થ છે:

Empty thyself & I shall fill Thee.

'નમો' ભાવમાંથી 'નમો' સ્વભાવ પ્રગટે છે:
કે જે ચૈતન્યસ્વરૂપાત્માની પ્રતીતિ કરાવે છે.
સત્યના રટણ કરતાં સત્યની ઝાંખી, એ જુદી ચીજ છે.
ધ્યાન 'અમન'ની સ્થિતિનું નામ છે.
મનમાં જ્યાં કોઈ જ તરંગ નહિ,
એવી નિસ્તરંગ, શૂન્ય, મૌન સ્થિતિમાં શાંત છતાં જાગ્રત
એવી ચેતના રહી અથવા 'હોવું માત્ર'
- અસ્તિત્વનો અનુભવ એ ધ્યાનની સ્થિતિ છે.
આવી સ્થિતિ વિચારવર્તુળોથી પર હોઈ અનુભવ
સિવાય એને જાણવાનો બીજો કોઈ જ માર્ગ નહિ.
આવા અમનની સ્થિતિનો એક ક્ષણનો પણ અનુભવ
સંભવ બને તો આને ત્યારે જ મનને 'પોતાનું મન
એ જ પોતાનું ખરેખરું બંધન છે' એમ જાણ થાય
અને એ જાણવું જ માત્ર તેને સમ્યક્ જીવન પથ પર
લઈ જનારું બની રહે. 'બંધન' બંધન છે, તે જાણ્યા
વિના તેમાંથી મુક્ત થવાની કોઈ જ સંભાવના નહિ.
ત્યાં સુધી તો કારાગૃહનો મહેલ માનીને
તેને સજાવતા રહેલા મનની જેવી સ્થિતિ રહે છે.

## કુલ ૫૦૦ ગાથાનો સ્વાધ્યાય એટલે...

(૧) નવકાર
(૨) પંચિંદિય
(૩) ઈરિયાવહી
(૪) નમુત્થુણં
(૫) અરિહંત ચેઈયાણં
(૬) જાવંતિ - જાવંત
(૭) જય વીયરાય
(૮) ઉવસગ્ગહરં
(૯) ઓમિતિ નમઈ
(૧૦) પુનઃ નવકાર મંત્ર.

o ઈશ્વર કોઈ વ્યક્તિ કે વસ્તુ થોડી જ છે?
એ તો માનવીય ચેતનાની ઉત્કૃષ્ટ સ્થિતિમાં થતો
એક આત્મિક અનુભવ છે.

અવતારી, પયગંબરી, તીર્થંકરો, ઈશ્વર પુત્રો
તરીકે આપણે જેમને માનીએ છીએ,
તેઓ આપણા જેવા જ સાકાર માનવીઓ હતા.
'તેઓ શું હતા કે શું નહોતા?' એ સવાલ સાધકને
મન બહુ મહત્ત્વનો નથી પરંતુ અનેક લોકોને સાકારમાંથ
નિરાકારનાં દર્શન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવામાં તેઓ પ્રબળ
નિમિત્ત-માધ્યમ-દ્વાર બની શક્યા, એનું બહુ મહત્ત્વ છે.

o

On the road to perfection,
each human soul must pass
to sincerity = આત્મીયતા.

પ્રશ્ન - જૈન ધર્મ વિશ્વવ્યાપી કેવી રીતે બને?

ઉત્તર - 'વિશ્વવ્યાપી'નો અર્થ એ નહિ કે
'જૈનોની સંખ્યા વિશ્વમાં સર્વત્ર વધે'.
એનો અર્થ એટલો જ છે કે એના સિદ્ધાંતોની જાણકારી
વિશ્વને થાય અને જીવનની સમસ્યાઓ હલ કરવાની
તેમાં જે ઉપયુક્તતા-ઉપયોગિતા છે, તેનાથી પરિચિત બને.

નિવૃત્તિ ધર્મ = સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર.

પ્રવૃત્તિ ધર્મ = દાન - શીલ - તપ - ભાવ.

અનેકાન્ત વિચારાત્મક અહિંસા છે,
અપરિગ્રહ આચારાત્મક અહિંસા છે.
આચાર અને વિચાર - ઉભય મળી અહિંસાત્મક બને,
ત્યારે જીવનમાં શાંતિ અને સુખ મળે છે.

જેમ મીણબત્તી પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે,
અગરબત્તી પોતે બળીને બીજાને સુગંધ આપે છે, તેમ
સમ્યગ્દૃષ્ટિ પોતે જ સહીને બીજાને શાંતિ આપે છે.

आयओ बहिया पास। - શ્રી આચારાંગ સૂત્ર
પોતાના સમાન જગતમાં બીજાઓને જુઓ.
પોતાને પ્રતિકૂળ લાગે તે બીજા પ્રત્યે ન આચર.

ह्रीं ॐ ह्रीं अर्हं ह्रीं ह्रीं अर्हं ह्रीं ॐ ह्रीं

## સૂરિમંત્રમાં સમાવિષ્ટ છે...

(૧) ૫ જ્ઞાન (૨) સમવસરણ (૩) ૧૨ પર્ષદા

(૪) ૯ લોકાંતિક (૫) ૫ કલ્યાણક - ૫ મેરૂ.

(૬) અશોક વૃક્ષ - ૮ પ્રાતિહાર્યો.

(૭) ચતુર્મુખ સદ્ધર્મની દેશના.

(૮) ૪ નિકાયના દેવ - દેવીઓ.

(૯) ૬૪ ઇંદ્રો - ઇંદ્ર સામાનિક દેવો.

(૧૦) વાગીશ્વરી, ત્રિભુવનસ્વામિની, શ્રીદેવી, યક્ષરાજ ગણિપિટક.

(૧૧) ૧૦ દિક્પાલ, ૨૪ યક્ષ - યક્ષિણીઓ.

(૧૨) ૧૬ વિદ્યાદેવીઓ, ૯ ગ્રહ, ૯ નિધાન.

(૧૩) દ્રવ્ય - ગુણ - પર્યાય, ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય.

(૧૪) શ્રુત, સંઘ, ધર્મ, તીર્થ, પ્રવચન.

(૧૫) શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, શાંતિદેવતા.

(૧૬) જયા, વિજયા, જયંતી, અપરાજિતા.

## આત્મામાં શું છે ?

સિદ્ધ યોગીઓ અને વેદો - ઉપનિષદો આદિ શાસ્ત્રો
પોતાના અનુભવના આધારે ઉચ્ચાર કરે છે કે:
આત્મા અથવા બ્રહ્મમાં જે જ્ઞાન, પ્રેમ, રસ
અને આનંદ છે, તે બીજે ક્યાંય નથી.

આત્માના રસને ચાખવા માટે પ્રથમ શરત છે કે:
માંસ - આહાર અને માંસ - વિહારનો પરિહાર.
જ્યાં સુધી હાડ, માંસ અને ચામમાં રસ હોય,
ત્યાં સુધી આત્માના રસના અધિકારી થઈ શકાતું નથી.
ભગવાન - આત્મા રસરાજ અને આનંદમૂર્તિ છે.
દુનિયાના તમામ સુખો અને ભોગ - વિલાસો
એ રસસાગરના એક બિંદુ બરાબર પણ નથી.
જીવનની પવિત્રતાના આધાર ઉપર જ
આત્મદર્શન તથા આત્મમિલનનો પરવાનો મળી શકે છે.
આ પવિત્રતા પ્રાપ્ત કરવાનો સુલભ માર્ગ
અંતરાત્માના સીધા અને સતત સંપર્કમાં રહેવાની કળા છે.
એક પળ માટે પણ તે પરમજ્યોતિનું વિસ્મરણ ન થવા દેવું.
આમ થતાં ચંચળ મન શાંત થઈ જશે.
જેણે મન શાંત કર્યું, તે આનંદના સાગર એવા
પરમાત્માને જરૂર પામી શકશે.
इच्छियरूवणीरहे तुरियं पावे तं दमीसरा |
णमो सव्वसव्वसरिसाणं सव्व अप्पाणं |
अप्पा मंगलं, अप्पालोगुत्तमो, अप्पाणंसरणं पवज्जामि |
- तेरापंथी मुनि मीठालाल (परिशिष्ट-१३)

अहमिक्को खलु सुद्धो, णिम्ममओ णाणदंसणसमग्गो ।
तम्हि ठिओ तच्चित्तो सव्वे एए खयं णेमि ॥
- समयसार गा - ७३

अप्पाणं झायंतो, दंसणणाणमओ अणण्णमओ ।
लहइ अचिरेण अप्पाणमेव, सो कम्मपविमुक्कं ॥१८९॥
आदा खु मज्झ णाणं, आदा मे दंसणं चरित्तं च ।
आदा पच्चक्खाणं, आदा मे संवरो जोगो ॥२७७॥
(પરિશિષ્ટ-૧૪)

દુક્ખક્ખઓ = તમને પ્રણામ કરવા દ્વારા માનસદુઃખ નષ્ટ થશે. શરીર - ઉદ્વેગાદિ સ્વરૂપ બાહ્યદુઃખ ઓછું થાશે.
અહીં 'પ્રણામ'નો અર્થ પ્રણમન કે પ્રકર્ષેણ નમન.

તમારા આત્મામાં અમારા આત્માનું મિલન
પ્રણામ કરવા દ્વારા થાય છે.
તારામાં અમે એવી રીતે ભળી જઈએ કે
'તારું પરમૈશ્વર્ય જાણે મારું જ છે' એમ પ્રતીત થાય.
પરમાત્માનું વચન હૃદયસ્થ થવાથી
પરમાત્મા જ હૃદયસ્થ થાય છે.
'જિનવચન હૃદયસ્થ થવું'
એનું તાત્પર્ય જિનવચનાનુસારી જીવન જીવવું તે છે.

મન - વચન - કાયાદિ જિનાજ્ઞાની આરાધના તે
જિનવચનને હૃદયસ્થ બનાવવાની પ્રક્રિયા છે.
'ધર્મ આજ્ઞાદિ પ્રતિબદ્ધ છે' તેનો અર્થ પણ
સર્વજ્ઞની આજ્ઞાના પાલનમાં ધર્મ છે અને
આજ્ઞાની ઉપેક્ષા તે અધર્મ છે - તેવો થાય છે.
જિનાજ્ઞા - જિનાગમ - સૂત્રાનુસારિતા એ શ્રેષ્ઠ ધર્મ છે.
સૂત્રોલ્લંઘન - અવજ્ઞા - ઉત્સૂત્ર એ નિકૃષ્ટ પાપ છે.
પાપાચરણની જેમ પાપની અવિરતિ - અપેક્ષા એ પાપ છે.
વિરતિ ન કરવાથી પાપની અપેક્ષા ઊભી રહે છે.
વિરતિની પ્રતિજ્ઞાથી જીવ પાપ ન કરવાનું પ્રણ સ્વીકારે છે.
વિરતિમાં પાપની અપેક્ષાનો પણ આંતર ત્યાગ છે.
દુઃખાદિ દૃષ્ટિ ખૂલે છે.
આજની વિકસિત દૃષ્ટિ ભૂતકાલીન દુઃખાનુભૂતિનું ફળ છે.
'વાણીનું મૌન માત્ર મૌન છે' એમ નહિ, કિન્તુ મન-
વચન-કાયાદિ વિષય-કષાયમાં પ્રવૃત્ત ન થવું, તે મૌન
ઉત્કૃષ્ટ મૌન - સર્વપાપોનો ક્ષય કરનાર પરમ ધર્મ છે.
નમો મૌનસ્વરૂપ છે અને સર્વ પાપોનો ક્ષય કરે છે,
તેનું કારણ મન - વચન - કાયાદિ વિષય - કષાયનું
સેવન ન કરવાને નમસ્કારસ્વરૂપ છે, તેથી તે
પરંપરાએ ધર્મસ્વરૂપ બને છે.

o ધનનો અતિલોભ શાહુકારને ચોર બનાવી દે,
શેઠને શઠ અને સાહેબને સેતાન બનાવનાર છે.

o નહિ રમણ કરવા યોગ્ય પરભાવમાં રમણ કરવું,
તે અવિરમણ - અવિરતિરૂપ ચારિત્રમોહનો ઉદય છે.
ઈંદ્રિયોને વર્ણાદિનું ભાન થાય તે અવિરતિ નથી, કિન્તુ
ભાનથી ભળેલા મનોજ્ઞ - અમનોજ્ઞ વિષયોમાં
ઇષ્ટાનિષ્ટપણાની બુદ્ધિથી ઇષ્ટ વિષયોમાં અભિમુખપણું
અને અનિષ્ટ વિષયોથી વિમુખપણું તે મોહનો પરિણામ
હોવાથી વિષય છે. તે જીવને બંધક હોવાથી હેય છે.
ઇષ્ટાનિષ્ટપણે પરિણમતા ભાનને રોકવું,
તે ઇંદ્રિયોનો જય અથવા વિષયોનો ત્યાગ કે વિરતિ છે.
શ્રદ્ધા પરના ગુણોને જુએ, બુદ્ધિ પરના દોષોને શોધે.
બુદ્ધિમાં અહમ્ છે, શ્રદ્ધામાં નમન છે.
અહંમાં અહંકાર છે, નમનમાં વિનય છે.
ફલેચ્છાનો ત્યાગ કરવાથી અનંત સુખ મળે છે.
કર્તાપણાનો અહંકાર છોડવાથી મોક્ષ મળે છે,
પુણ્યતત્ત્વ બંધાય દુઃખપૂર્વક, ભોગવાય સુખપૂર્વક.
પાપતત્ત્વ બંધાય સુખપૂર્વક, ભોગવાય દુઃખપૂર્વક.
વિષયો જેનું ધ્યાન કરનારને બંધન માટે થાય છે,
પરમેષ્ઠિઓ જેનું ધ્યાન કરનારને મુક્તિ માટે થાય છે.

# થોડી મહત્ત્વની વ્યાખ્યાઓ

**શમ** = મનને રોકવું. **દમ** = ઈંદ્રિયોને રોકવા.

**ઉપશમ** = કર્મેન્દ્રિયોનો ત્યાગ.

**તીતિક્ષા** = ક્ષુધા - તૃષાદિ દેહના દ્વન્દ્વોને દમવા.

**સમાધાન** = મન, ઈંદ્રિય અને દેહને ઈશ્વરમાં જોડવા.

**શ્રદ્ધા** = બુદ્ધિને શાસ્ત્રમાં જોડવા અથવા

વિષયો તરફ જતાં મનને રોકવું તે **શમ.**

વિષયો તરફ જતી ઈંદ્રિયોને રોકવા તે **દમ.**

કર્મેન્દ્રિયો ઉપર ત્યાગ તે **ઉપરતિ**, દેહદમન તે **તીતિક્ષા.**

દેવ - ગુરુ - શાસ્ત્ર ઉપર વિશ્વાસ તે **શ્રદ્ધા** અને

ઈશ્વરવિષયક શ્રવણ - મનનાદિ વડે થતી

એકાગ્રતા તે **સમાધાન** અથવા **સમાધિ.**

નિત્યાનિત્ય વિભાગ તે **વિવેક** અને

અનિત્યનો ત્યાગ તે **વૈરાગ.**

**વેદાંત મતે ૧૨ વસ્તુઓ આત્મસાક્ષાત્કારનાં સાધન છે:**

| | | |
|---|---|---|
| (૧) વિવેક | (૫) ઉપરતિ | (૯) મુમુક્ષુતા |
| (૨) વૈરાગ્ય | (૬) તિતિક્ષા | (૧૦) શ્રવણ |
| (૩) શમ | (૭) શ્રદ્ધા | (૧૧) મનન |
| (૪) દમ | (૮) સમાધાન | (૧૨) નિદિધ્યાસન |

મુક્તિનો માર્ગ એટલે...
જડની અસ્પૃહા, ચૈતન્યની સ્પૃહા અને
જડથી વિરક્તિ અને ચૈતન્યની ભક્તિ.

આપણું કર્તવ્ય એટલે...
ચૈતન્યમાં રહેલ જડ અંશની ઉપેક્ષા અને
જડમાં રહેલ ચૈતન્ય અંશનું બહુમાન.

શુદ્ધ ધર્મ એટલે...
વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ
(પરમેષ્ઠિ નમસ્કાર) અને ક્રિયામાં અપ્રમાદ,
દાન, દયા, અહિંસાદિનું પાલન તથા
તે માટે ગુરુકુળવાસનું સેવન.

ગુરુકુળવાસના સેવનથી જીવને અનંતગુણો લાભ થાય, તેથી વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને પાપનાં પ્રાયશ્ચિત્તાદિ સુલભ બને છે. ગુરુકુળવાસનું સેવન અભ્યંતર તપનાં સર્વ પ્રકારોને પુષ્ટ કરનાર થાય છે.

गुरुपारतन्त्र्यं सर्वसंप्राप्तिबीजं, गुरुबहुमानाज्जन्मान्तरे तथाविधपुण्योपादानेन सर्वसद्दर्शनसंभवात्, गुरुपारतन्त्र्यं सर्वसंप्राप्तिबीजं भवति, एवंविधात् गुरुपारतन्त्र्यात् मोक्षः । सकलोऽपि शुभारंभो गुर्वायत्तः ।

- गुरुतत्त्व विनि० उल्लास-१ (પરિશિષ્ટ-૧૫)

<u>દર્શનમોહ એટલે...</u>

જગત્‌ના સામાન્યનો બોધ થયા પછી પણ
તેને અનુકૂળ વૃત્તિ ઘડવામાં મૂંઝવનારી એક મોહ.
તે દર્શનમાં - અસ્તિત્વનો બોધ કરાવવામાં મૂંઝવે છે.
જગનું અસ્તિત્વ ત્રિકાળ - સર્વ ભેદરૂપવ્યાપી છે.
એક અસ્તિત્વ સાદૃશ્ય એકત્વરૂપ છે,
બીજું અસ્તિત્વ સ્વરૂપ એકત્વરૂપ છે.
ક્ષેત્રભેદે અભેદ તે સાદૃશ્ય એકત્વ અને
કાળભેદે અભેદ તે સ્વરૂપ એકત્વરૂપ છે.
સાદૃશ્ય અસ્તિત્વની શ્રદ્ધા અનુકંપાદિ શુભભાવો પ્રેરે છે,
સ્વરૂપએકત્વનો વિશ્વાસ વૈરાગ્યાદિ ઉત્તમ ભાવો જગાડે.
બંનેનો પાયો દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ છે.
મોહનીયના ઉદય - ક્ષયોપશમજન્ય દર્શન એટલે કે
તાત્ત્વિક સામાન્યનો બોધ એક બાજુ ભવનિર્વેદ જગાડી
મોક્ષાભિલાષા પેદા કરે છે અને બીજી બાજુ
અનુકંપા અને દાનાદિ શુભ ભાવોને જગાડે છે.
બંનેના મૂળમાં આસ્તિક્ય છે, ફળમાં પ્રશમ - ઉપશમ છે.

<u>દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમનું ફળ</u>

અનુકંપાદિ વડે ક્રોધાદિનો ઉપશમ અને
ભવનિર્વેદાદિ વડે વિષય - તૃષ્ણાદિનો પ્રશમ.

# સ્વાધ્યાય એટલે...

શાસ્ત્રોનો પાઠ - પરાવર્તન - અધ્યયન - અભ્યાસ અથવા સ્વસ્વરૂપ વિષે અનુસંધાન - આંતરખોજ.

સ્વાધ્યાય વડે મહાત્મા પુરુષોના વચનોનો અને તે દ્વારા મહાપુરુષોનો સંબંધ - સંગ સાધી શકાય છે, તેથી સ્વાધ્યાયને સત્સંગનો પણ એક પ્રકાર કહેલ છે.

મંત્રજાપને પણ એક પ્રકારનો સ્વાધ્યાય કહેલ છે.

બુદ્ધિના પ્રમાણ કરતાં શ્રુતિનું પ્રમાણ ઉંચું છે.

બ્રહ્મનું જ્ઞાન શ્રુતિ દ્વારા જ શક્ય છે.

શ્રુતિ એ પરાવાણીનું સ્વરૂપ છે. શ્રુતિનાં મહાવાક્યોનાં શ્રવણથી બ્રહ્માકારવૃત્તિનો ઉદ્ભવ થાય છે તથા શ્રુતિના શ્રવણ - મનન વિના બ્રહ્મનો સાક્ષાત્કાર અસંભવ છે.

જાગ્રત રહેવાનો એક ઉપાય તે શાસ્ત્રોનો સ્વાધ્યાય કે અભ્યાસ, જેથી પરમની સાથે તાર સંધાય છે. એ તારને તૂટતા અટકાવનાર સ્વાધ્યાયના અભાવે જો તાર તૂટે તો એક ક્ષણમાં અધમની સાથે તાર ગંઠાય છે. વિષયોનો સ્પર્શ થતાં અધ્યાત્મ અળગું પડી જાય છે. સ્વાધ્યાય અધમના સ્પર્શને ટળવા દે છે. સ્વાધ્યાય દ્વારા અનેક ઉત્તમ વિચારોને સ્વસાત્ લાવી શકાય છે.

શ્રી

જેમ રોજ એનો એ ખોરાક, એનું એ જ પાણી અને એનો એ જ શ્વાસ લેવાતો રહે છે, કેમકે જીવન ટકાવવા માટે એ જ અનિવાર્ય છે, તેમ સ્વાધ્યાયનું સમજવું.

0 વિરોધનો માર્ગ વિતંડાવાદનો છે,
નિરોધનો માર્ગ જ્ઞાનની સમજનો છે અને
અનુરોધનો માર્ગ ભક્તિનો છે.
ભક્તિ સહિત ચિત્તવૃત્તિને પ્રભુચરણના
અનુરાગ તરફ દોરીને વિષયાનુરાગાદિ છોડાવે છે.

0 આસક્તિ એ પૃથ્વીનો - પ્રેમ આકાશનો ગુણ છે.
પૃથ્વી એટલે પુદ્ગલ - આકાશ એટલે અરૂપી આત્મા.
આધ્યાત્મિક વિકાસ થાય છે, ત્યારે
આસક્તિ પ્રેમમાં પલટાઈ જાય છે.

0 આત્મા જ ગુરુ છે. નિશ્ચય ગુરુ પોતાનો આત્મા છે.
આત્મા સત્ છે - ત્રિકાળાબાધિત છે, જ્યારે
જગત મિથ્યા છે, સદાપરિવર્તનશીલ છે.
મિથ્યાજગત રૂપી કોડી માટે
સત્રૂપ આત્મા રૂપી રત્નને ગુમાવવું ન જોઈએ.
નિજ શુદ્ધ સહજાત્મ સ્વરૂપ,
એ જ ચિરશાંતિનું શાશ્વત આનંદધામ છે.

'જુઓ અને જાણવા દો' એટલું જ નહિ પણ
જાણને સારી રીતે જાણવામાં મદદ પણ કરો.

તપ સાથે જ્ઞાન અને ધ્યાન પણ જોડાયેલ છે, તેથી
જ્ઞાનથી પોતાના દોષોને જાણી ચારિત્રશુદ્ધિ કરી શકાય
અને ધ્યાનથી કર્મક્ષય કરી આત્મશુદ્ધિ કરી શકાય છે.

શ્રદ્ધા = જ્ઞાન, ભક્તિ = સુદૃષ્ટિ, મુક્તિ = સુફળ.
પહેલાં શ્રદ્ધા કરો. કોની? જે હોય (સત્ય), તેની.
સાચાને પકડે તો હાથ આવે.

શ્રદ્ધા એક બળ છે અને તે પોતાના હાથમાં છે.
શ્રદ્ધા = એકડો. શ્રદ્ધા વિણ ક્રિયા = એકડા વિનાના શૂન્યો.
આત્માના લક્ષણો = જાણવું, દેખવું, સ્થિરતા અનુભવવી.
આત્મા ઉપયોગસ્વરૂપ છે, ઉપયોગ સદા ને નિરંતર છે.
તે ઉપયોગ ઉપર ઉપયોગ રાખવો,
તેનું નામ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર,
તે સિવાય બીજું કાંઈ આત્માનું નહિ.
તે ત્રણના નામ જુદાં પાડ્યાં છે પણ વસ્તુ એક જ છે.
આત્મા સિવાય જોનાર, જાણનાર કે
સ્થિર રહેનાર બીજો કોણ છે?
મરે નહિ, ઘરડો થાય નહિ, તેવો આત્મા જ છે.

આત્મા રાજા છે, બાકી બધા તેની પ્રજા છે.

ચારિત્ર એટલે સ્થિરતા, સમભાવ, બધે ય સિદ્ધ સમાન આત્મા જુએ, આટલું સમજાય તો બધું જ આવી જાય.

કર્મથી છૂટવાનો ઉપાય સમભાવ છે,
સર્વજ્ઞ એક આત્માને જોયો તે છે.

'ઢિંગ ધણી માથે કીયો, કુણ ગંજન નર ખેટ રે.'
એક ધણી કર્યો એટલે બસ.

આત્મા છે તો જગત છે. આત્મા પહેલો હોવાય છે, પછી જગત હોવાય છે. 'રસિકતા' એટલે ભાવ-પ્રેમ. આત્મા ઉપર પ્રેમ થવો એ જ રસિકતા છે. એ પ્રેમ-ભક્તિ નથી થઈ, બાકી બધા થઈ છે, તેથી ભવ ભટકે છે.

આત્માનું માહાત્મ્ય સમજાયું નથી, તેથી
આત્માને જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થતી નથી.

નિશ્ચયનયથી આત્માના સ્વરૂપનો નિશ્ચય થયો નથી, તેથી બધે અનિશ્ચય છે.

આજ્ઞા એટલે આત્મા અને આત્મા એટલે આજ્ઞા.

પાંચ સમવાય કારણ મળે, ત્યારે
કાર્ય નિષ્પત્તિ થાય, તેમાં પુરુષાર્થ શ્રેષ્ઠ છે.

આજ્ઞાની ઉપાસના = પુરુષાર્થ. તે કરતાં આનંદ મળવો.

આકાશને અને પૃથ્વીને જેટલું અંતર છે, છેટું છે,
ભિન્નપણું છે, તેટલું આપણા આત્મા અને શરીરને
છેટું છે, અંતર છે, ભિન્નપણું છે.

<u>મોક્ષગામી મહાનુભાવોએ પોતાના પ્રાણને તજ્યા છે,
પરંતુ સ્વાત્માના ધ્યાનરૂપ મોક્ષના ઉપાયને તજ્યો નથી.
સમ્યગ્દૃષ્ટિ ભવ્યજનને એક આત્મા જ અત્યંત ઉપાદેય છે.
પોતાના આત્માનો નિશ્ચય થવો, તે સમ્યગ્દર્શન છે,
પોતાના આત્માનું જ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે અને
એમાં જ સ્થિર થઈ જવું તે સમ્યક્ચારિત્ર છે.</u>

પાંચ ઇંદ્રિયો અને મનનો સંયમ કરી
<u>અંતર્મુખ અવલોકન કરો તો સાક્ષાત્ આત્મદર્શનરૂપ
અનુભવ થતાં હૃદયમાં અનુભવદીપ પ્રગટ થશે.</u>

Be still and see that I am God.

એક મનને જીતતાં પાંચ જીતાય છે. ૫ ઇંદ્રિયો જીતતાં
૪ કષાય - મન અને ૫ ઇંદ્રિયો મળીને ૧૦ જીતાય છે.
દશેયનો જય થાય તો રાગ-દ્વેષ - અજ્ઞાનનો નાશ થતાં
આત્મા પરમાત્મા બને છે. અભ્યાસ એટલે વારંવાર
આસેવન વડે આસન - પ્રાણ - પવન જીતાય છે,
ચિત્ત સ્થિર થાય છે, ઇંદ્રિયો જીતાય છે,

આત્મસ્વરૂપનું દર્શન થાય છે તથા
ઉત્સાહ - નિશ્ચય - ધૈર્ય - સંતોષથી તત્ત્વનું જ્ઞાન થવાથી
અને જનપદનો ત્યાગ કરવાથી યોગ પણ સિદ્ધ થાય છે.

જીવ કર્મનો કર્તા છે.

(૧) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી
જીવ પુદ્‌ગલ કર્મનો કર્તા છે.
(૨) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી
જીવ ગ્રામ, નગર, ઘટ, પટ આદિનો કર્તા છે.
(૩) અશુદ્ધ નિશ્ચયનયથી જીવ રાગ-દ્વેષાદિનો કર્તા છે.
(૪) શુદ્ધ નિશ્ચયનયથી જીવ જ્ઞાનાદિ ગુણોનો કર્તા છે.
(૫) પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવ અકર્તા છે.

જીવ કર્મફળનો ભોક્તા છે.

(૧) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી વિષયોનો ભોક્તા છે.
(૨) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી
જીવ સુખ - દુઃખનો ભોક્તા છે.
(૩) અશુદ્ધ નિશ્ચયનયથી જીવ હર્ષ - શોકનો ભોક્તા છે.
(૪) શુદ્ધ નિશ્ચયનયથી જીવ જ્ઞાનદર્શનાદિનો ભોક્તા છે.
(૫) પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવ અભોક્તા છે.
યોગથી પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે તથા
કષાયથી સ્થિતિ અને રસબંધ થાય છે.

Sublimation of consciousness માટે સર્વ
પ્રથમ Right relationship with cosmos
અને જગતના સર્વ જીવો સાથેનો સુયોગ્ય સંબંધ-એની
અગત્ય છે. પછી Right relationship with
one's ownself અને પોતાની જાત સાથેના
સુયોગ્ય સંબંધની પણ એટલી જ જરૂર છે.

પછી ગુરુકુળવાસ અને જે
spiritual atmosphereવાળા સ્થાનમાં રહેવું,
સદ્ગુરુની દોરવણી નીચે અને અધ્યાત્મમાર્ગમાં રહેલા
વ્યક્તિઓના સંપર્કમાં રહેવું તે સત્સંગ એટલે જે
Sitting in Spirituality છે. ત્યાર પછી
Right relationship with God head
પંચ પરમેષ્ઠિઓ સાથેનું જોડાણ તે અનુસંધાન છે. To
be in rapport with advanced souls
એટલે જ અનુસંધાન. તે વડે જ enrapport થાય છે,
contact સધાય છે, Tuning થાય છે.
opening થયા પછીનું આ rhythm ચાલુ રહે છે.
યોગના આ બાહ્ય અંગો છે.
માત્ર prilimenatry discipline છે.

સં. ૨૦૨૫, શ્રાવણ સુદી ૨, તા. ૧૫-૮-૧૯૬૯
શિવગંજ, પીપળીવાળી ધર્મશાળા, જૈન ઉપાશ્રય (રાજસ્થાન)

જ્યાં સુધી સુદૃઢ શરીર ન હોય, ત્યાં સુધી યોગસિદ્ધિ અશક્ય ગણવાની. મનથી પણ ન સમજાય, કિન્તુ ફક્ત સમાધિથી મળે અને સમજાય, એવું 'બ્રહ્મ' તત્ત્વ છે. દાન, તપ, શાસ્ત્રાધ્યયન, ઇંદ્રિયદમન અને સદાચાર દ્વારા પારમાર્થિક કલ્યાણ થાય પણ તે મર્યાદાયુક્ત છે. આત્મજ્ઞાનરૂપ આત્યંતિક શ્રેય જ્ઞાન + યોગથી થાય છે. જે મહાત્માઓએ યોગ દ્વારા આત્મજ્ઞાન મેળવ્યું છે, જેના બધા બાહ્ય વિષયો સાંગો મિથ્યાજ્ઞાન નાશ પામ્યું છે, એવા સર્વ કામનાથી મુક્ત પુરુષો ચિદાનન્દરૂપ અને સ્વપ્રકાશ બની જાય છે. એ મહાપુરુષોનું હૃદય બાળ આત્મજ્ઞાન વિનાના પ્રાણીઓને જોઈને પીગળી જાય છે તથા બાળકો પણ સ્વપ્રકાશવાળા બને એવો દૃઢ સંકલ્પ કરે છે.

૦ સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ સ ચેત્ ત્યક્તું ન શક્યતે ।
સ સદ્ભિઃ સહ કર્તવ્યઃ સન્તઃ સંગસ્ય ભેષજમ્ ॥૧॥

અર્થાત્: કોઈનો પણ સંગ ત્યાગ કરવા યોગ્ય જ છે. જો તે શક્ય ન હોય અર્થાત્ કોઈનો પણ સંગ કરવો જ પડે એમ હોય તો સંત પુરુષોનો જ સંગ કરવો.

अनुकूलस्य संकल्पः प्रतिकूलविसर्जनम् ।

<u>સમજૂતિ</u>: અનુકૂળની ઇચ્છા કરવી તથા
પ્રતિકૂળનો ત્યાગ કરવો.

°

## The six fold way of surrendering unto God:

(1) અનુકૂળતાનો સંકલ્પ

Determenation of what is agreeable.

(2) પ્રતિકૂળતાનું વિસર્જન

Giving up of what is not agreeable.

(3) અસહાયતાનું પ્રકરણ

Faith in God that He will help us.

(4) સંરક્ષણનો વિશ્વાસ

Selection of God as our saviour.

(5) સ્વાત્માનું દાન

Surrender of oneself to God.

(6) આત્માનું સમર્પણ

To be always at his mercy.

પ્રભુને શરણે જવાથી સંપૂર્ણ નિશ્ચિંતતા આવે છે.

In the six fold way of
surrendering unto God,
the first is rejection of
all evil qualities.
The second is the aspiration to
Divine qualities,
all kinds of virtues.
From third to sixth,
it is an attitude of surrender,
unconditional and absolute,
complete and perfect.
Surrenderness gives us
inner peace & trust for the world.

o દુર્ગુણો એ પ્રતિકૂળતાનું વિસર્જન છે,
સદ્ગુણાનુમોદના એ અનુકૂળતાનો સંકલ્પ છે.
આરાધ્યતાનું પ્રકટન અને સંરક્ષણનો વિશ્વાસ
એ બે શરણાગમનની પૂર્વ તૈયારી છે.
સન્માનના દાનપૂર્વક આત્મનિવેદન -
આત્માનું સંપૂર્ણ સમર્પણ એ શરણાગતિની પૂર્ણતા છે.

स्वकृतं दुष्कृतं गर्हन् सुकृतं चाऽनुमोदयन् ।
नाथ! त्वच्चरणौ यामि शरणं शरणोज्झितः ॥१॥

અર્થ: હે નાથ ! કરેલાં દુષ્કૃતની ગર્હા કરતો અને કરેલાં સુકૃતની અનુમોદના કરતો, અન્યના શરણારહિત એવો હું આપનાં ચરણોના શરણને અંગીકાર કરું છું. આપનું સ્મરણ એ પણ મારે માટે પરમ શરણરૂપ છે.

० मैत्र्यस्तु तेषु सर्वेषु । मैत्री हितबुद्धिरस्तु ।
न च मम त्वदंघ्रिशरणास्थस्य, प्रतिपन्नत्वच्चरण शरणस्य किं च स्वल्पमात्रमपि दैन्यं - दीनता, प्रत्युत आत्मारामस्य परमं स्वातन्त्र्यसुखमेव ।

સમગ્ર વિશ્વ એ ત્રિગુણની રમત છે અથવા માત્ર કર્મનો પ્રપંચ-વિસ્તાર છે, એમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક નિરર્થક છે.

આત્મારામતાનું સ્વાધીન પરમ સુખ અનુભવવું એ જ કર્તવ્ય છે.

આનાપાનના પ્રયોગથી દ્રવ્ય - ભાવમળ બહાર ફેંકાતા શરીર અને મનની સ્વસ્થતા જળવાઈ રહે છે.

० પ્રકાશ શિવતત્ત્વ છે, વિમર્શ શક્તિતત્ત્વ છે.
પહેલી સૂક્ષ્માવસ્થા વિમર્શરૂપ છે, તેથી શક્તિસ્વરૂપ છે.
વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાનરૂપ છે.

પદ જ્યારે સ્થૂળ અવસ્થા છોડી સૂક્ષ્મ અવસ્થાને પામે,
ત્યારે તે જ દૈવતાસ્વરૂપ બની જાય છે.
અરિહંતોની શક્તિ તે આર્હન્ત્ય.
તે શક્તિ સમતારૂપ છે અને
સમતા - સામ્ય એ જ અરિહંતોની આજ્ઞા છે.

સમતાનું સ્વરૂપ એટલે...

ભેદભાવનો નાશ અને અભેદભાવની ઉત્પત્તિ.
ભેદભાવમાંથી હિંસા - ક્રોધાદિ આસ્રવો, અભેદભાવમાંથી
અહિંસાદિ અને ક્ષમાદિ સંવર ભાવો ઉત્પન્ન થાય.
'આસ્રવો સર્વથા હેય અને સંવર માત્ર ઉપાદેય છે'
એવી અરિહંતોની આજ્ઞાનું બીજ સામ્યભાવ છે.
પ્રભુઆજ્ઞાનું સ્વરૂપ એક જ શબ્દમાં કહેવું હોય, તો
તે 'સામ્ય' છે, સામ્યવૃદ્ધિ યા સમત્વભાવની પ્રાપ્તિ છે.
એ સામ્યભાવ જ સકળ અરિહંતોનું પ્રતિષ્ઠાન, મોક્ષ-
લક્ષ્મીનું નિવાસસ્થાન અને સ્વર્ગ-મર્ત્ય-પાતાળરૂપ
ત્રિભુવનનું સ્વામિત્વ અપાવનાર સારતત્ત્વ છે.
વિશ્વની વ્યવસ્થા સામ્યભાવના આધારે છે.
વિશ્વમાં દેખાતી અવ્યવસ્થા સામ્યભાવનાં ભંગનું ફળ છે.
આર્હન્ત્ય યા સામ્યભાવ વિશ્વવત્સલ છે.

અરિહંતોની ભક્તિ એ સમ્યગ્દર્શનને વિકસાવે છે.
એ સમ્યગ્દર્શન સાધુમાં જ્ઞાનમાર્ગને સહાયરૂપે,
ઉપાધ્યાયમાં સૂત્રપ્રદાન રૂપે, આચાર્યમાં આચારપ્રદાન રૂપે,
સિદ્ધોમાં પ્રકૃતિની પ્રાપ્તિ રૂપે
અને અરિહંતોમાં એ બધાના મૂળરૂપે પ્રગટપણે દેખાય છે.

○ નૈગમ, સંગ્રહ અને વ્યવહારનયની વિચારણા શ્રુત સામાયિકરૂપ છે. ઋજુસૂત્રનયની વિચારણા સમકીત સામાયિકરૂપ છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયની વિચારણા અનુક્રમે દેશવિરતિ, સર્વવિરતિ સામાયિકરૂપ છે, તેના ફળસ્વરૂપ કેવળજ્ઞાન - પરમ નિર્વાણની પ્રાપ્તિ છે.

સામાયિક સર્વમાં અનુસ્યૂત છે.
ધર્મમાત્રનું મૂળ સમતાભાવમાં છે અને
એ સમતાભાવની જે ભિન્ન - ભિન્ન ભૂમિકાઓ છે,
તેને જુદા જુદા નયો જુદી જુદી રીતે વર્ણવે છે.
અરિહંતોનો ઉપદેશ સાતે નયોથી યુક્ત
સામાયિક ધર્મ અને તેનું આચરણ છે.
સમ્યક્ વિશુદ્ધ વિચાર બે પ્રકારનું છે:
'પર્યાયોની વિવિધતામાં દ્રવ્ય એક જ છે'
આ સત્યનું વિસ્મરણ થવું એ પહેલું વિચાર અને

બીજું વૈષમ્ય છે:

વ્યક્તિઓના ભેદમાં જાતિની એકતાને ભૂલી જવી તે.
આ વૈષમ્યનું મૂળ વિજાતીય દ્રવ્યનો સંબંધ છે.
એ સંબંધ જેમ જેમ ઘટતો જાય છે,
તેમ તેમ સામ્ય પ્રગટતું જાય છે.
એ સંબંધ ઘટાડવાનો ઉપાય પ્રથમ વ્યવહારની શુદ્ધિ
અને પછી નિશ્ચયની ભાવના છે.
શુદ્ધ નિશ્ચયને હૃદયમાં ધારણ કરીને
જે શુભ વ્યવહારમાં પ્રવર્તે છે અથવા
શુભ વ્યવહારમાં રહીને નિશ્ચયને ભાવે છે,
તેના રાગ-દ્વેષ ઓછા થઈને વીતરાગભાવ અર્થાત્
પરમ સામ્યભાવને પ્રાપ્ત કરે છે.
સામાયિકભાવથી પરિણત આત્મા એજ સામાયિક છે.
આ લક્ષણમાં દ્રવ્ય-પર્યાય ઉભયનો સમાવેશ થાય છે.
આત્મા એ દ્રવ્ય - સામાયિકભાવપરિણતિ એ પર્યાય છે,
તેથી સામાયિકભાવની પરિણતિવાળો આત્મા = સામાયિક.
એ સામાયિકનું સિદ્ધાંતસિદ્ધ પૂર્ણ લક્ષણ છે.

त्यक्तार्तरौद्रध्यानस्य त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्तं समतां याति विदुः सामायिकं व्रतम् ॥१॥

અહિત મનથી આર્તરૌદ્રનો તથા કાયાથી સાવદ્ય વ્યાપારોનો
બે ઘડી માટે ત્યાગ એ સામાયિક વ્રત છે.
તેમાં સમતા ભાવનો અનુભવ થાય છે.

**નમસ્કાર મંત્ર - મોહને જીતવાનો મંત્ર**

કર્મકૃત ભાવોમાં અહંત્વ - મમત્વ બુદ્ધિ છૂટી કેવળ
આત્મા અને તેના ગુણોમાં અહંત્વ - મમત્વ બુદ્ધિ
ઉત્પન્ન કરવાનું કાર્ય જે મંત્રથી થાય,
તે મંત્ર મોહને જીતવાનો મંત્ર છે.
નમસ્કાર મહામંત્ર જીવને વ્યક્તિભાવમાંથી છોડાવી
સમષ્ટિભાવમાં લઈ જાય છે અને
સમષ્ટિભાવ પરમેષ્ઠિભાવનું કારણ બને છે.
પરમેષ્ઠિભાવ સર્વ પ્રત્યે સમાન કરૂણાભાવ ધરાવે છે.
ધર્મનું મૂળ કરૂણા છે.
સિદ્ધ ભગવંતોના અનંત ચતુષ્ટયના મૂળમાં કરૂણા રહેલી છે.
તે સર્વ ગુણોમાં વ્યાપ્ત છે, તેથી તેને જુદી ગણાવી નથી.
મંત્ર જ્યાં સુધી સવિકલ્પ છે, ત્યાં સુધી શબ્દબ્રહ્મ છે.
તે નિર્વિકલ્પ થાય, ત્યારે પરબ્રહ્મ સ્વરૂપ બને છે.
સમતાભાવ ધારણ કરનાર જીવ
મહાકર્તા, મહાભોક્તા અને મહાત્યાગી છે.

પ્રાપ્ત કર્તવ્યોને નિષ્કામ ભાવે કરે તે મહાકર્તા.

સર્વ અવસ્થાઓમાં પ્રસન્ન તથા પ્રશાંત રહે તે મહાભોક્તા.

મન, બુદ્ધિ, શરીર અને ઇંદ્રિયોમાં
આભાસજન્ય અધ્યાસનો જેણે ત્યાગ કર્યો તે મહાત્યાગી છે.

'ભજન'નો અર્થ બુદ્ધિનો નિષેધ
કરવો જ નહિ કિન્તુ આત્માનો અનુભવ છે.
કારણોનું કારણ એવા આત્માને સાક્ષાત્ બુદ્ધિ
વિના કાર્યોને કેવી રીતે ઓળખી શકાય? સોનાની કિંમત
બુદ્ધિ વિના દાગીનાનું મૂલ્ય કેવી રીતે આંકી શકાય?

'અનુગ્રહ' શબ્દના 3 અર્થ

(૧) ભગવાનનું અચિન્ત્ય સામર્થ્ય અહર્નિશ
grace through gratitude & praise.

(૨) પ્રભુનો સિદ્ધ સંકલ્પ: 'સર્વને સમાધિલાભ થાઓ'
security through surrender & oneness.

(3) ભગવાનનું અનુગ્રહકારક સહજ સ્વરૂપ અહર્નિશ
mercy through forgiveness & love.

૦ પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ એ ભાવપક્ષ છે.
અપ્પાણં વોસિરામિ એ ક્રિયાપક્ષ છે.
પ્રતિક્રમામિ એ પાપના રેચ - જુલાબરૂપ છે.

નિંદામિ - ગરિહામિ એ અપથ્યના ત્યાગરૂપ છે.
અપ્પાણં વોસિરામિ એ રસાયણના સેવનરૂપ છે.
પ્રતિક્રમામિથી સ્પૃષ્ટ કર્મબંધનો ક્ષય થાય છે.
નિંદામિથી બદ્ધ કર્મ જાય છે.
ગરિહામિથી નિધત્ત કર્મ જાય છે.
અપ્પાણં વોસિરામિથી નિકાચિત કર્મનો પણ ક્ષય થાય છે.

ચાર પ્રકારના કર્મબંધના હેતુ

સ્પૃષ્ટબંધનો હેતુ અનિચ્છાએ વિષયનો સંબંધ.
બદ્ધબંધનો હેતુ ઈચ્છા છતાં વિષયનો અસંબંધ.
નિધત્તબંધનો હેતુ વિષયનો સંબંધ અને સાથે ઈચ્છા.
નિકાચિતબંધનો હેતુ તીવ્ર ઈચ્છા સાથે વિષયનો સંબંધ.
એ રીતે બંધનું સ્વરૂપ અને
પ્રતિપક્ષી કર્મક્ષયના ઉપાયનું સ્વરૂપ જાણવું જરૂરી છે.
કર્મક્ષય એ ઉદ્દેશ છે, સામાયિકની ક્રિયા તે ઉપાય છે.
o બુદ્ધિનો નાશ એ નાશ છે, કારણકે
શરીરનો નાશ એનો નાશ સ્વભાવથી જ છે અને
આત્માનો તો નાશ થતો જ નથી.
અભાનના બે પ્રકાર: (૧) આત્માનું અભાન
(૨) 'મારામાં એ અભાન છે' એવું ભાન ન હોવું તે.

'હું સામાન્ય વર્ગમાં સામેલ છું'

એ વાતને નકારવા તે સામાન્યપણ છે.

આને જ આજે બાળ શબ્દોમાં લખેલ 'વિદ્વત્તા' કહે છે.

દ્રવ્યવિધ વસ્તુ ધ્રુવ છે માટે શોક કરવાની જરૂર નથી.

પરવિધ વસ્તુ અધ્રુવ છે માટે હર્ષ કરવાની જરૂર નથી.

હર્ષ-શોક, રાગ-દ્વેષ જીવના શત્રુ છે,

તેનો વિલય કરવા માટે ભગવાને એક જ સૂત્ર આપ્યું છે:

'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ ।'

ઉત્પાદનો વિચાર શોકને હરે છે,

વ્યયનો વિચાર હર્ષનું નિવારણ કરે છે અને

ધ્રૌવ્યનો વિચાર મધ્યસ્થભાવને પોષે છે.

0 વૃત્ત્યારૂઢ ચૈતન્ય કાર્ય કરે છે.

ચૈતન્ય સ્વાભાવ્યે અકાર્યકારી છે.

ઉપયોગયુક્ત મનનું ચૈતન્ય શુભાશુભ આસ્રવરૂપ છે.

બંધ કે નિર્જરામાં કેવળ ચૈતન્ય કારણભૂત નથી.

વૃત્તિમાં આરૂઢ ચૈતન્ય પણ બે પ્રકારનું છે:

એક સંસારનું કારણ છે, બીજું મોક્ષનું કારણ છે,

અહમાત્મા બ્રહ્મ । અહં બ્રહ્માસ્મિ ।

ઇત્યાદ્યાકારક ચૈતન્ય પરબ્રહ્મનું કારણ છે.

## શ્રી નવકાર મંત્રનો છંદ

પંચપરમેષ્ઠિ જાણ નવ પંચએ, પંચ દાન ચારિત્ર,
પંચ સજ્ઝાય મહાવ્રત પંચએ, પંચ સમિતિ સમકિત;
પંચ પ્રમાદ વિષય તજો પંચએ, પાળો પંચાચાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર. (૧)
નિત્ય જપીએ નવકાર, સાર સંપતિ સુખદાયક,
સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક;
શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે,
શ્રી ઉવજ્ઝાય - સુસાધુ, પંચપરમેષ્ઠિ થુણીજે;
નવકાર સાર સંસાર છે, કુશળ લાભવાચક કહે,
એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વાંછિત લહે.

## તુલસીના દોહા

પ્રભુ તારું સબ કોઈ ચહે, પ્રભુ કું ચહે ન કોય;
જો તુલસી પ્રભુ કું ચહે, આપહિ પ્રભુતા હોય. (૧)
પવન પાણી સસ્તાં કિયા, સસ્તા કિયા અનાજ;
તુલસી તબ મૈં જાનીઓ, હરિ હૈ ગરીબ નવાજ. (૨)
તુલસી વિલંબ ન કીજીએ, લે તું હરિ કા નામ;
મનુષ્ય મજુરી દેત હૈ, ક્યું રખેગો રામ? (3)
તુલસી જગ મેં આય કે, કર લીજે દો કામ;
દેનેકું ટુકડા ભલા, લેનેકું હરિ નામ. (૪)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૮)**
ઉત્પત્તિ અને વિનાશના અભાવથી અનાદિ-અનંત છે. અકારાદિ અક્ષરના નિમિત્તે અક્ષરસ્વરૂપ છે. આ વાચકસ્વરૂપ છે. અર્થભાવના વડે વાચ્યસ્વરૂપ કહેવાયું છે. પ્રક્રિયા એ ભેદો છે, શબ્દબ્રહ્મ એ નામ કહેલું છે. - સ્યાદ્વાદ રત્નાકર

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૫૧)**
આલોક, ઉપલંભ અને મુનિપણે સાધેલો હોવાથી રત્નત્રયમય પ્રણવ કે ૐકારનું સર્વ સિદ્ધિ માટે ધ્યાન કરવું જોઈએ અથવા ૐની અંદર જે પ્રાણ શબ્દ છે, તેમાંથી આ શબ્દબ્રહ્મ ઉત્પન્ન થાય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૮૪)**
પોતાથી નીચેના વ્યક્તિને જોતાં કયા પુરૂષનો મહિમા કે અભિમાન પુષ્ટ ન થાય? અને ઉપર ઉપર અર્થાત્ અધિક ગુણવાનને જોતાં પોતાની બધી ગરિબાઈ દેખાય છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૮૬)**
નાડી અને પવનના સંયોગના જ્ઞાનથી રહિત હોય, તે ઘણી મહેનત કરે તો પણ યોગ સાધવા માટે સમર્થ થતો નથી.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૨૫)**
જ્ઞાનથી પરમગતિ મોક્ષ પ્રાપ્ત થાય છે. જ્ઞાન સમ આ જગતમાં પવિત્ર કાંઈ નથી.
મંત્ર ચૈતન્યને જાણનાર હોય તે બ્રહ્મા વડે 'ગુરુ' કહેવાયા છે.
'મંત્રવીર્યને પ્રકાશક તે ગુરુ મારા જેવા છે' એમ કહ્યું છે.
'ચિતિ' એટલે વિશ્વસિદ્ધિનું સ્વતંત્ર કારણ.
ગુરુની યોગ્યતાને જાણનાર છે, તેથી તું ગુરુનો પણ ગુરુ છે.

સત્ય અને અસત્યનો નિશ્ચય કરનાર છે, તેથી તું સત્યથી પણ સત્ય છે.
ઈશ્વરના અસ્તિત્વનો નિર્ણય કરનાર છે, તેથી તું સ્વયં પરમેશ્વર છે.

## પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૩૬)

અમારા જેવા પ્રમાદગ્રસ્ત અને ચરણ-કરણથી રહિત જીવોને સમુદ્રમાં નૌકાની જેમ પ્રવચનનો રાગ એ શુભ ઉપાય છે. - ન્યાયાલોક ગ્રંથ - શ્રી યશોવિજય મ.

અમે રાગમાત્રથી પોતાના આગમનો આશ્રય કરતા નથી અને દ્વેષમાત્રથી બીજાના આગમનો ત્યાગ કરતા નથી, પરંતુ મધ્યસ્થ દ્રષ્ટિ વડે વિચાર કરીએ છીએ.

- જ્ઞાનસાર, અષ્ટક ૧૬

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૪૦)

જેવી રીતે રોગથી પીડાતા વ્યક્તિને રોગ દૂર થવાથી સ્વસ્થતા પ્રાપ્ત થાય, તેવી રીતે દુઃખી આત્માને દ્વૈતભાવ રૂપી પ્રપંચ ઉપશાંત થવાથી સ્વસ્થતા પ્રાપ્ત થાય એટલે અદ્વૈતભાવનું પ્રયોજન છે અર્થાત્ અદ્વૈતભાવ કેળવવાનો છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૪૧)

અંતઃપ્રજ્ઞ નથી, બહિષ્પ્રજ્ઞ નથી, પ્રજ્ઞાનઘન નથી, પ્રજ્ઞ નથી, અપ્રજ્ઞ નથી, અદષ્ટ, અવ્યવહાર્ય-અગ્રાહ્ય-અલક્ષણ-અચિન્ત્ય-અવ્યપદેશ્ય, એક આત્મના પ્રત્યયવાળો, પ્રપંચ શાંત થયેલો, શાંત-શિવ-અદ્વૈત, તે આત્મા ચતુર્થ કે તુરીય અવસ્થા પામેલો મનાય છે, તે જાણવા યોગ્ય છે.

સર્વ દુઃખોની નિવૃત્તિ થવાથી આત્મા પ્રભુ કે અવ્યય કહેવાય છે. સર્વ પદાર્થોમાં અદ્વૈત પ્રાપ્ત થવાથી આત્મા તુર્ય વિભુ કહેવાય છે.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૪૪)

પ્રણિધાન રૂપી ભક્તિવિશેષથી આવર્જિત થયેલા ઈશ્વર તેની ઉપર કૃપા કરે છે. ધ્યાનમાત્ર વડે યોગીઓને સમાધિલાભ રૂપી ફળ અત્યંત નજીક પ્રાપ્ત થાય છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૫૦)

પુરૂષનું આભરણ રૂપ છે, રૂપનું આભરણ ગુણ છે, ગુણનું આભરણ જ્ઞાન છે, જ્ઞાનનું આભરણ ક્ષમા છે. (૧)

અશક્ત જીવોનું બળ ક્ષમા છે, શક્તિશાળીઓનું ભૂષણ ક્ષમા છે. લોકમાં વશીકરણ કરનાર ક્ષમા છે. ક્ષમા વડે શું સિદ્ધ ન થાય? (૨)

### પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૫૧)

પરસ્પર ઉપકાર કરવો તે જીવનું લક્ષણ છે. ઋત એટલે સત્ય. ગુણ-પર્યાયવાળું હોય તે દ્રવ્ય કહેવાય. જેમ જીવનું લક્ષણ ઉપયોગ છે, (એવી જ રીતે) ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવ આ ત્રણ ગુણયુકત હોય તે સત્.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૭૭)

ગોવાળની જેમ દેવો દાંડો લઈને રક્ષણ કરતા નથી. જેની રક્ષા કરવા ઈચ્છે છે, તેને બુદ્ધિ સાથે જોડે છે અર્થાત્ સમજણ આપે છે.

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૮૯)

દમીશ્વરો કે યોગી પુરૂષો ઈચ્છિત અને મનોરથ કરેલ વસ્તુને તુરંત પ્રાપ્ત કરે છે. સર્વ પ્રકારે સ્વરૂપસદશ સર્વ આત્માઓને નમસ્કાર હો. આત્મા જ મંગલ છે. આત્મા લોકોત્તમ છે, આત્માનું શરણ સ્વીકારૂં છું. - (તેરાપંથી) મુનિ મીઠાલાલ

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૯૦)

હું એક જ ખરેખર શુદ્ધ, નિર્મમ, જ્ઞાન-દર્શનથી યુકત છું. તત્ ચિત્ત થયેલો, તેમાં જ રહેલો હું આ સર્વને (કર્મોને) ક્ષય પમાડું છું. - સમયસાર, ગાથા ૭૩

દર્શન-જ્ઞાનમય આત્માનું અનન્ય મનથી ધ્યાન કરતો તે કર્મથી મુકત થયેલા પોતાના આત્માને જ જલ્દીથી મેળવે છે. (૧૮૯) તથા ગાથા (૨૭૭) પ્રમાણેઃ

આદા = આયા = મારો આત્મા જ ખરેખર જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. મારો આત્મા જ પચ્ચક્ખાણ કે આશ્રવ - રોધ અને મારો આત્મા જ સંવરનો યોગ છે.

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૯૪)

ગુરૂ સમર્પણ એ સર્વજ્ઞ ભગવાનને મેળવવાનું બીજ કે કારણ છે. ગુરૂ બહુમાનથી જન્માંતરમાં તેવા પ્રકારનું પુણ્ય મેળવવાથી સર્વજ્ઞનું દર્શન સંભવે છે. માટે ગુરૂ સમર્પણ સર્વજ્ઞ પ્રાપ્તિનું બીજ થાય છે. આવા પ્રકારના ગુરૂ સમર્પણથી મોક્ષ થાય છે. સકલ શુભારંભ ગુરૂભગવંતને આધીન છે. - ગુરૂતત્ત્વ વિનિશ્ચય, ઉલ્લાસ ૧




ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૯ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## શ્રી પંચપરમેષ્ઠિભગવંતોના પાંચ વર્ણો




<u>શ્વેતવર્ણ</u> : સત્ત્વગુણ ઉપરનો વિજય સૂચવે છે.
<u>રક્તવર્ણ</u> : રજોગુણ ઉપરનો વિજય સૂચવે છે.
<u>પીતવર્ણ</u> : રજોગુણ અને સત્ત્વગુણના મિશ્રણરૂપ છે.
<u>હરિતવર્ણ</u> : તમોગુણ અને સત્ત્વગુણના મિશ્રણરૂપ છે.
<u>શ્યામવર્ણ</u> : તમોગુણ સૂચવે છે.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in